શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

# એકાદશી મહાત્મ્ય કથા

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી

-: છપાવી પ્રસિદ્ધ કર્તા :-
મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી
શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ - કચ્છ.

-: સંપાદક તથા સંશોધક :-
પાર્ષદ માવજી ભગત
શ્રીસ્વામિનારાયણ મંદિર - ભુજ.

| | | |
|---|---|---|
| સંવત્ ૨૦૭૦ | પ્રત :- ૩૦૦૦ | સં. ૧૬, ઑક્ટૅબર |
| શરદ પૂનમ | કિંમત રૂા. ૧૫ | ૨૦૧૫ |
| | પ્રથમ આવૃત્તિ | રવિવંર |



-: પ્રાપ્તિ સ્થાન :-
શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ - કચ્છ.
શ્રીસ્વામિનારાયણ રોડ, પીન ૩૭૦૦૦૧.
ફોન :- (૦૨૮૩૨) ૨૫૦૨૩૧, ૨૫૦૩૩૧
ફેક્સ :- (૦૨૮૩૨) ૨૫૦૧૩૧.

-: કાપોઝ સેટીંગ :-
શ્રીનરનારાયણ દેવ કોમ્પ્યુટર
શ્રીસ્વામિનારાયણ મંદિર - ભુજ

-: મુદ્રક :-
શ્રીનરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસ
શ્રીસ્વામિનારાયણ મંદિર - ભુજ

## -: પ્રસ્તાવના :-

આજના ટી.વી. કલ્ચરના યુગમાં જ્યારે મર્યાદાઓનો લોપ થતો જાય છે, ભારતીય સંસ્કારો અને ભારતીય પરંપરાઓને ભારતના જ યુવાનો વિસરી રહ્યા છે, યુવાધન ચમક દમકના ભૌતિક સુખની ભ્રમણાની ભીંસમાં સપડાતું જાય છે, તેવા સમયમાં પણ આપણા સંપ્રદાયના લોકોમાં અને તેમાંય ખાસ કરીને યુવા પેઢી અને બાળવૃંદમાં ધર્મ પ્રતિ અભિરુચિ કેળવાતી જાય છે. ધાર્મિક પ્રસંગો અને ધાર્મિક બાબતો પ્રતિ આકર્ષણ સહિતની ઈંતેજારી વધતી જાય છે. અને ધર્મ પરાયણતા દૃષ્ટિ ગોચર થાય છે. તે અતિ આનંદની વાત છે. આપણા સંપ્રદાયના લોકો સંસ્કારી તો હોય જ પણ પરિસ્થિતિને આધિન પ્રવર્તમાન સમયની કેટલીક અવળી અસરના કારણે એ સંસ્કારો પર દુરાચારના મલીન થર જામી ગયા હતા અને સંસ્કારો સુષુપ્ત હતા ! પરંતુ ધીરે ધીરે લોહીમાં રહેલા સદ્‌ગુણોના સળવળાટના પરિણામે ચેતના આવી. અને સંસ્કારો જાણે આળસ મરડીને સંપૂર્ણપણે જાગૃત થતા જાય છે. આવા જન્મજાત સંસ્કારી હરિભક્તોને પણ એક વાત સતત મુંઝવતી હોય તેવી અનુભૂતિ થવા લાગી હતી કે આપણા સંપ્રદાયમાં એકાદશીનું ખૂબ મહાત્મ્ય છે, પરંતુ આ વ્રત કેવી રીતે કરવું ? આ વ્રતમાં કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી ? આ વ્રત કરવાથી કેવાં ફળની પ્રાપ્તિ થાય છે ? આ વ્રતમાં કઈ કઈ બાબતોનો નિષેધ છે ? વિગેરે અનેક પ્રશ્નો હરિભક્તોને મુંઝવી રહ્યા છે. જેના ઉકેલ માટે આપણા સંપ્રદાયમાં સંપૂર્ણ માહિતીસભર ગ્રંથ ઉપલબ્ધ નહોતો, તેથી ભગવાન શ્રીસ્વામિનારાયણની પ્રેરણાથી અને રૂડા આશીર્વાદથી આ ગ્રંથની રચના ''વ્રતરાજ'' ગ્રંથના આધારે કરી છે. શિક્ષાપત્રીમાં જણાવ્યાનુસાર એકાદશીનાં વ્રત ઉપરાંત રામનવમી, નૃસિંહ જયંતી,



જન્માષ્ટમી, વામન જયંતી અને શિવરાત્રીનાં વ્રતો વિષે પણ આ ગ્રંથમાં જણાવ્યું છે.

ચોર્યાસી લાખ યોનિમાં માનવ અવતાર અતિ પૂણ્યશાળીને જ પ્રાપ્ત થાય છે. જ્યારે આપણા પરમ સૌભાગ્યે મનુષ્ય અવતાર પ્રાપ્ત થયો છે ત્યારે આલોક અને પરલોકમાં સુખી થવાય તેમજ નરકની યાતનાઓ ભોગવવી ન પડે તે માટે સત્સંગમાં જાગૃત રહી શ્રીજીનું સામીપ્ય મેળવવા ધર્મ પાલનમાં પીછે હઠ ન થઈ જાય તે જોવાનું રહે છે.

સનાતન વૈદિક ધર્મમાં એકાદશીનું વ્રત માન્ય થયેલું છે. તમામ વ્રતોનો મહિમા કહેવાયો છે. તેમાંય શાસ્ત્રકારોએ એકાદશી વ્રતનો અપરંપાર મહિમા ગાયો છે. આ વ્રત કરવાથી ચારે પુરુષાર્થની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. આ ગ્રંથમાં દૃષ્ટાંતો સહિત વ્રતનો મહિમા બતાવ્યો છે. અને વ્રત કરનારને કેવા પ્રકારની પ્રાપ્તિ થાય છે તેનું પણ વર્ણન છે.

કેટલીક આવશ્યક માહિતી સાથે બાર માસની ચોવીશ એકાદશી અને અધિક માસની બે એકાદશી મળી કુલ છવીશ એકાદશીનાં આખ્યાનો આપવામાં આવેલ છે. ઉપરાંત એકાદશી અંગેની કેટલીક ઉપયોગી માહિતી પણ આપેલ છે. તેમજ ચાતુર્માસનાં વ્રત, નિયમ તેમજ તુલસી વિવાહ અંગેની માહિતીનો પણ આ ગ્રંથમાં સમાવેશ કરેલ છે. આબાલવૃદ્ધ સૌને રસ જળવાઇ રહે તેમજ સમજવામાં સુગમતા રહે તે હેતુથી અત્યંત સાદી અને સરળ ભાષામાં સંસ્કૃત શ્લોકનું ભાષાંતર એવી રીતે કરવામાં આવ્યું છે કે મૂળ બાબત જળવાઇ રહે અને સત્સંગી મુમુક્ષુઓને સાચું પથદર્શન થાય.

સત્સંગની પ્રણાલિકા અનુસાર ''વ્રતરાજ'' મૂળગ્રંથના અનુવાદથી થોડો ફેરફાર અને સુધારા સાથે પુનરોક્તિ દોષ ટાળીને સાંપ્રત સમાજમાં લોકભોગ્ય બની રહે, સુરુચિભંગ ન થાય તેમજ મૂળ ગ્રંથની સત્યતા અને કથનની અભિવૃત્તિ જળવાઇ રહે તે માટેનો

નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. તેમજ તેના ફળ તરીકે ભગવાન સાથેનો મોક્ષમૂલક સંબંધ પ્રતિદિન જળવાતો રહે અને ઇષ્ટદેવના મહિમા સાથેનો સકામભાવ, આસ્તિકજનો ધર્મમાર્ગે વળે એવો શુભ હેતુ શાસ્ત્રકારોનો હોય છે. શ્રીજીમહારાજે મોક્ષના સાધનરૂપ ખાસ કરીને એકાદશીનું વ્રત સત્સંગ સમાજ સહિત તમામ વૈષ્ણવોને બતાવ્યું છે. માટે આ જ હેતુ સર્વે સત્સંગ સમાજે લક્ષમાં રાખવો એ ઉત્તમ છે.

અલ્પ માનસ ધરાવતા સંકુચિત મનોવૃત્તિવાળા રૂઢીચૂસ્તોને કદાચ આ ગ્રંથ રુચિકર નહીં લાગે પરંતુ જે કાર્ય બહુવિધ સમાજ માટે શ્રેયસ્કર હોય તેમાં રૂઢી આડે આવે તો તેનું ઉલ્લંઘન અનિવાર્ય છે. આપણા સંપ્રદાયે લોકકલ્યાણ સાથે શ્રીજીના સામીપ્યને પ્રાધાન્ય આપ્યું છે. તેથી જ આવી યશસ્વી કીર્તિ પ્રાપ્ત થઇ છે.

બહુજનહિતાય ધાર્મિક સાહિત્યના સર્જન અને પ્રકાશનમાં શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજનો અનન્ય ફાળો છે. આવા પ્રકાશનોની પવિત્ર માળામાં 'એકાદશી મહાત્મ્ય' નામના આ ગ્રંથના પ્રકાશન સાથે એક અમૂલ્ય મોતી પરોવાય છે. નવીનીકરણ સાથે દાતાઓના સૌજન્યથી પ્રથમ વખત પ્રકાશિત થતાં આ પુસ્કતને ભગવાન શ્રીનરનારાયણદેવના ચરણકમલમાં અર્પણ કરતાં હર્ષોલ્લાસની અનુભૂતિ થાય છે.

ચીવટપૂર્વક પ્રકાશન કાર્ય હાથ ધરવા છતાં મુદ્રણદોષ, મતિદોષ કે અન્ય કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો વિશાળ હૃદયથી ક્ષમ્ય ગણવા વિનંતિ છે અને આપના ઉષ્માસભર સહકારની અપેક્ષા છે.

આ ગ્રંથ તૈયાર કરવામાં નીચે પ્રમાણે સંદર્ભ લેવામાં આવ્યો છે. વ્રતરાજ ગ્રંથ દ્વિતીય ખંડ (શ્રી દેવદત્ત વિશ્વનાથ શર્મા વિરચિત)

લી. મહંત પુરાણી સ્વામી ભુજ-કચ્છ.



## -: અનુક્રમણિકા :-


| | | |
|---|---|---|
| ૧ | એકાદશીની ઉત્પત્તિ કથા. | ૮ |
| ૨ | એકાદશીનો સમય કઇ રીતે નક્કી કરવો. | ૨૧ |
| ૩ | એકાદશીના વ્રતનો નિર્ણય અથવા વ્રત વિધિ. | ૨૧ |
| ૪ | એકાદશી ફળ પ્રાપ્તિ કથન. | ૨૨ |
| ૫ | કાર્તિક સુદી પ્રબોધિની એકાદશી. | ૨૩ |
| ૬ | કાર્તિક વદી ઉત્પત્તિ એકાદશી. | ૨૬ |
| ૭ | માગસર સુદી મોક્ષદા એકાદશી. | ૨૯ |
| ૮ | માગસર વદી સફલા એકાદશી. | ૩૧ |
| ૯ | પોષ સુદી પુત્રદા એકાદશી. | ૩૪ |
| ૧૦ | પોષ વદી ષટ્તિલા એકાદશી. | ૩૭ |
| ૧૧ | મહા શુદી જયા એકાદશી. | ૩૯ |
| ૧૨ | મહા વદી વિજયા એકાદશી. | ૪૨ |
| ૧૩ | ફાગણ સુદી આમલકી એકાદશી. | ૪૪ |
| ૧૪ | ફાગણ વદી પાપમોચની એકાદશી. | ૪૬ |
| ૧૫ | ચૈત્ર સુદી કામદા એકાદશી. | ૪૯ |
| ૧૬ | ચૈત્ર વદી વરૂથિની એકાદશી. | ૫૧ |
| ૧૭ | વૈશાખ સુદી મોહિની એકાદશી. | ૫૩ |
| ૧૮ | વૈશાખ વદી અપરા એકાદશી. | ૫૫ |
| ૧૯ | જયેષ્ઠ સુદી નિર્જલા એકાદશી. | ૫૭ |
| ૨૦ | જયેષ્ઠ વદી યોગિની એકાદશી. | ૬૦ |
| ૨૧ | અષાઢ સુદી પદ્મા એકાદશી. | ૬૨ |
| ૨૨ | ચાતુર્માસના વિશેષ વ્રત નિયમો. | ૬૩ |
| ૨૩ | અષાઢ વદી કામિકા એકાદશી. | ૬૭ |

| | | |
|---|---|---|
| ૨૪ | શ્રાવણ સુદી પુત્રદા એકાદશી. | ૬૯ |
| ૨૫ | શ્રાવણ વદી અજા એકાદશી. | ૭૧ |
| ૨૬ | ભાદરવા સુદી પરિવર્તિની એકાદશી. | ૭૩ |
| ૨૭ | ભાદરવા વદી ઈન્દિરા એકાદશી. | ૭૬ |
| ૨૮ | આસો સુદી પાશાંકુશા એકાદશી. | ૭૮ |
| ૨૯ | આસો વદી રમા એકાદશી. | ૮૦ |
| ૩૦ | અધિકમાસના શુક્લપક્ષની પદ્મિની એકાદશી. | ૮૪ |
| ૩૧ | અધિકમાસના કૃષ્ણપક્ષની પરમા એકાદશી. | ૮૭ |
| ૩૨ | શુક્લ અને કૃષ્ણ પક્ષની એકાદશીનું ઉદ્યાપન. | ૯૦ |
| ૩૩ | શિવરાત્રીની વ્રત કથા. | ૯૩ |
| ૩૪ | રામનવમી વ્રત કથા. | ૯૭ |
| ૩૫ | નૃસિંહ ચતુર્દશી વ્રત કથા. | ૯૮ |
| ૩૬ | જન્માષ્ટમી વ્રત કથા. | ૧૦૧ |
| ૩૭ | વામન જયંતી વ્રત કથા. | ૧૦૩ |




॥ શ્રી સ્વામિનારાયણાય નમઃ ॥
॥ શ્રી ગણેશાય નમઃ ॥

## એકાદશી ઉત્પત્તિ કથા.

પૂર્વે સત્યુગમાં નાડીજંઘ નામનો કોઇ એક અસુર હતો. તેનો પુત્ર મૂરનામે હતો. તે મહા બળવાન હોવાથી અતિ ઉદ્ધત હતો. આ દૈત્યરાજ મૂરે દુષ્કર તપ કરીને બ્રહ્મા પાસેથી 'કોઇ પણ દેવથી પણ ન મરું' એવું વરદાન પામ્યો. તે પછી પ્રકૃતિથીજ ઉદ્ધત આ મૂરદાનવ વરલાભથી અત્યંત ઉદ્ધત થઈને ઈન્દ્રાદિ દિગ્પાળોને જલદી જીતીને સ્વયં ઈન્દ્ર બન્યો. તે પોતાની જાતના અસુરોને દિગ્પાળોને સ્થાને ગોઠવી દીધા. ત્યારે દેવો નિસ્તેજ થઈને પૃથ્વીમાં આમ તેમ વિચરવા લાગ્યા. છેવટે બ્રહ્માને શરણે ગયા. અને પોતાનું દુઃખ કહ્યું. પણ બ્રહ્મા કહે, આમાં મારું કામ નથી. ભગવાન નારાયણ જ આને ફળ આપશે. એટલે સ્વયં બ્રહ્મા, શંકર બધા દેવોએ મળી ક્ષીરસાગરને કિનારે જ્યાં શ્વેતદ્વીપ છે ત્યાં, એક પગે ઉભા રહી, હાથ ઉંચા કરી, ભગવાનની આરાધના કરવા લાગ્યા. તપસ્યાથી ભગવાન વૈકુંઠલોકથી તેમની આગળ પ્રગટ થયા. ભગવાનનાં દર્શન કરી સ્તુતિ કરી. દૈત્યપતિ મૂરથકી આવેલો સર્વભય જણાવ્યો.

દેવતાને દુઃખી જોઇ ભગવાનને કરુણા ઉપજી. તેમને અભય આપી દૈત્યને હણવાનો સંકલ્પ કરીને દેવોની સાથે ચંદ્રાવતી નામની તે અસુરની પુરીમાં જઇ પાંચજન્ય નામનો મહાશંખ વગાડ્યો. આ નાદ સાંભળી બધાજ અસુરો ત્રાસ પામ્યા. મૂરદાનવ પુરમાંથી એકદમ બહાર આવ્યો. ને દેવો સાથે લડાઇ કરવા લાગ્યો તે મૂરદૈત્યે કરેલા અસ્ત્રશસ્ત્રના પ્રહારને દેવો સહન ન કરી શકતાં ત્યાંથી નાશી ગયા.

ભગવાન પણ તેની સાથે યુદ્ધ કરતાં બ્રહ્માએ આપેલ વરદાનને પૂર્ણ કરવા એક હજાર વર્ષ વીતાવ્યાં. છતાં તે મરાયો નહિ. પછી જેમ કોઇ યુદ્ધ કરીને થાકી જાય ને પલાયન કરી જાય, તેમ ભગવાન વાસુદેવ ત્યાંથી ચંદ્રાવતીથી દોડતા બદ્રિનારાયણની સિંહવતી ગુફામાં પ્રવેશ કરી, ત્યાં સુઇ ગયા.

ભગવાન તો દશ ઈન્દ્રિયો અને અગ્યારમું મન, આ અંતર્મુખ રાખીને યોગનિદ્રા સ્વીકારી. મૂરદાનવ ભગવાનની પાછળ દોડતો દોડતો બાર યોજન લાંબી (૪૮ ગાઉ) ને ૧૬૪ દ્વાર વાળી, જેમાં ભગવાન પોઢ્યા હતા તેમાં પ્રવેશ કર્યો. ત્યાં ભગવાન યોગનિદ્રામાં ગયેલા હતા. ભગવાને વિચાર્યું આને બ્રહ્માએ વર આપ્યો છે માટે દેવોથી વધ થાય એમ નથી. આમ નિશ્ચય કરી બીજા ઉપાયથી મારવા માટે તેમની ઉપર ક્રોધાયમાન થયા. તે સમયે ભગવાનના એકાદશ ઈન્દ્રિયો થકી એક જોરદાર તેજનો રાશિ પ્રગટ થયો. તે તેજથકી દિવ્ય આયુધ ધારી રહેલી કોઇ અતિ તપસ્વિની સ્ત્રી પ્રગટ થઇ.

તે સમયે તે મૂરદૈત્ય આ સ્ત્રીનું રૂપ જોઇને કામવ્યાકુળ થઇ, આદરથી પ્રાર્થના કરવા લાગ્યો કે, હે મુગ્ધે ! તું મને વર.

કામ વિહ્વળ દૈત્ય પ્રત્યે તે દેવી તે કાળમાં ઉચિત વચનો કહેવા લાગી, હે દૈત્ય ! મારે આવું વ્રત છે. શું ? તો જે યુદ્ધમાં મને જીતે, તે મારો પતિ થાય. માટે મને યુદ્ધમાં જીતિને વર. પછી મુરદાનવ તે દેવી સાથે વિવિધ શસ્ત્રો-અસ્ત્રો વડે યુદ્ધ કરવા લાગ્યો. મહાક્રોધને પામેલી તે દેવીએ ખડગે કરીને દૈત્યનું મસ્તક છેદી નાખ્યું. તે સમયે દેવો સંતુષ્ટ થઇ દેવીને નમસ્કાર કરતા થકા પ્રશંસા કરવા મંડ્યા. અને ભગવાન પણ રાજી થયા.

પછી ભગવાન જાણે જાણતા જ ન હોય એમ દેવીને કહે, તું કોણ છે ! ત્યારે દેવી કહે, હે સ્વામિન્ ! હે પ્રભો ! હું તમારા અગિયાર ઈન્દ્રિયોમાંથી ઉત્પન્ન થયેલી તમારીજ શક્તિવિશેષરૂપ તપસ્વિની



એકાદશી છું.

બ્રહ્માંડમાં જે નાનાં મોટાં પાપો છે અને જે દૈત્ય સમૂહો છે તે સર્વેના સંહારને કરનારી હું છું. ભક્તો ! આરીતે બોલતી એકાદશી ઉપર પ્રસન્ન થયેલા પ્રભુ વાસુદેવ કહેવા લાગ્યા. હે અનઘે ! આ તારે દિવસે ત્રિલોકીમાં મહાન આનંદ થયો છે, તો મારા થકી તું વર માગ. ત્યારે એકાદશી બોલી, હે દેવ ! જો મારી ઉપર પ્રસન્ન થયા હો તો મને આજ વર આપો, જે જન મારા વ્રતનું અનુષ્ઠાન કરે તેને આલોક પરલોકમાં સર્વવાંછિત સિદ્ધ થાય. તથા જે જન મારા વ્રતને દિવસે, ઉપવાસ કરે તે સર્વ પાપમાંથી વિનિર્મુક્ત થઈને મુક્તિને પામે અને આજીવન આ લોકમાં સુખને પામે. તથા જે રોગાદિકના વશપણાથી ઉપવાસ કરવામાં અસમર્થ હોય તે, એકવાર સાંજે માગ્યા વિના મળેલ ભોજનથી વ્રત કરે, તો પણ તે વાંછિત ફળને પામે.

વળી હે ભગવન્ ! ત્રણે લોકમાં ચારેય યુગમાં બારે માસમાં મારૂં વ્રત પ્રવર્તે, હે ઈશ્વર ! ચોવિશ રૂપવાળી (એક વર્ષમાં ૨૪ એકાદશી આવે છે) મારા આપજ સ્વામી થઈને મને નિત્ય આનંદ આપો. આટલું મારું માગવું છે.

આ રીતે એકાદશીથી પ્રાર્થના કરાયેલા ભગવાન કહેવા લાગ્યા હે ભદ્રે ! ભવબ્રહ્માદિ દેવોને પણ દુર્લભ એવો આ વર તમોએ મારાથકી માગ્યો છે તથાપિ તમારી ઉપર પ્રસન્ન થઇ તે વર તમને આપું છું. આજ દિવસથી આરંભીને (માગસર શુદ ૧૧) જે કોઈ મનુષ્ય મારા પૂજનોત્સવે સહિત તમારૂં વ્રત કરશે તે સર્વે પોતપોતાના અભિલષિત ફળને પામશેજ. વ્રતકર્તા જો મોક્ષાર્થી હશે તો મોક્ષ પામશે અને જો સાંસારિક સુખની સ્પૃહા વાળો હશે તો તે સુખને નિશ્ચે પામશે.

તેથી તમો પણ આલોકમાં ભુક્તિદા અને મુક્તિદા નામથી વિખ્યાત થશો. વળી હું કેશવાદિ ચોવિસ રૂપથકી તમારો પતિ થઈને તમોને આનંદ આપીશ.

આ રીતે ભગવાન વાસુદેવથકી વરદાનને પામેલી એકાદશી દેવી પ્રસન્ન થઇ અંતર્ધાન થઇ ગઇ. પછી ભગવાને બધા દેવો પાસે એકાદશીનું વ્રત કરાવ્યું. બદરીનારાયણવાસી બધા મુનિઓએ પણ તે વ્રત કર્યું. તે દિવસથી આરંભીને લોકમાં આ વ્રત પ્રવર્તેલું છે.

ભગવાન વાસુદેવ આ રીતે એકાદશીને વર આપીને, તેનું વ્રત લોકમાં પ્રવર્તાવીને સ્વયં સ્વધામ પધાર્યા.

એકાદશીને ભગવાનના નેત્રમાં નિવાસ.

હે ભક્તો ! એકાદશી યોગનિદ્રાને પામેલા ભગવાન થકી પ્રગટ થયેલી હોવાથી પોતે યોગનિદ્રારૂપ જે છે, તેવી એકાદશીએ વિષ્ણુથકી વરદાન મેળવ્યા પછી વળી લક્ષ્મીજીની પેઠે ભગવાનના દિવ્ય દેહમાંજ નિવાસની ઈચ્છા કરી. તેને માટે અમૃતસ્થળ શ્વેતદ્વીપમાં તેણીએ ૧૦૦ વર્ષ સુધી કઠીન તપ કર્યું. એકાદશીની ભક્તિ અને તપથી ફરીથી પ્રસન્ન થયેલા ભગવાન પ્રગટ થયા ને કહ્યું હે પ્રિયે ! મારા થકી વર માગ.

ત્યારે એકાદશી કહે, જો તમો મારી ઉપર પ્રસન્ન થયા હો તો, લક્ષ્મીજીની પેઠે મને પણ આપના એક અંગમાં નિવાસ આપો. ત્યારે ભગવાન કહે :- મેં મારા અંગો લગભગ ભક્તોને નિવાસપણે કલ્પી દીધાં છે. જેમકે કેડથી નીચે ગરૂડજીને, વૃક્ષઃસ્થલ લક્ષ્મીજીને, મારા બાહુઓએ ચક્રાદિ આયુધોએ, કર્ણ કુંડલોએ, મારૂં મુખ સરસ્વતીએ રોક્યું છે, મસ્તક મુકુટે તાબે કર્યું છે. આ રીતે અંગેઅંગ તેમના નિવાસસ્થાન થઇ ગયું છે. હવે એક નેત્ર અંગ બાકી રહ્યું છે. તે તમને આપું છું. લોકમાં બુદ્ધિશાળીઓ જે અતિપ્રિય હોય તેનું સ્થાન નેત્ર કહે છે (મારે તો તમો આંખને ઠેકાણે છો) તમે મને લક્ષ્મીથકી અતિપ્રિય છો, માટે તમને મારા નેત્રમાં નિત્યનિવાસ આપું છું.

આ દિવસે તો આષાઢ શુદ એકાદશીની તિથિ છે, તો આ તિથિને આરંભીને મારા નેત્ર સ્થાનમાં ચાર માસ સુધી તમો વસો. હે તપસ્વિનિ ! પ્રતિવર્ષ આષાઢાદિ ચાર માસ તમોને મારા નેત્રમાં ધારણ



કરીને સાગરમાં શયન કરીશ.

હે સુંદરી ! તમો મુરદૈત્યને હણવા માટે મારી ઈન્દ્રિયોમાં રહેલા તપરૂપ તેજ થકી પ્રગટ થયાં છો, માટે તમો યોગનિદ્રારૂપ છે. તેથી મારાં નેત્રમાં તમારો નિવાસ ઉચિત છે.

ક્ષીરસાગરમાં શેષનાગરૂપ પર્યંકમાં શયન કરતી વેળાએ મેં તમારો સ્વીકાર કર્યો, તેથી મારા ભક્ત ગૃહસ્થો પણ તપ જ કરશે. (બીજું મંગળ કાર્ય નહિ કરે)

જે જનો મારી જ પ્રીતિ માટે ચાતુર્માસમાં મારી પૂજા, તપ, યોગ કરશે તેમને અભિષ્ટ સિદ્ધિ જલ્દી થશે.

હે ભક્તો ! આ રીતે એકાદશીને વર આપીને ભગવાન વાસુદેવ યોગનિદ્રારૂપ તે એકાદશીને નેત્રમાં ધારીને ક્ષીરસિંધુમાં શેષપર્યંકપર પોઢી ગયા. યોગનિદ્રામાં ગયેલા ભગવાને ઈન્દ્રિયોના તે તે વિષયરૂપ આહારને ત્યાગી બધી વૃત્તિઓને સ્વસ્વરૂપને સન્મુખ કરી દીધી.

આરીતે ભગવાન નિરાહાર યોગનિદ્રાને પામતાં તેમની સાથે અખંડ અનુવર્તતાં લક્ષ્મી પણ નિરાહાર (ભગવાનમાં જ એક વિલીન હૃદયવાળાં) થઈને તેમનાં ચરણકમળ ચાંપવા લાગ્યાં. તે સમયે ભગવાનના નંદ, સુનંદ આદિક સર્વે પાર્ષદો ક્ષીરસાગરના ઉત્તરતીરમાં નિરાહાર રહી તપ કરવા લાગ્યા. તથા શ્વેતરૂપધારી મુનિઓ નિરાહાર રહી વાસુદેવની મૂર્તિમાંજ અંતર્દૃષ્ટિ અર્પણ કરીને નિર્નિમેષ થઈ તપ કરવા લાગ્યા. (ધ્યાન પરાયણ થયા)

માટે હે જનો ! ચાતુર્માસમાં યથાશક્તિ તપ અને લક્ષ્મીએ સહિત વાસુદેવનું પૂજન સર્વજનોએ કરવું. મંગળકર્મ વિવાહ વિગેરે ઉત્સવ ન કરવા. ચાતુર્માસ વ્યતીત થતાં કાર્તિક શુક્લ એકાદશીએ ભગવાન યોગનિદ્રાથકી જાગે છે, ત્યારે તે નિમિત્તે મહોત્સવ થાય છે. તે સમયે તે વાસુદેવના સર્વે પાર્ષદો, મુનિઓ અને બ્રહ્માદિ દેવો પરમાનંદ પામીને તે વાસુદેવ પ્રભુની પરા ભક્તિથી પૂજા કરે છે.

હે જનો ! તેથી જ કાર્તિક શુક્લ એકાદશીએ બ્રહ્માંડમાં સર્વત્ર મહાન આનંદ ઉત્સવ થાય છે. આ કારણથીજ આ એકાદશી સર્વથકી અધિક માની છે. અને મારા પિતા દુર્વાસાના શાપથી આ પૃથ્વીમાં આજ દિવસે પ્રાદુર્ભાવ પામ્યા હતા. માટે અમને આ તિથિ પ્રિયતમ છે.

હે ભક્તો ! દેવતાઓ ક્ષીરસાગર તીર્થમાં કાર્તિક શુક્લા એકાદશીને આરંભીને પૂર્ણિમા પર્યંત પાંચ દિવસ મુનિઓ સાથે મહોત્સવ કરે છે.

આજ પાંચ દિવસમાં ગ્રહ વિગુણતાનો પણ દોષ નથી. માટે જ બ્રાહ્મણો દ્વારા વિવાહાદિ માંગલિક કાર્ય પણ તે આ દિવસોમાં થાયજ.

તો આ ઉદ્ધવસંપ્રદાયમાં રહેલા સ્ત્રી પુરૂષો સર્વેએ ચિત્તશુદ્ધિ માટે આ સર્વ એકાદશીનું ઉપોષણવ્રત કરવું.

બીમાર વ્યક્તિએ ફળાહાર આદિ ગૌણ ઉપવાસ કરીને વ્રત કરવું, ત્રણ એકાદશીએ તો અવશ્ય ઉપવાસ કરવો. આષાઢ શુક્લ, કાર્તિક શુક્લ, ભાદ્ર શુક્લ, આ ત્રણ ન થાય તો પ્રબોધિનીના તો જરૂર કરવો જ. તો સર્વ એકાદશીનું ફળ પામે છે. ધનાઢ્ય હોય તેમણે દરેક એકાદશીએ મહાપૂજા પણ કરાવવી. જે જન એકાદશી વ્રત ન કરે તો તે ઉદ્ધવસંપ્રદાય થકી વિમુખ છે.

સ્વામિનારાયણ ભગવાન પોતાના ભક્તોને એકાદશીના વ્રતાનુષ્ઠાનની વાત કરે છે. બીજાં વ્રતો કરતાં આ વ્રત અધિક છે. કેમ કે આ વ્રત ભગવાન પુરૂષોત્તમ શ્રીકૃષ્ણનું છે. તેનાથી તેમની પ્રસન્નતા થાય છે. માટે સર્વે ભક્તજનોએ મહારાજની આજ્ઞા શિરોમાન્ય રાખીને આ વ્રત પ્રયત્નથી કરવું.

જે નર એકાદશીને દિવસ ઉપવાસ ન કરે તે મૂઢ, ગાઢ અંધકારથી વ્યાપ્ત રૌરવ નરકને પામે છે.

યાનિ કાનિ ચ પાપાનિ બ્રહ્મહત્યાસમાનિ ચ ।
અન્નમાશ્રિત્ય તિષ્ઠન્તિ સંપ્રાપ્તે હરિવાસરે ॥



બ્રહ્મહત્યાની સમાન જે કોઇ પાપો છે, તે સર્વે હરિ દિવસ આવતાં અન્નનો આશ્રય કરીને રહે છે. માટે તે દિવસે જે અન્નને જમે છે તે જન તે પાપોને પામે છે. અને એકાદશીને દિવસે અન્નને ખાનારો તે જન માતૃહત્યા, પિતૃહત્યા, ગુરુહત્યાદિ મહાપાપનો ભોગી થાય છે.

જે પુરુષ શુક્લ કે કૃષ્ણ બન્ને પક્ષની એકાદશી તિથિએ અન્નને ખાય છે, તે પુરૂષ પ્રત્યેક કોળિયે પૃથ્વી થકી ઉત્પન્ન થતાં કોઇ પણ મળને ખાય છે.

બ્રહ્મહત્યાનું શાસ્ત્રમાં પ્રાયશ્ચિત કહ્યું છે. એકાદશી દિવસે અન્ન ભક્ષણનું તો કોઇ ધર્મગ્રંથમાં પ્રાયશ્ચિત કહ્યું જ નથી. કે જેથી તે શુધ્ધ થાય. આ વ્રત સર્વ આશ્રમને સાધારણ છે. (સરખું કરવાનું છે.) બ્રહ્મચારી, સંન્યાસી, વાનપ્રસ્થ, ગૃહસ્થાશ્રમ, સધવા, વિધવા સર્વે સ્ત્રીઓએ પણ કરવું જ. જે નર એકાદશીએ ઉપવાસ કરીને જીતેન્દ્રિય થઇ શ્રીકૃષ્ણનું પૂજન કરે અને તેમની કથા શ્રવણ કીર્તન કરીને રાત્રિએ જાગરણ કરે છે, તે નર શરદકાળના નિર્મળ જળની જેમ પાપરૂપ મળને શુદ્ધ કરે છે.

જ્યાં સુધી મનુષ્યોએ ઉપવાસ નામનું શુભ એકાદશીવ્રત કર્યું નથી. ત્યાં સુધી મોટાં એવાં પણ પાપ દેહમાં રહે છે. ને આ વ્રતનું અનુષ્ઠાન કરતાં મોટાં એવાં પાપો નાશ પામી જાય છે.

કુરૂક્ષેત્રમાં, ચંદ્ર કે સૂર્યના ગ્રહણમાં કરેલ ગૌદાનથી જે પુણ્ય થાય, તે એકાદશીના ઉપવાસથી થાય છે.

સાઠહજાર વર્ષ પર્યંત પ્રતિદિન લાખ તપસ્વી ભક્ત બ્રાહ્મણોને જમાડનાર જનને જે પુણ્ય થાય, તે પુણ્ય દૃઢ ધર્મ ભક્તિએ સહિત એકાદશીનું વ્રત કરનારને થાય છે.

આ એકાદશી સમાન પાવન બીજું કોઇ પણ વ્રત નથી. આ વ્રતથી જે જન, જેને ઇચ્છે તે તેને મળે છે. આ વ્રત કરનાર વ્યક્તિ માતાના કુળમાં દશ, પિતાના કુળમાં દશ, બીજાના કુળમાં દશ અને

પોતે એમ એકત્રીસ જોડનો સંસાર થકી ઉદ્ધાર કરે છે. આ એકાદશી કલ્પવૃક્ષ, ચિંતામણી આદિકની પેઠે પોતાનું વ્રત કરનારને સમગ્ર વાંચ્છિત ફળ આપનાર છે.

જે લોકો એકાદશી વ્રતને ભગવદ્‌ભક્તિ પૂર્વક કરે છે તે નરો ઉત્તમોત્તમ થઇ, ચતુર્ભુજરૂપે ગરૂડ ઉપર બેસી, વનમાળાધારી પીતાંબરધારી થઈને ભગવાનના ધામને પામે છે. અર્થાત્ ભગવાનનું જે સાલોક્ય, સારૂપ્યરૂપ મોક્ષને પામે છે, તેઓ ફરીને સંસારને ક્યારેય નથી જ પામતા.

આ લોકમાં જેને જન્મ-મરણરૂપ સંસારની જેલમાંથી છૂટવું હોય અને સુખ સિન્ધુ શ્રીહરિને પામી પરમ સુખી થવું હોય તેણે, એકાદશીનું વ્રત પરમ આદર થકી કરવું. એકાદશી એ પરલોકનું ભાથું બાંધવાનો દિવસ છે. વધારે શું ? પણ એકાદશીનો પ્રભાવ અતિ મોટો છે. આજ હડહડતા કરાળ કળિકાળના સામ્રાજ્યમાં એકાદશીનું વ્રત કરવાથી સિદ્ધિ મળે છે. જેને મોક્ષનો ખપ હોય તેણે દરેક માસના બન્ને પક્ષની એકાદશીનું વ્રત વિધિ પ્રમાણે કરવું.

પૂર્વે ભગવાને દેવોનો પક્ષ લઈ દૈત્યો સામે યુદ્ધ કરી, તેમાં વિજય મેળવી થાક ઉતારવા બદ્રિકાશ્રમમાં સિંહવતી ગુફામાં જઈને પોઢ્યા હતા. ત્યારે દેવોનો કટર શત્રુ મુરદાનવ ભગવાનને શોધતો ગુફા તરફ ગયો. ત્યારે ભગવાનના અંગમાંથી મોહિની સ્વરૂપ કન્યા ઉત્પન્ન થઈ અને હથિયાર ધારણ કરી દૈત્ય સામે ઊભી રહી. ત્યારે દૈત્ય બોલ્યો, ‘‘હે દેવી ! તું કોણ છે ? તારો પતિ કોણ છે ? તું મને વરે તો તારા સર્વ મનોરથને પૂર્ણ કરીશ !’’ દેવી કહે; ‘‘હજી મેં પતિ કર્યો નથી, પણ મારે એવી પ્રતિજ્ઞા છે કે, જે મને યુદ્ધમાં જીતે તેને મારે વરવું.’’ ત્યારે દૈત્ય કહે, ‘‘થા તૈયાર અને મારી સાથે યુદ્ધ કર.’’ પણ કામાંધ દૈત્યે વિચાર ન કર્યો યુદ્ધમાં હું એને મારીશ અથવા તે મને મારશે તો પછી વરવાનું ક્યાં રહેશે ? આખરે યુદ્ધમાં દેવીએ દૈત્યને



હણી નાખ્યો. હવે આ બધી ધમાલ થતાં ભગવાન જાગી ગયા અને દૈત્યના મરણના સમાચાર સાંભળી ભગવાને કહ્યું ‘‘હે દેવી ! હું તારા પર પ્રસન્ન થયો છું માટે જે જોઈએ તે માગી લે.’’ દેવી કહે, ‘‘હે દીનાનાથ ! પ્રભુ ! હું આપની એકાદશ ઈન્દ્રિયોમાંથી પ્રગટ થઇ, માટે આજથી મારું નામ એકાદશી થાય અને દરેક માસના શુક્લ અને કૃષ્ણ પક્ષના અગિયારમા દિવસે સમગ્ર પ્રજા પોતાના મનને નિયમમાં રાખી મારું (એકાદશીનું) વ્રત કરે, આ માગું છું.’’

ત્યારે ભગવાને પ્રસન્ન થઈ કહ્યું, ‘‘હે દેવી ! આજથી તારું નામ એકાદશી થશે. અને જે તારું વ્રત કરશે તેને હું મારો માનીશ અને મારા દિવ્ય ધામને પમાડીશ !’’

આમ ભગવાને કહ્યું માટે જેને શ્રીજીના સામીપ્યની અભિલાષા હોય અને મોક્ષનો ખપ હોય તેણે એકાદશીનું વ્રત અવશ્ય કરવું.

એકાદશીના વ્રતનો મહિમા :-

ભગવાન શ્રીસ્વામિનારાયણ શિક્ષાપત્રીના ૭૯ મા શ્લોકમાં નીચે મુજબ કહે છે.

અને સર્વે જે એકાદશીઓ તેમનું વ્રત જે તે આદર થકી કરવું, તથા શ્રી કૃષ્ણ ભગવાનના જે જન્માષ્ટમી આદિક વ્રત જે તે આદર થકી કરવું, તથા શિવરાત્રીનું વ્રત જે તે આદર થકી કરવું, અને તે વ્રતના દિવસને વિષે મોટા ઉત્સવ કરવા. ॥૭૯॥

ભગવાનની આજ્ઞા છે અધિક માસ સહિત તમામ એકાદશીનું વ્રત અવશ્ય કરવું, ભગવાને સત્સંગિજીવનમાં ત્રીજા પ્રકરણમાં આઠમા અધ્યાયમાં એકાદશીના વ્રત વિધિનું વિસ્તારથી વર્ણન કર્યું છે.

એકાદશી તમામ વ્રતોનો રાજા છે. એકાદશી ઉપરાંત રામનવમી, જન્માષ્ટમી, શિવરાત્રી, નૃસિંહ ચૌદશ અને વામન દ્વાદશી આ પાંચ જયંતી વ્રત કરો. પછી કોઈ વ્રતો કરવાની જરૂર નથી. વૈષ્ણવ કોને કહેવાય ? વિષ્ણુએ આજ્ઞા કરેલ વ્રત-ઉત્સવો ઈન્દ્રિયોને વશ રાખીને

કરે તે. આમ શાસ્ત્રની આજ્ઞા છે. એકાદશી એ વ્રતનો રાજા છે.

## એકાદશીનું વ્રત કેવી રીતે કરવું ?

એકાદશી માહાત્મ્યમાં કહેવા પ્રમાણે એકાદશીનું વ્રત સંપૂર્ણ ઉપવાસ કરીને જ કરવું, તેમ વર્ષભરની એકાદશીના મહાત્મ્યમાં ભારપૂર્વક કહેલું છે. શારીરિક શક્તિ જેની સારી હોય તેણે સંપૂર્ણ ઉપવાસ કરવો. પાણી સિવાય કશું ન લીધું હોય તેનું નામ ઉપવાસ. જે સંપૂર્ણ ઉપવાસ ન કરી શકે તેણે એકવાર દૂધ પીને રહેવું, એ જો શક્ય ન હોય તો ઋતુ અનુસાર ફળો. બાધ ન આવે તેવાં (આનો ઉલ્લેખ ચાતુર્માસની એકાદશીના માહાત્મ્યમાં આગળ કહેલો છે.) ફળો ભગવાનને ધરાવી લઈ શકાય પણ જો કોઈને ફળો માફક ન આવે તો બટાટા, સકરિયાં, સૂરણ વગેરે બાફી, એક વખત આહાર કરવો. એ પણ ન થઈ શકે તો રાજગરો, મોરૈયો, (સામો) જે મુનિઅન્ન કહેવાય છે, એ બાફીને ભગવાનને ધરાવીને લઈ શકાય. હવે જો કોઈ બીમાર હોય તો તેણે બે વખત ઉપર મુજબ લઈ લેવું. પણ બીમાર ન હોય તેવાએ ફળ કે ફલાહાર એકજ વખત લેવું. પણ એકદશીના દિવસે ક્યારે પણ અનાજ ખાવું નહિ.

## કેટલી ઉંમરથી વ્રત શરૂ કરવું ?

એકાદશી માટે વય મર્યાદા આઠ વર્ષની ઉંમરથી શરૂ કરવી, અને આઠ પર મીડું ચડાવો. એંસી વર્ષ સુધી વ્રત કરવું. એંશી વર્ષ થઈ જાય પછી પણ જો શરીરની તંદુરસ્તી સારી હોય તો એકાદશીનું વ્રત જરૂર કરવું, પણ શરીર અસ્વસ્થ રહેતું હોય તો એકાદશી ન થાય તો કોઈ પાપ નથી. એકાદશીના દિવસે તમામ પાપ અન્નમાં વસે છે, માટે એક ગ્રાસ કે એક દાણો પણ અન્ન શારીરિક રીતે સ્વસ્થ એવા ભગવાનના ભક્તોએ ખાવું નહિ.



## શું કરવાથી વ્રતનો ભંગ થાય ?

વારે વારે પાણી પીવાથી, પાન ખાવાથી, દિવસે ઉંઘવાથી, મૈથુન કર્મથી, શ્રધ્ધા ડગવાથી, ક્રોધ કરવાથી, ઉપવાસનો નાશ થાય છે. રાંધેલાં અન્ન સામું જોવું નહીં, તેને સુંઘવું નહીં, તેના સ્વાદને સંભારવા નહીં. આમ કરવાથી વ્રતનો ભંગ થાય છે. સદ્ગુણોની સાથે વાસ કરવો, તેનું નામ ઉપવાસ.

ઉપવાસના દિવસે કેટલાક ભક્તો દાતણ કરતા હોય છે. પણ ખરી રીતે દાતણ કરવાનો પણ નિષેધ છે. જળથી બાર કોગળા કરી મુખ શુધ્ધિ કરવી, જોકે કેટલાંક શાસ્ત્રોમાં દાતણનો ઉલ્લેખ છે. છતાં પણ પોતાની રીતે નિર્ણય કરવાનું વ્રતકાર પર છોડવામાં આવે છે.

## બીમાર માણસને વ્રતમાં છુટ છાટ.

કોઈ અતિ બીમાર અનાજ ખાધા વિના મૃત્યુ થવાની શક્યતા હોય, તેવા માણસે અને કોઈ વસ્તુ પચતી ન હોય તો શું કરવું ? એકાદશીના દિવસે આખો દિવસ ઉપવાસ કરવો. સાંજે ગાયો આવવાના સમયે એકલોજ રાંધેલો ભાત એમાં દહીં અથવા દૂધ ઉમેરીને જમવાની છૂટ છે, આ કેવળ મોટા આપત્કાળ માટે છૂટ રાખેલ છે. પરંતુ અલ્પ આપત્કાળ (થોડી બીમારી) માં ગ્રહણ ન કરવું, ભાત હવિષ્યાન્નમાં ગણાય છે. આમાં બતાવેલા કોઈ પણ પ્રકારે એકાદશી કરવી જ, તેમાં પણ શ્રધ્ધા સહિત પ્રેમથી કરેલું વ્રત મહાન ફળને આપે છે. અને શ્રધ્ધા કે પ્રેમ ન હોય તો પણ એકાદશીનું વ્રત તો કરવું જ. રિસાઈને કરેલી એકાદશી પણ પુણ્યદાયી બને છે. એકાદશીના ઉપવાસનું પુરાણોમાં અત્યંત માહાત્મ્ય છે. (આગળ માહાત્મ્યમાં વર્ણન આપેલ છે.) કોઈ પણ સંજોગોમાં એકાદશીના વ્રતનો ભંગ કરવો નહિ. તેમજ પ્રસાદીના માહાત્મ્યે કરીને પણ એકાદશી વ્રતનો ભંગ કરવો નહિ.

### માહાત્મ્યથી પણ વ્રતનો ભંગ ન કરવો.

દાખલા તરીકે ઓરીસામાં જગન્નાથ ભગવાનનાં દર્શન કરવા ગયા હો ત્યારે, ત્યાં જે કાંઇ પ્રસાદ મળે તે લેવો જ જોઈએ એમ શાસ્ત્રમાં લખ્યું છે. આ માહાત્મ્યના ઓથે કરીને પણ વ્રતનો ભંગ ન કરાય. પુષ્ટિમાર્ગના આદિ આચાર્ય વલ્લભાચાર્યજી મહારાજ જગન્નાથપુરી પધાર્યા. બરાબર સાંજના સમયે મંદિરમાં દર્શન કરવા ગયા. એકાદશીનો દિવસ હતો. પૂજારીએ એકદમ ભાતનો પડિયો હાથમાં મૂકી દીધો. મહાપ્રભુજી તો ધર્મના સ્થાપક આચાર્ય અને મહાજ્ઞાની પુરુષ હતા. વિચાર કર્યો પ્રસાદી લઉં તો વ્રતનો ભંગ થાય, અને મૂકી દઉં તો પ્રસાદીનો અનાદર થાય છે. ધન્ય ભાગ્ય ધન્ય ઘડી સમજી જગન્નાથજીની પ્રસાદીના માહાત્મ્યના આખી રાત શ્લોકો રચ્યા, હાથમાં પડિયો છે. ઊભા ઊભા આખી રાત્રી વીતી ગઈ. એકાદશી પૂરી થઈ ગઈ ત્યાર પછી પ્રસાદ લીધો. આવી રીતે વડીલો પણ આચરણ કરે છે. માટે પ્રસાદીના માહાત્મ્યથી પણ અનાજ મુખમાં મૂકાય નહીં. સ્વામિનારાયણ ભગવાન કહે છે કે અમારા આશ્રિતોએ અવશ્ય એકાદશીનું વ્રત કરવું, આપણા ઈષ્ટદેવ શ્રીજીમહારાજને બાળપણથીજ એકાદશી વ્રત કરવાનો અને કરાવવાનો ખાસ આગ્રહ હતો.

### કઈ એકાદશીએ ફરજીયાત ઉપવાસ કરવા ?

હવે આખા વર્ષમાં સર્વે એકાદશીના ઉપવાસ ન કરી શકતા હો તો, ફલાહારમાં બાધ નહીં, પણ ચાતુર્માસના ચાર મહિનાની આઠ એકાદશીના ઉપવાસ તો અવશ્ય કરવા. પરંતુ જો આઠ એકાદશીના ઉપવાસ ન કરી શકો તો, ત્રણ એકાદશીના ઉપવાસ તો ફરજીયાત કરવા જ. પહેલી અષાઢ સુદ ૧૧ (નિયમ એકાદશી), બીજી ભાદરવા સુદ ૧૧ (પરિવર્તિની એકાદશી), ત્રીજી કાર્તિક સુદ ૧૧ (પ્રબોધની એકાદશી) આ અતિ ઉત્તમ એકાદશીઓ છે.

જે દિવસે વ્રતનો ઉપવાસ કર્યો હોય તે દિવસે અતિશય યત્ને



કરીને દિવસની નિદ્રાનો ત્યાગ કરવો. કેમ કે જેમ મૈથુને કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થાય છે, તેમ જ દિવસની નિદ્રાએ કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થઈ જાય છે. શિક્ષાપત્રી ॥૮૦॥

એકાદશી સિવાય પણ દિવસે ઉંઘ સારી નહીં, દિવસે ઉંઘવાથી અનેક પ્રકારના રોગો થાય છે અને સુષુપ્તિ રહે છે તેથી વ્રતના દિવસે તો અવશ્ય ત્યાગ કરવો.

### પુષ્ટિમાર્ગ વ્રત નિર્ણય પ્રમાણ.

ભગવાન શ્રીસ્વામિનારાયણે સ્વહસ્તે શિક્ષાપત્રીમાં નીચેના શ્લોક અનુવાદથી વ્રત પ્રમાણ પ્રમાણિત કર્યાં છે.

સર્વ વૈષ્ણવના રાજા એવા જે શ્રીવલ્લભાચાર્ય, તેના પુત્ર જે વિઠ્ઠલનાથજી તે જે તે વ્રત અને ઉત્સવના નિર્ણયને કરતા હતા. અને તે વિઠ્ઠલનાથજી કર્યો જે નિર્ણય તેને જ અનુસરીને સર્વે વ્રત ને ઉત્સવ કરવા. અને તે વિઠ્ઠલનાથજીએ કહી જે શ્રીકૃષ્ણની સેવા રીતિ તેનું જ ગ્રહણ કરવું. શિક્ષાપત્રી ॥ ૮૧-૮૨ ॥

વલ્લભાચાર્યજી મહારાજના પુત્ર ગોસ્વામી વિઠ્ઠલેશજી મહારાજ એમણે વ્રત અને ઉત્સવ કેમ ઉજવવા એ સમજાવવા માટે વૈષ્ણવ સેવા રીતિ પ્રમાણે "વ્રતોત્સવ નિર્ણય" નું એક શાસ્ત્ર રચ્યું છે. એમાં બતાવેલા નિયમ પ્રમાણે આપણા સ્વામિનારાયણ સંપ્રદાયમાં વ્રત અને ઉત્સવ ઉજવવા અને સેવા ભક્તિ કરવી.

આવી રીતે દરેક માસની દરેક પક્ષની એકાદશી અવશ્ય પણે કરવી. રાજસૂય યજ્ઞ, અશ્વમેઘ યજ્ઞ, એવા બીજા ઘણાક યજ્ઞો, તીર્થો, સેંકડો ગૌદાન વિગેરેથી પણ અનંત વિશેષ ફળ એકાદશી કરવાથી મળે છે. અનાદિકાળથી મોક્ષમાર્ગથી ચલિત થયેલા નિર્માલ્ય જીવનું રૂડું થાય, મોક્ષમાર્ગે જાય એટલા માટે બ્રહ્મનિષ્ઠ સંતો, સત્શાસ્ત્રો નિરંતર કર્તવ્યનો બોધ કરતા રહે છે.

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
શ્રી ગણેશાય નમઃ

## એકાદશીનો સમય કઈ રીતે નક્કી કરવો ?

ભવિષ્યપુરાણના કથન પ્રમાણે દશમીના અસરવાળી એકાદશી કરવી નહીં. સૂર્યોદય વખતે બે મુહૂર્ત હોય તો પૂર્ણ એકાદશી કહેવાય. પંચાવન ઘડીનો ઊષઃકાળ કહેવાય, સત્તાવન ઘડીનો અરુણોદય કાળ કહેવાય અને અઠ્ઠાવન ઘડીનો પ્રાતઃકાળ કહેવાય, પછીથી સૂર્યોદય કહેવાય છે. મદનરત્ન ગ્રંથમાં કલા પ્રમાણે એકાદશીમાં એકાદશી વધતી હોય તો બીજા દિવસે એકાદશી રાખવી.

એકાદશી સંપૂર્ણ હોય અને બારસને દિવસે પ૦ણ પંચાવન ઘડી હોય તો બારસને દિવસે ઉપવાસ કરવો. એકાદશીનો ક્ષય હોય તો પણ બીજા દિવસે લેવાય, કાત્યાયન કહે છે કે, આઠ વર્ષથી લઈ એંસી વર્ષ સુધીનાએ બન્ને એકાદશીના ઉપવાસ કરવો.

## એકાદશીના વ્રતનો નિર્ણય અને વ્રત વિધિ.

જ્યારે એકાદશી આવવાની હોય ત્યારે આગલે દિવસે નિયમ લઈ બીજે દિવસે ઉપવાસ કરવો. જળથી ભરેલું તામ્રપાત્ર લઈ પૂર્વાભિમુખે ઊભા રહી સંકલ્પ કરવો. હે શ્રીહરિ ! એકાદશીને દિવસે ઉપવાસ કરી બારસને દિવસે પારણું કરીશ. પ્રાતઃકાળની પૂજા વખતે પણ ઉપર પ્રમાણેનો સંકલ્પ કરી શકાય અને ષડક્ષરમંત્ર (સ્વામિનારાયણ) બોલી જળનું આચમન કરવું. આમ પ્રભુ પાસે સંકલ્પ કરવાથી વ્રત કરનારને બળ મળી રહે છે. વ્રત કરનારે



નિયમથી દેવની પાસે જાગરણ કરવું. અને પ્રભુ પાસે બે હાથ જોડી ગદ્ગદ્ કંઠે પ્રાર્થના કરવી. કહેવું કે, મને અંધકારરૂપ અજ્ઞાનથી બહાર કાઢો, મારા વ્રતથી પ્રસન્ન થઈ મને જ્ઞાન આપો.

વિષ્ણુ ભગવાનનું વચન છે કે, પારણું કર્યા પછી શ્રીહરિ નારાયણને ચડાવેલું તુલસીપત્ર ખાવાથી સઘળાં પાપો નાશ પામે છે. સો ચાન્દ્રાયણથી પણ અધિક પુણ્ય થાય છે. આ વ્રત સૂતકમાં પણ કરવું, પુલસ્ત્ય ઋષિએ કહેલું છે કે, સ્ત્રીઓએ રજઃસ્વલા ધર્મમાં હોય તો પણ આ વ્રત કરવું. કારણ કે રજોદર્શન થયું હોય તો પણ એકાદશીના દિવસે સ્ત્રીએ ઉપવાસ કરવો. આવી રીતે એકાદશી વ્રત વિધિ કહેલો છે.

## એકાદશી ફળ પ્રાપ્તિ કથન.

સૂતપુરાણી શૌનકાદિક ઋષિઓ પ્રત્યે કહે છે કે, આ એકાદશી વ્રતનું માહાત્મ્ય જે સાંભળે છે તે વિષ્ણુલોકમાં જાય છે. હે રાજા ! ધર્મમાં તત્પર થયેલાઓએ શુદ અને વદ એ બન્ને એકાદશીમાં ભેદ રાખવો નહીં. અને એકાદશીનું વ્રત તો અવશ્ય ખબરદાર રહીને કરવું, મનુષ્યને શંખોદ્ધાર તીર્થમાં નાહીને વિષ્ણુ ભગવાનનાં દર્શન કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, વ્યતિપાતમાં દાન દેવાથી, સંક્રાંતિમાં દાન દેવાથી, કુરુક્ષેત્રને વિષે સૂર્ય ચંદ્રના ગ્રહણ સમયે નાહીને દાન દેવાથી જે પુણ્ય થાય છે, તે સઘળું પુણ્ય એકાદશીના વ્રતનો ઉપવાસ કરનારા મનુષ્યો અવશ્ય મેળવે છે, અશ્વમેધ યજ્ઞ કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, તેથી સો ઘણું પુણ્ય એકાદશીના ઉપવાસથી થાય છે. જેને ઘેર સાઠહજાર વર્ષ નિત્ય એકલાખ તપસ્વીઓ જમતા હોય તેને જે પુણ્ય થાય છે, તે પુણ્ય માત્ર એકાદશીના ઉપવાસથી પ્રાપ્ત

થાય છે. વેદ વેદાન્તોના પાર પામેલા બ્રાહ્મણોને હજારો ગાયોના દાનથી થતા પુણ્યથી દશ ગણું પુણ્ય એકાદશીના ઉપવાસથી પ્રાપ્ત થાય છે. સંસારથી ભય પામેલા સઘળા જનોએ એકાદશીનો ઉપવાસ કરવો. આમ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુન પ્રત્યે કહેલું છે. એકાદશીના દિવસે કોઇએ જમવું નહીં, એવી રીતે જે તેં મને પૂછ્યું તે સઘળું કહ્યું, એટલા માટે સર્વ વ્રતોમાં ઉત્તમ વ્રત એવું જે આ એકાદશીનું વ્રત છે, તેના પુણ્ય જેટલું પુણ્ય હજાર યજ્ઞ કરવાથી પણ મળતું નથી. 'હે કુંતિપુત્ર ! જે લોકો આ એકાદશી કરશે તેના શત્રુને હણીશ, ઉત્તમ ગતિ આપીશ' આ એકાદશીની તિથિ એકલી જ સર્વ પાપનો ક્ષય કરનારી, મહા પુણ્ય ફળ આપનારી, જગતમાં પ્રગટ થઇ છે. હે અર્જુન ! બન્ને એકાદશીઓનું વ્રત કરવું. બન્ને પક્ષની એકાદશી સરખું ફળ આપે છે. જે ભક્તો વિષ્ણુ ભક્તિ પરાયણ થઈને એકાદશીના મહાત્મ્યની કથા કહે છે તે મનુષ્યોને આ જગતમાં ભાગ્યશાળી જાણવા. તેમ શ્રીહરિને પ્રસન્ન કરનારું એકાદશી સરખું બીજું કોઇ વ્રત નથી. એમ તમામ ફળાદિ કથન જાણી કરીને વ્રતાદિકમાં શ્રીહરિને પ્રસન્ન કરવાને અર્થે મનુષ્ય માત્રે તત્પર બનવું.

॥ ઈતિ શ્રી એકાદશી સમય નિર્ણય વિધિ ફળ કથન સંપૂર્ણ ॥

## કાર્તિક સુદિ પ્રબોધિની એકાદશી. (૧)

બ્રહ્માએ કહ્યું ''હે નારદ ! પાપનો નાશ કરનાર અને પુણ્યની વૃદ્ધિ કરનાર એવી પ્રબોધિની એકાદશીનું માહાત્મ્ય સાંભળો.''

નારદે કહ્યું, ''હે પિતામહ ! પ્રબોધિની એકાદશીમાં એક વખત ભોજન કરવાથી કેટલું પુણ્ય થાય છે ? અને ઉપવાસ કરવાથી કેટલું પુણ્ય થાય છે ? તે મને કહો.''



બ્રહ્માએ કહ્યું, ''આ એકાદશીમાં એક વખત ભોજન કરવાથી એક જન્મનું પાપ નષ્ટ થાય છે. નક્ત (સૂર્યાસ્ત સમયે જે ભોજન થાય છે તે) ભોજન કરવાથી બે જન્મોનાં પાપ નષ્ટ થાય છે. અને ઉપવાસ કરવાથી સાત જન્મોનું પાપ નષ્ટ થાય છે.'' (ભોજન શબ્દનો અર્થ ફલાહાર લેવો.) જે માણસ પ્રબોધિનીને દિવસે માત્ર વ્રતનો વિચાર કરેછે તેનાં સેંકડો પૂર્વ જન્મમાં કરેલાં પાપો નષ્ટ થાય છે. જે માણસ પ્રબોધિનીની રાત્રે જાગરણ કરે છે તે દશહજાર કુળને તારનાર થાય છે. જે ઘરમાં સમગ્ર પરિવાર આ વ્રત કરે છે તે ઘરમાં ત્રણે લોકનાં સઘળાં તીર્થો વસે છે.

'હે નારદ ! જે માણસ પ્રબોધિનીનું વ્રત કરતો નથી, તેનું સઘળું પુણ્ય નષ્ટ પામે છે. અને જે માણસ વ્રત કર્યા વિના કાર્તિકમાસ પસાર કરે છે તેને જન્મો જન્મમાં કરેલાં વ્રતનું પુણ્ય ફળ પ્રાપ્ત થતું નથી.

એવાં બ્રહ્માનાં વચનો સાંભળીને નારદે પુનઃ પૂછ્યું, 'હે બ્રહ્મન્ ! જે કરવાથી યોગ્ય ફળ મળે એવી પ્રબોધિની એકાદશીનો પ્રકાર કહો.'

બ્રહ્માએ કહ્યું, ''એકાદશીને દિવસે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી દાતણ અને જળથી મુખ સાફ કરી સ્નાન કર્યા બાદ શ્રીહરિની પૂજા કરવી, પછી ઉપવાસ કરવો. રાત્રે ભગવાનની આગળ કીર્તન કરી જાગરણ કરવું. ભગવાનની મૂર્તિને ફળો ધરાવવાં, ધૂપ, દીપ કરવાં, તુલસીપત્ર ધરવાં, ચંપાના પુષ્પો વડે ભગવાનનું પૂજન કરવું. લાલ સુગંધી કમળ ચડાવવાં, કેતકીનાં પુષ્પ અને દૂર્વાથી વિષ્ણુનું પૂજન કરવું. આ પ્રમાણે કરવાથી કરોડો ગૌદાનનું પુણ્ય થાય છે.

પછી વિધિપૂર્વક વિષ્ણુની પૂજા કરી વ્રત પુરું કરવા માટે

બ્રાહ્મણોને જમાડવા, યોગ્ય દક્ષિણા આપી રાજી કરવા અને મધુરવાણીથી ક્ષમા માગવી. અને લીધેલો નિયમ બ્રાહ્મણને કહી તેની સમક્ષ છોડી દેવો. જે માણસે નક્ત ભોજનનો નિયમ લીધો હોય તેણે ઉત્તમ બ્રાહ્મણોને જમાડવા. જે માણસે મધ, ફળ, દહીં, તેલ, આંબળાં, અનાજ વિગેરે જે જે કાંઇ નિયમ લીધો હોય તે તે વસ્તુ કાંસ્યપાત્ર અથવા તામ્રપાત્રમાં દાન આપી છોડવો. પત્રાવલીમાં ભોજનનો નિયમ લીધો હોય તો ઘીથી ભરેલા ઘડા અથવા પાત્રનું દાન કરવું. પગરખાનાં નિયમમાં પગરખાનું દાન કરવું.

જે મનુષ્યે મંદિરમાં દીવો કરવાનો નિયમ લીધો હોય તો તાંબાના અથવા સોનાના કોડિયાનું ઘી, વાટ સહિત દાન કરવું. એકાંતરા ઉપવાસ (ધારણાં પારણાં) નું નિયમ લીધું હોય તો વસ્ત્રથી વીંટેલા અલંકારવાળા સોનાના ઉત્તમ આઠ ઘડાઓનું દાન કરવું. હે મુને ! જો ઉપર કહેલાં દાન આપવાની શક્તિ ન હોય તો બ્રાહ્મણને નમસ્કાર કરી તેમને જમાડીને દક્ષિણા આપી વિદાય કરવા અને ચાતુર્માસના વ્રત તથા લીધેલા નિયમોની સમાપ્તિ કરવી. એવી રીતે જે માણસ વ્રત કરે છે તેને અનંત ફળ પ્રાપ્ત થાય છે. ને અંતે વૈકુંઠ-ધામને પામે છે. અને તેને બીજી વખત જન્મવું પડતું નથી. જે માણસ લીધેલ વ્રતનો ભંગ કરે છે તે આંધળો અથવા કોઢિયો થાય છે.

હે નારદ ! તમે જે પૂછ્યું હતું તે મેં કહી સંભળાવ્યું. આ કથાના પાઠથી અથવા સાંભળવાથી અનંત ઘણું પુણ્ય થાય છે.

આવી રીતે સ્કંદપુરાણમાં કાર્તિકમાસના શુક્લ પક્ષની પ્રબોધિની એકાદશીનું માહાત્મ્ય કહેલું છે.

॥ ઈતિ શ્રી સ્કંદપુરાણે બ્રહ્મા નારદ સંવાદે કાર્તિક શુકલૈકાદશ્યાઃ
પ્રબોધિની નામ્ન્યા માહાત્મ્યં સંપૂર્ણમ્ ॥



## કાર્તિક વદ ઉત્પત્તિ એકાદશી. (૨)

અર્જુને પૂછ્યું, ''હે શ્રીકૃષ્ણ ! આપ નારાયણ છો, મહાદેવના સ્વામી છો, આપ જગતના પતિ છો, અંતર્યામી છો, શાસ્ત્રોના વક્તા છો, હે મહારાજ ! એકાદશી કેવી રીતે ઉત્પન્ન થઇ એનો મને સંશય થાય છે. તો આપ કહો કે કાર્તિક વદિ એકાદશીનું શું નામ છે ? તેથી શું ફળ પ્રાપ્ત થાય છે ? તેનો કેવો પ્રકાર છે ? કયા દેવનું પૂજન કરવું ? અને પૂર્વે આ વ્રત કોણે કર્યું હતું ? એ વિસ્તારથી કહો.''

શ્રીકૃષ્ણે કહ્યું, હે અર્જુન ! પાપનો નાશ કરનારી આ કથા ધ્યાનથી સાંભળ. આનું નામ ઉત્પત્તિ એકાદશી છે, તે દિવસે ઉપવાસ કરવાથી ધર્મમાં વૃધ્ધિ થાય છે, સત્ય આચરણથી લક્ષ્મી વધે છે. તો હે અર્જુન ! હવે આ કથા વિસ્તારથી સાંભળ.

પૂર્વે સત્યયુગમાં મુર નામનો એક દાનવ હતો. તેણે ઈન્દ્રને ઈન્દ્રાસનથી ઉઠાડી મૂક્યા હતા. ઉપરાંત સૂર્ય, વસુ, અગ્નિ આદિ દેવોને સ્વર્ગમાંથી કાઢી મૂક્યા. તેથી સર્વે દેવો શંકરની પાસે ગયા અને કારણ જણાવી રક્ષણની માગણી કરી.

શંકરે કહ્યું, ''હે ઈન્દ્ર ! તમારા રક્ષણ કાજે તમો સર્વે ભગવાન નારાયણ પાસે જાઓ.'' આવી રીતે સર્વદેવો, અપ્સરાઓ, ગંધર્વો, સિધ્ધો, વિદ્યાધરો આ સર્વે જયાં ભગવાન નારાયણ પોઢ્યા હતા ત્યાં આવી હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યા, ''હે દેવ ! હે કમલ સમાન નેત્ર વાળા ! હે મધુસુદન ! આપને નમસ્કાર કરીએ છીએ. ભયભીત થયેલા અમો સઘળા દેવો આપની પાસે રક્ષણ માટે આવ્યા છીએ. આપ સર્વના કર્તા છો, પરમ આધારરૂપ છો, આપ જગતના પિતા છો. અતિ ઉગ્ર દૈત્યે દેવતાઓને જીતી લીધા તેથી અમે સ્વર્ગને છોડીને પૃથ્વી ઉપર વિચરણ કરીએ છીએ.'' પછી વિષ્ણુ બોલ્યા,

''શત્રુ કેવો છે? તેનું નામ શું છે? તેનું બળ અને પરાક્રમ મને કહો.''

ઈન્દ્ર બોલ્યા, ''હે દેવેશ ! તાલજંઘ (નાડીજંઘ) નામના દૈત્યનો પુત્ર મુર નામથી પ્રસિધ્ધ છે. તે ચંદ્રાવતી નામની નગરીમાં રહે છે. અને તેણે દેવોને ત્રાસ આપી સ્વર્ગમાંથી હાંકી કાઢ્યા છે, વળી બીજા ઈન્દ્ર સહિત અન્ય દેવો ઉત્પન્ન કરી સ્વર્ગમાં વસાવ્યા છે.'' આ સાંભળી નારાયણને ક્રોધ ચઢ્યો અને કહ્યું કે, એ દૈત્યને હું મારીશ, આમ કહી નારાયણ ભગવાને ચંદ્રાવતી નગરીમાં જઈ મુર દૈત્યને પડકાર્યો. હે દૈત્ય ! જો જીવવાની ઈચ્છા હોય તો પાછો ચાલ્યો જા. દૈત્ય આ સાંભળી કોપાયમાન થઈ નારાયણની સામે યુદ્ધ કરવા લાગ્યો. રણસંગ્રામમમાં ઘણા દૈત્યો નાશ પામી ગયા. આખરે મુર દૈત્ય બાહુયુદ્ધની માંગણી કરી. આ દિવ્ય બાહુયુદ્ધ દેવોના હજાર વર્ષ સુધી ચાલ્યું. આમ બ્રહ્માના વરદાનને પૂર્ણ કરવા દેવતાનાં ૧૦૦૦ વર્ષ વિતાવ્યાં. છેવટે જેમ કોઈ યુદ્ધ કરીને થાકી જાય ને પલાયન કરે, તેમ ભગવાન વાસુદેવ તે ચંદ્રાવતીથી બદ્રીનારાયણની સિંહવતી ગુફામાં પ્રવેશ કરી ત્યાં સૂઈ ગયા. ભગવાન તો દશ ઈંદ્રિયો અને અગિયારમું મન અંતર્મુખ રાખીને યોગ નિદ્રા સ્વીકારી. મુરદાનવ ભગવાનની પાછળ દોડતો દોડતો બાર યોજન લાંબી અને એકજ દ્વારવાળી ગુફામાં પ્રવેશ કર્યો. ત્યાં ભગવાન યોગ નિદ્રામાં ગયેલા હતા, ભગવાને વિચાર્યું આને બ્રહ્માએ વર આપ્યો છે, માટે દેવો દ્વારા વધ થાય તેમ નથી, આમ નિશ્ચય કરી બીજા ઉપાયથી મારવા માટે તેમની ઉપર ક્રોધાયમાન થયા. તે સમયે ભગવાનના એકાદશ ઈંદ્રિયો થકી એક જોરદાર તેજનો રાશી પ્રગટ થયો, તે તેજ થકી દિવ્ય આયુધો ધારી રહેલી કોઈ અતિ તપસ્વિની સ્ત્રી પ્રગટ થઈ. બહાર ઊભેલા દૈત્ય સામે ક્રોધથી લડવા લાગી. જેમાં દૈત્ય



હણાયો. હણાયેલા દૈત્યને જોઈ ભગવાન બોલ્યા, આ શત્રુ કોણે માર્યો હશે ? તે વેળાએ દિવ્ય શરીર ધારણ કરનારી સ્ત્રી એકાદશી બોલી.

એકાદશીએ કહ્યું, ''સઘળા દેવોને સ્વર્ગમાંથી હાંકી કાઢનાર આ દૈત્યને મેં મારેલો છે.'' નારાયણ બોલ્યા, ''હે દેવી ! જે દેવતાને ડરાવતો હતો, એવા દૈત્યને તેં મારી, મોટો ઉપકાર કર્યો છે. હું તારી પર પ્રસન્ન થયો છું, તું મન માન્યું વરદાન માગી લે. આ મુર દૈત્યના મરવાથી સઘળા દેવો પ્રસન્ન થયા છે. ત્રણે લોકમાં આનંદ થયો છે. માટે દેવોને પણ દુર્લભ એવું વરદાન આપીશ.''

એકાદશીએ કહ્યું, ''હે જનાર્દન ! આપ પ્રસન્ન થયા હો તો ત્રણ વરદાનની મને છૂટ આપો.''

વિષ્ણુએ કહ્યું, ''હે દેવી ! તમને ત્રણ વરદાન માગવાની હું છૂટ આપું છું. માટે ખૂશીથી માગો.''

એકાદશીએ કહ્યું, ''હે દેવેશ ! ત્રણે લોકમાં સઘળા મનવંતરોમાં આપને હું પ્રિય થાઉં. હું સર્વે તિથિઓમાં ઉત્તમ, સર્વ પાપને હરનારી, આયુષ્ય તથા બળને વધારનારી, વિઘ્નને હરનારી થાઉં. જે મનુષ્યો મારા દિવસે (એકાદશી) પરમ ભક્તિથી ઉપવાસ કરે તેને સઘળી સિધ્ધિ મળે.''

વિષ્ણુએ કહ્યું, ''હે કલ્યાણી ! તું જે કહે છે તે સિધ્ધ થશે. જે તારૂં એકાદશીને દિવસે ભાવથી વ્રત કરશે તે અંતે મારી સમીપે આવશે. અને મારા શરીરમાંથી ઉત્પન્ન થવાથી તું ઉત્પત્તિ એકાદશી નામથી જગતમાં ઓળખાઈશ. અને કાર્તિક માસના વદ પક્ષનો અગીયારમો દિવસ ઉત્પત્તિ એકાદશી તરીકે ઓળખાશે.'' આ રીતે ભગવાનના કહ્યા પછી એ એકાદશી ત્યાં જ અંતર્હિત થઈ ગઈ.

જે મનુષ્યો વિષ્ણુ ભક્તિ પરાયણ છે, તેઓને ધન્ય છે. હે

અર્જુન ! જે મનુષ્ય પર્વણીને દિવસે એકાદશી માહાત્મ્યનો પાઠ કરે છે તેને હજાર ગોદાન જેટલું પુણ્ય થાય છે, અને બ્રહ્મહત્યા વિગેરે મોટાં પાપો પણ નષ્ટ થાય છે. સઘળાં પાપોનો નાશ કરનાર એકાદશીના જેવું બીજું એકે વ્રત નથી. એવી રીતે ભવિષ્યોત્તર પુરાણમાં કાર્તિક વદ ઉત્પત્તિ એકાદશીનું માહાત્મ્ય કહેલું છે.

॥ ઈતિ શ્રીકૃષ્ણ અર્જુન સંવાદે કાર્તિક વદ એકાદશી માહાત્મ્યં સંપૂર્ણમ્ ॥

## માગસર સુદી મોક્ષદા એકાદશી. (૩)

યુધિષ્ઠિરે કહ્યું, ''હે યદુનંદન ! આપ વિષ્ણુ છો, સમર્થ છો, જગતના કર્તા છો, પૂર્ણ પુરુષોત્તમ છો, આપને હું વંદન કરું છું, લોકોના હિતને વાસ્તે પાપના ક્ષય વાસ્તે, આપને પૂછું છું કે, માર્ગશીર્ષ એકાદશીનું શું નામ છે ? તેનો પ્રકાર કેવો છે ? તેમાં કયા દેવની પૂજા કરવી ? તે મને આપ સઘળું વિસ્તારથી કહો.''

શ્રીકૃષ્ણે કહ્યું, હે યુધિષ્ઠિર ! તમે ઉત્તમ પ્રશ્ન કર્યો, હું એકાદશીનું ઉત્તમ વ્રત કહું છું, હે રાજેન્દ્ર ! ધ્યાનથી સાંભળો. માર્ગશીર્ષ સુદિ એકાદશી મોક્ષદા નામથી પ્રસિધ્ધ છે. આ દિવસે ચંદન, પુષ્પાદિક વડે શ્રી વિષ્ણુની પૂજા કરવી, આ એકાદશીના પ્રભાવથી પરમપદ મળે છે, એટલા માટે તેનો મહિમા સાંભળો.

પૂર્વે ગોકુલ નામના સુંદર શહેરમાં વૈખાનસ નામનો રાજા રહેતો હતો. શહેરમાં બ્રાહ્મણો પણ હતા. જેઓ વેદ પરાયણ હતા, રાજાને એક દિવસ સ્વપ્ન આવ્યું તેમાં પોતાના પિતાને નરકમાં પડેલા જોયા, આ સ્વપ્નની હકીકત બ્રાહ્મણો પાસે કહેવા લાગ્યો.

રાજાએ કહ્યું, ''હે બ્રાહ્મણો ! નરકમાં પડેલા મારા પિતા



કહે છે, હે પુત્ર ! મારો ઉધ્ધાર કર. જ્યારથી મને આવું સ્વપ્ન આવ્યું છે ત્યારથી મારા મનમાં બહુ ખેદ થાય છે, રાજ્યનું સુખ મને ગમતું નથી. હવે હું શું કરું ? ક્યાં જાઉં ? માટે હે બ્રહ્મદેવો ! કોઈપણ ઉપાયથી મારા પૂર્વજો મુક્ત થાય એવો ઉપાય બતાવો.''

બ્રાહ્મણોએ કહ્યું, હે રાજન્ ! અહિં સમીપમાંજ પર્વતમુનિનો આશ્રમ છે, તે મુનિ ભૂત, ભવિષ્ય સર્વે વાતને જાણે છે. આ વાત સાંભળીને તે રાજા, બ્રાહ્મણો અને પ્રજાની સાથે પર્વતમુનિના આશ્રમમાં ગયા, પર્વતમુનિની આસપાસ ઋગ્વેદી, યજુર્વેદી, સામવેદી અને અથર્વવેદી મુનિઓ બેઠા હતા. તે મુનિને જોઈ વૈખાનસ રાજાએ દંડવત્ પ્રણામ કર્યા, ત્યારે મુનિરાજે રાજ્યની કુશળતાના સમાચાર પૂછ્યા.

રાજાએ કહ્યું, ''હે મુનિરાજ ! આપની કૃપાથી રાજ્ય સર્વરીતે કુશળ છે. અને વૈભવ પણ છે, પણ હે મહારાજ ! એક વિઘ્ન આવી પડ્યું છે, જે સંશય આપને પૂછવા આવ્યો છું.'' એવાં રાજાનાં વચન સાંભળી પર્વતમુનિએ ધ્યાન ધરી, ભૂત, ભવિષ્યનો વિચાર કર્યો. ત્યારપછી રાજાને કહેવા લાગ્યા.

મુનિરાજે કહ્યું, ''હે રાજન્ ! તારા પિતાએ ઘણાં અધમ કર્મો કર્યા છે, પૂર્વજન્મમાં તારા પિતાને બે સ્ત્રીઓ હતી. તેમાં એક માનીતી અને બીજી અણમાનીતી હતી, અણમાનીતીની કામેચ્છા પુરી નહીં થવાથી, તેનાં પાપથી તારા પિતા નરકમાં પડેલા છે.''

રાજાએ પુછ્યું ''હે મુનિ ! કયા પ્રકારનું વ્રત દાન કરવાથી મારા પિતાની મુક્તિ થાય તે મને કહો.''

મુનિએ કહ્યું ''હે રાજન્ ! માર્ગશીર્ષ સુદી એકાદશી જે મોક્ષદા નામની શ્રીહરિની તિથિ છે, તેનું ઉપવાસ સહિત વ્રત કરીને

તેનું પુણ્ય તારા પિતાને આપ, તે પુણ્યના પ્રભાવથી તે મુક્ત થશે.'' એવાં મુનિનાં વચન સાંભળી તે રાજા ઘેર આવ્યો, પછી જ્યારે માર્ગશીર્ષ સુદ એકાદશી આવી ત્યારે સર્વે રાણીઓની અને પુત્રોની સાથે રાજાએ વિધિથી વ્રત કર્યું, અને તેનું પુણ્ય પોતાના પિતાને આપ્યું. તેજ વખતે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઇ અને રાજાના પિતા સ્તુતિ કરતા દેવોની સાથે સ્વર્ગમાં ગયા. અને આકાશમાંથી 'હે પુત્ર ! તારું સદા કલ્યાણ થાઓ.' એમ સ્પષ્ટ વાણીથી રાજાને કહેવા લાગ્યા.

હે યુધિષ્ઠિર ! આ પ્રમાણે જે માણસ મોક્ષદા એકાદશીનું વ્રત કરે છે તે સર્વ પાપોથી મુક્ત થઇને અંતે મોક્ષને પામે છે. મોક્ષ આપનારી આથી શ્રેષ્ઠ બીજી કોઇ પણ એકાદશી નથી. જે મનુષ્યો આ એકાદશીને દિવસે ઉપવાસ કરે છે, તેને વર્ણન ન કરી શકાય તેટલું પુણ્ય પ્રાપ્ત થાય છે.

આ કથાનો પાઠ કરવાથી અથવા શ્રવણ કરવાથી વાજપેય યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે. આ એકાદશી સ્વર્ગ તથા મોક્ષને ઇચ્છા પ્રમાણે આપનારી છે. અક્ષરધામને આપનારી છે. માટે જ ચિંતામણી જેવી છે. આવી રીતે બ્રહ્માંડપુરાણમાં મોક્ષદા નામની માર્ગશીર્ષ સુદ એકાદશીનું માહાત્મ્ય કહેલું છે.

ઇતિશ્રી બ્રહ્માંડ પુરાણે શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર સંવાદે માર્ગશીર્ષ શુક્લૈ મોક્ષદૈકાદશી માહાત્મ્ય સંપૂર્ણમ્.

## માગસર વદી સફલા એકાદશી. (૪)

યુધિષ્ઠિરે પુછ્યું, હે પ્રભુ ! હે સ્વામિન્ ! હે જનાર્દન ! માર્ગશીર્ષ વદી એકાદશીનું શું નામ છે ? તેનો કેવો પ્રકાર છે અને તેમાં કયા દેવનું પૂજન કરવું ? એ મને વિસ્તારથી કહો.



શ્રીકૃષ્ણે કહ્યું, હે યુધિષ્ઠિર ! હું જેવો એકાદશીના વ્રતથી પ્રસન્ન થાઉં છું. તેવો ઘણી દક્ષિણાવાળા યજ્ઞોથી પણ પ્રસન્ન થતો નથી. હે રાજન્ ! માર્ગશીર્ષના કૃષ્ણ પક્ષની જે એકાદશી છે તેની કથા કહું છું તે એકાગ્ર ચિત્તથી સાંભળો. લોકોના હિત માટે માર્ગશીર્ષ વદી એકાદશી અને તેના પ્રકાર કહું છું, આ એકાદશી ''સફલા'' તરીકે ઓળખાય છે. તેના અધિદેવ નારાયણ છે. માટે વિધિથી તેની પૂજા કરવી, જેમ સર્પોમાં શેષનાગ, પક્ષીઓમાં ગરૂડ, યજ્ઞોમાં અશ્વમેઘ, નદીઓમાં ગંગા, દેવોમાં વિષ્ણુ અને મનુષ્યોમાં બ્રાહ્મણ ઉત્તમ છે. તેમ જ સઘળા વ્રતોમાં એકાદશી વ્રત ઉત્તમ છે. જે મને અત્યંત પ્રિય છે.

હવે સફલા એકાદશીનો પૂજા પ્રકાર કહું છું. તે સાંભળો, નાળિયેર, બીજોરા, લીંબુ, દાડમ, સોપારી, લવિંગ, જે સમયે જે તે દેશના ફળ વડે ધૂપ, દીપ વડે નારાયણની પૂજા કરવી. આ સફલા એકાદશીના દિવસે દીપદાન અવશ્ય કરવું, રાત્રીએ જાગરણ કરવું. જેથી પાંચહજાર વર્ષની તપશ્ચર્યાનું ફળ મળે છે.

હે યુધિષ્ઠિર, હવે સફલા એકાદશીના માહાત્મ્યની કથા કહું છું. તે ધ્યાનથી સાંભળો.

ચંપાવતી નામે એક નગરી હતી, તેમાં માહિષ્મત નામે રાજા રાજ્ય કરતા હતા. તેને ચાર પુત્રો હતા. તેમનો મોટો પુત્ર મહાપાપી હતો. જુગટું ખેલવામાં તથા વેશ્યામાં આસક્ત હતો. તે પિતાના ધનનો નાશ કરવા માંડ્યો. તેનું નામ લુંપક હતું, આવા દુરાચારી પુત્રને રાજાએ રાજ્યમાંથી કાઢી મૂક્યો. પછી તે લુંપક વિચાર કરવા લાગ્યો, પિતા તથા સગાં સંબંધીઓએ મારો તિરસ્કાર કર્યો છે, મારે હવે શું કરવું ? તેનો તેને દુષ્ટ વિચાર આવ્યો, દિવસે વનમાં વસવું

અને રાત્રે શહેરમાં આવી નુકશાન કરવું, આમ વિચારી લુંપક ઘોર વનમાં ગયો, પછી રાત્રીએ આવી મનુષ્યોને જીવથી મારી ચોરી કરતો હતો, આમ પાપી લુંપકે સઘળું શહેર પાયમાલ કરી નાખ્યું, દિવસે વનમાં નિત્ય માંસ અને ફળ ખાઈ પોતાનો નિભાવ કરતો, આ દુષ્ટ લુંપક જે આશ્રમમાં રહેતો હતો તે નારાયણને પ્રિય હતો. ત્યાં એક ઘણાં વર્ષો જૂનો પીપળો હતો, તે વનમાં દેવની પેઠે પૂજાતો હતો. આમ લુંપકને પાપ કર્મ કરતાં દિવસો નીકળી ગયા. એમ કરતાં માર્ગશીર્ષ માસની સફલા એકાદશીનો દિવસ આવ્યો, આગલી રાત્રીમાં ટાઢ ઘણી પડવાથી લુંપકને વસ્ત્ર વગર ઘણી પીડા થઈ, તેથી તે પીપળા તળે બેઠો પણ નિદ્રા આવી નહીં, આવી રીતે ટાઢમાં થરથરતાં આખી રાત નીકળી ગઈ. આ દિવસ સફલા એકાદશીનો હતો. જ્યારે બપોર થયા ત્યારે ઉંઘમાંથી ઉઠવાનું ભાન આવ્યું, પછી પાંગળાની પેઠે વનમાં ફરવા લાગ્યો, ભૂખ ખૂબજ લાગી હોવાથી પૃથ્વી પર પડેલાં ફળ લીધાં, ધીમે ધીમે પીપળા નીચે આવ્યો ત્યાં તો દિવસ આથમવા આવ્યો, દુઃખનો માર્યો વિલાપ કરવા લાગ્યો, પછી લાવેલાં ફળો પીપળાના મૂળમાં મૂક્યાં ને બોલ્યો, આ ફળોથી હરિ ભગવાન પ્રસન્ન થાઓ. એવી રીતે શ્રીહરિને ધર્યાં ને પોતે બેસી રહ્યો. તે રાત્રીમાં તેને નિદ્રા આવી નહીં.

હે યુધિષ્ઠિર ! તેથી નારાયણે સફલા એકાદશીમાં તેનું જાગરણ માન્યું અને તેણે પેલાં ફળો ધર્યાં તેથી પૂજા માની લીધી. આવી રીતે લુંપકે સફલા એકાદશીને દિવસે અજાણતાં ઉત્તમ વ્રત કર્યું. તેના પૂણ્યરૂપે રાજ્ય મળ્યું. હવે કેવી રીતે રાજ્ય મળ્યું તે કહું છું તે સાંભળો.

એકાદશીની રાત્રી ગઈ અને સૂર્યોદય થયો ત્યારે એક દિવ્ય



ઘોડો ત્યાં આવ્યો, તેની ઉપર સઘળી સામગ્રી પણ દિવ્ય હતી. તે ઘોડો લુંપકની પાસે આવી ઊભો રહ્યો અને આકાશવાણી થઈ કે, હે રાજકુમાર ! સફલા એકાદશીના પ્રભાવથી તને શત્રુ રહિત રાજ્ય મળશે. તારા પિતાની પાસે ચાલ અને રાજ્ય ભોગવ. અને અશ્વ પર ચડ્યો કે તેનું રૂપ અલૌકિક થયું. લુંપક પોતાના રાજ્યમાં આવ્યો અને પિતાની પાસે ઊભો રહ્યો. પિતાએ તેને રાજ્ય આપ્યું. અને ઘણાં વર્ષો સુધી સુખ ભોગવ્યું. લુંપક નિરંતર એકાદશી વ્રત તથા વિષ્ણુ ભક્તિ કરવા લાગ્યો. તેની સ્ત્રી તથા પુત્રો પણ તેને અનુસરવા લાગ્યાં. અને વૃધ્ધાવસ્થા બાદ પોતાના પુત્રને રાજ્ય સોંપી આત્મસાધના કરી વૈકુંઠમાં ગયો. જે મનુષ્યો આ સફલા એકાદશીનું વ્રત વિધિ પૂર્વક કરશે તે મનુષ્ય આયુષ્યને અંતે મોક્ષ પામશે. જે મનુષ્ય સફલા એકાદશીનું માહાત્મ્ય સાંભળે છે, તેને રાજસૂય યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે.

॥ ઈતિ શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર સંવાદે માર્ગશીર્ષ કૃષ્ણૈકાદશ્યાં સફલા નામ્ન્યા મહાત્મ્યં સંપૂર્ણમ્ ॥

## પોષ સુદી પુત્રદા એકાદશી. (૫)

યુધિષ્ઠિરે પૂછ્યું, હે શ્રીકૃષ્ણ ! પોષ સુદી એકાદશીનું શું નામ છે ? તેનો કયો પ્રકાર છે ? તેમાં કયા દેવનું પૂજન કરવું ? વિગેરે વિસ્તારથી કહો.

શ્રીકૃષ્ણ કહે, હે રાજા યુધિષ્ઠિર ! આ એકાદશી સર્વે પાપોને હરનારી અને ઉત્તમ છે, તેનું નામ પુત્રદા છે. તેના અધિદેવ નારાયણ છે અને સર્વે સિધ્ધિને આપનાર છે. આ એકાદશીનું વ્રત કરવાથી વિદ્યા, યશ અને લક્ષ્મી પ્રાપ્ત થાય છે. હે રાજન્ ! પાપને હરનારી

શ્રેષ્ઠ કથા હું કહું છું તે સાંભળ.

ભદ્રાવતી નામની નગરી હતી, તેમાં સુકેતુમાન રાજા રાજ્ય કરતા હતા. તેને શૈબ્યા નામની રાણી હતી. પરણ્યા બાદ ઘણાં વર્ષે પણ પુત્ર ન થયો, આથી રાજાના મનમાં ચિંતા પેઠી, તેથી રાજા અને રાણી પુત્ર વગર દુઃખી હતાં, તેને સુખ સમૃધ્ધિ હોવા છતાં પણ ક્યાંય ચેન પડતું ન હતું. તેના મનમાં એવા વિચારો આવતા હતા, જેને પુત્ર નથી તેનો જન્મ વૃથા છે. પુત્ર વિના પિતૃ, દેવ, મનુષ્યનું ઋણ ઉતરતું નથી. જેના ઘરમાં પુત્ર, પૌત્ર વિગેરે પરિવાર હોય તે પુણ્યવાન કહેવાય છે. પોતાના કલ્યાણ માટે ફરીથી વિચાર કરી, પુરોહિત કે બીજા કોઈપણ ન જાણે તેવી રીતે રાજા ઘોડા ઉપર બેસી વનમાં ચાલ્યો ગયો.

વડ, પિપળા, બીલી, બકુલ, તિંદુક, ગુંદા વિગેરે કેટલાંક સુશોભિત વૃક્ષો જોવામાં આવ્યાં. હાથી, હરણ, વાઘ, સિંહ, વાનર વિગેરે જનાવરો જોવામાં આવ્યાં.

કોઈ જગ્યાએ શિયાળના, ઘુવડના શબ્દો સંભળાતા હતા, આવું ભયંકર અને આશ્ચર્યકારક વન જોતો જોતો રાજા ફરતો હતો તેવામાં મધ્યાહ્ન થઈ ગયું, તરસથી રાજાના ગળામાં શોષ પડ્યો, મોઢું સુકાવા લાગ્યું, રાજા વિચારે છે, મેં યજ્ઞયાગાદિ, બ્રાહ્મણોને ભોજન, વસ્ત્ર, ગૌદાન આદિ ઘણું જ પુણ્ય કર્યું છે, પ્રજાનું પુત્રવત્ પાલન કર્યું છે. છતાં આવું દારૂણ દુઃખ કેમ આવી પડ્યું ? આમ વિચાર કરતાં આગળ ચાલતાં મનોહર તળાવ નજરે પડ્યું. તેમાં મગર, મત્સ્ય, રાજહંસો વિગેરે શબ્દ કરતા હતા, આગળ ચાલતાં તળાવના કિનારે ઋષિઓ જોવામાં આવ્યા. તેઓ વૈદિક મંત્રોના જાપ કરતા હતા, રાજાએ ઘોડાપરથી ઉતરી તેઓની પાસે જઈ હાથ જોડી



દંડવત્ પ્રણામ કર્યા, ઋષિઓ કહેવા લાગ્યા હે રાજા ! આજે અમો પ્રસન્ન છીએ માટે જે મનમાં હોય તે કહો.

રાજાએ કહ્યું, હે મુનિઓ ! તપસ્વી એવા આપ કોણ છો ? આપનાં નામ શું છે ? એ મને યથાર્થ કહો.

મુનિઓ બોલ્યા, હે રાજન્ ! અમો વિશ્વદેવો છીએ. અમો અહીં સ્નાન કરવા માટે આવ્યા છીએ. આજે પુત્રદા નામની શુક્લ પક્ષની એકાદશી છે. આ દિવસે વ્રત કરવાથી પુત્ર ઈચ્છનારને પુત્ર થાય છે.

રાજાએ કહ્યું, હે મુનિઓ ! હું પણ પુત્ર પ્રાપ્તિ માટે મોટો યત્ન કરું છું. માટે આપ જો સર્વે પ્રસન્ન થયા હો તો મને ઉત્તમ પુત્ર આપો.

મુનિઓ બોલ્યા, હે રાજન્ ! આજે જ પુત્રદા નામની ઉત્તમ એકાદશી છે, માટે તમે તે ઉત્તમ વ્રત કરો. તેથી વિષ્ણુકૃપા અને અમારા આશીર્વાદથી અવશ્ય પુત્ર થશે. આવાં ઋષિઓનાં વચન સાંભળી રાજાએ તે દિવસે ઉત્તમ વ્રત કર્યું. અને બારસને દિવસે પારણું કરી મુનિઓને વારંવાર નમસ્કાર કરી રાજા ઘેર આવ્યો. પછી મુનિઓના આશીર્વાદથી તથા પુત્રદા એકાદશીના પ્રભાવથી રાણીને ગર્ભ રહ્યો. અને નવ માસ પુરા થયા બાદ સુંદર પુત્રનો જન્મ થયો. જે તેજસ્વી અને પુણ્ય કરનારો હતો. મોટો થયો ત્યારે પ્રજાનું સારી રીતે પાલન કરતો હતો. હે રાજન્ ! એટલા માટે પુત્રદા એકાદશીનું વ્રત કરવું જોઈએ. મેં લોકના કલ્યાણ માટે આ વ્રત તમારી પાસે કહેલ છે. જે મનુષ્ય આ પુત્રદા એકાદશીનું વ્રત કરશે, તે આલોકમાં પુત્ર સુખ ભોગવી ભગવાનના ધામમાં જશે. હે રાજન્ ! આ કથાનો પાઠ કરવાથી અથવા સાંભળવાથી અશ્વમેઘ યજ્ઞનું

ફળ પ્રાપ્ત થાય છે. એવી રીતે ભવિષ્યોત્તર પુરાણમાં પૌષ શુક્લ પક્ષની પુત્રદા નામની એકાદશીનું માહાત્મ્ય કહેલું છે.

॥ ઇતિ શ્રી ભવિષ્યોત્તર પુરાણે પૌષ શુક્લૈકાદશ્યાં પુત્રદાનામ્ન્યા મહાત્મ્યં સંપૂર્ણમ્ ॥

## પોષ વદી ષટ્તિલા એકાદશી. (૯)

દાલભ્ય ઋષિ પૂછવા લાગ્યા, હે બ્રહ્મન્ ! આલોકના જે પ્રાણીઓ બ્રહ્મહત્યા જેવાં અનેક પાપો કરે છે, પર દ્રવ્ય હરે છે, તો પણ એ પાપીલોકો નરકમાં કેમ પડતા નથી ? થોડું દાન કરવાથી શ્રમ વિના પાપ શાંત થાય, એવું દાન આપ કહો.

પૌલસ્ત્યે કહ્યું, હે ભાગ્યવાન્ ! તમે ઉત્તમ પ્રશ્ન કર્યો. આનો ઉત્તર અતિ દુર્લભ છે, બ્રહ્માદિક દેવોએ પણ જે વાત કોઇ પાસે કહી નથી તે હું તમારી પાસે કહું છું. પોષ માસમાં જે દિવસે પુષ્ય નક્ષત્ર હોય, તે દિવસે સ્નાન કરી, પવિત્ર થઇ, કામ, ક્રોધ, અભિમાન આ સર્વે દોષોનો ત્યાગ કરી, નારાયણ ભગવાનનું સ્મરણ કરી, જળથી પગ ધોઇ, છાણ ભેળું કરવું, તેમાં તલ, કપાસ નાખી તેના પીંડીયા વાળવા, પછી પોષ વદ પક્ષમાં પૂર્વાષાઢા અથવા મૂલ નક્ષત્ર હોય ત્યારે ૧૦૮ આહુતિઓનો હોમ કરવો, અને એકાદશીને દિવસે નિયમ લેવો. સ્નાન કરી પવિત્ર થઇ નારાયણની પૂજા કરી નામ લઇ ઉપવાસ કરવો. રાત્રીએ હોમ કરી જાગરણ કરવું. બીજા દિવસે ચંદન, અગર, કપૂર, તલ વિગેરે ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરવું, અને ખીચડીનું નૈવેદ્ય ધરવું, પછી કેળાં, નાળિયેર, બિજોરું કાંઇ ન મળે તો સોપારીનો અર્ઘ્ય આપવો, અને કહેવું. હે કૃષ્ણ ! આપ દયાળુ છો, નિરાધારના આધાર છો, હું આપને નમસ્કાર કરું છું. હે



જગતપતે ! લક્ષ્મી સહિત આપ મારા અર્ઘ્યનું ગ્રહણ કરો. પછી બ્રાહ્મણની પૂજા કરી, તેને જળનો ઘડો દ્રવ્ય નાખી આપવો, પગમાં પહેરવા પગરખાં આપવાં, દાન આપતી વખતે શ્રીકૃષ્ણ મારા પર પ્રસન્ન થાઓ એમ કહેવું. જો શક્ય હોય તો ગાય અને કાંસાનું તલપાત્ર બ્રાહ્મણને આપવું, સ્નાનમાં અને ભોજનમાં ધોળા તલ લેવા ને દાનમાં કાળા તલ વાપરવા, તલથી સ્નાન કરવું, શરીરે તલ ચોપડવા, તલનો હોમ કરવો, તલ સહિત જળ પીવું, તલ ખાવા અને તલનું દાન કરવું, આ તલના છ પ્રકાર પાપનો નાશ કરનાર છે. તો આપ ષટ્તિલા એકાદશી કરવાથી કેવું ફળ થાય છે તેની કથા મને કહો.

હે નારદ ! પૂર્વે મનુષ્ય લોકમાં એક બ્રાહ્મણી હતી. તે નિરંતર વ્રતપરાયણ હતી. દેવપૂજામાં નિત્ય તત્પર રહેતી. ઉપવાસ કરી તે સ્ત્રીએ શરીરને ઘણું જ કષ્ટ આપ્યું. તે બ્રાહ્મણોને અને કુમારિકાઓને નિત્ય દાન આપતી, પણ દેવો તથા ગરીબોને અન્નથી તૃપ્ત કર્યા નહીં. ભગવાન બોલ્યા, ‘‘મેં વિચાર કર્યો કે, બ્રાહ્મણીએ વૈકુંઠલોક મેળવ્યો છે. પણ અન્નદાન વગર પરમ તૃપ્તિ થાય નહીં. તેથી હું કાપાલિકનું રૂપ ધારણ કરી મૃત્યુલોકમાં ગયો ને પાત્ર ધરીને ભિક્ષા માગી.’’

બ્રાહ્મણી બોલી, હે મહારાજ ! તમારા અત્રે આવવાનું કારણ સત્ય કહો, મેં કહ્યું, હે સુંદરી ! મને ભિક્ષા આપો. તેણે કોપ કરી માટીનો પીંડો આપ્યો, તે લઇ હું સ્વર્ગમાં આવ્યો, કેટલાક કાળ પછી વ્રતના પ્રભાવથી બ્રાહ્મણી સદેહે સ્વર્ગમાં આવી. એના માટે ઘર તૈયાર હતું, પણ ત્યાં કંઇ જોવામાં આવ્યું નહીં. તે ક્રોધથી કહેવા લાગી, મેં ઘણાં વ્રતો, ઉપવાસો કર્યા છતાં પણ અહીં કોઇ સગવડ જોવામાં આવતી નથી તેનું કારણ તમે કહો. મેં કહ્યું, હે સ્ત્રી ! તું ઘેર જા, ત્યાં તને જોવા માટે અલૌકિક રૂપવાળી દેવાંગનાઓ આવશે.

જો તેઓ ષટ્તિલા એકાદશીનું વ્રત કહે તો જ તું બારણું ઉઘાડજે, પછી એ બ્રાહ્મણી પોતાને ઘેર ગઈ, હે નારદ ! દેવાંગનાઓ ત્યાં આવી અને તેમને કહ્યું કે, હે સુંદર મુખવાળી ! અમે તને જોવા આવ્યાં છીએ, માટે બારણું ઉઘાડ.

બ્રાહ્મણીએ કહ્યું, હે દેવીઓ ! મને ષટ્તિલા એકાદશીનું વ્રત કહો તો જ બારણું ખોલશે. ત્યારે દેવાઙ્ગનાઓએ વ્રત કહ્યું, પછી બ્રાહ્મણીએ બારણું ખોલ્યું. ત્યારે અંદર આવી જોયું તો, મર્ત્યલોકના જેવી જ સ્ત્રી જોવામાં આવી, પછી દેવીઓના કહેવાથી તે બ્રાહ્મણીએ ભોગ તથા મોક્ષ આપનારી ષટ્તિલા એકાદશીનું વ્રત કર્યું, તેના પ્રભાવથી બ્રાહ્મણીના ઘરમાં ધન, ધાન્ય, વસ્ત્ર, સોનું અને રૂપું સઘળી સમૃધ્ધિ થઈ. પોતાની શક્તિ પ્રમાણે આ એકાદશીના દિવસે તલ અને વસ્ત્ર વગેરેનું દાન કરે છે, ઉપવાસ કરે છે, તેને દારિદ્રય, દુઃખ, દુર્ભાગ્ય આવતું નથી.

હે નારદ ! જે માણસ વિધિથી તલનું દાન કરે છે તે સર્વ પાપોમાંથી મુક્ત થાય છે. તેને અનર્થ થતો નથી. અને વિધિપૂર્વક કરેલ તલનું દાન સર્વ પાપનો નાશ કરનાર છે.

આવી રીતે ભવિષ્ય પુરાણમાં ષટ્તિલા નામની પોષ વદી એકાદશીનું માહાત્મ્ય કહેલું છે.

॥ ઈતિ શ્રી ભવિષ્યોત્તર પુરાણે પૌષ કૃષ્ણૈકાદશ્યાઃ ષટ્તિલાનામ્ન્યા માહાત્મ્યં સંપૂર્ણમ્ ॥

## મહા શુદી જયા એકાદશી. (૭)

યુધિષ્ઠિરે પૂછ્યું, હે કૃષ્ણ ! હે આદિદેવ ! હે જગતપતે ! સ્વેદજ, અંડજ, ઉદ્ભિજ અને જરાયુજ એ બધા જીવોને આપ



ઉત્પન્ન, રક્ષણ તેમજ નાશ કરનારા છો. હવે આપ મહા સુદી એકાદશીનું શું નામ છે ? તેનો કેવો પ્રકાર છે ? તેમાં કયા દેવનું પૂજન કરવું ? તે કૃપા કરી કહો.

શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું, હે યુધિષ્ઠિર ! હવે આપ તેનું માહાત્મ્ય ધ્યાન પૂર્વક સાંભળો. એ એકાદશીનું નામ જયા છે, પવિત્ર છે, સર્વ કામનાઓ પૂરનારી છે, મોક્ષ આપનારી છે અને પિશાચપણાને મટાડનારી છે. જયાનું વ્રત કરવાથી મનુષ્યોને પ્રેતપણું આવતું નથી. આ જયાનો મહિમા પદ્મપુરાણમાં કહ્યો છે. તેની આપ શુભ કથા સાંભળો.

સ્વર્ગનો રાજા ઈન્દ્ર, અમૃતપાનમાં તત્પર એવા દેવો અને અપ્સરાઓની સાથે સ્વર્ગમાં સુખેથી રહેતો હતો, એક વખત ઈન્દ્રસભામાં અપ્સરાઓ નૃત્ય કરી રહી હતી. પુષ્પદંત, ચિત્રસેન અને તેના પુત્રો ગાયન કરતા હતા. ચિત્રસેનને પુષ્પવાન નામનો પુત્ર હતો, અને તેને માલ્યવાન નામે પુત્ર હતો. આ માલ્યવાનને ગંધર્વીએ કટાક્ષથી વશ કરી લીધો હતો. તેમજ માલ્યવાને પણ ગંધર્વીને વશ કરી હતી. તેઓ બન્ને ઈન્દ્રને પ્રસન્ન કરવા માટે નૃત્ય કરતાં હતાં. પણ નૃત્યમાં ધ્યાન આપવાને બદલે પરસ્પર નેત્ર પલ્લવી વડે એકબીજાને આકર્ષિત કરવા વધુ ધ્યાન આપવા લાગ્યાં, આથી ઈન્દ્રે કોપાયમાન થઈ શાપ આપ્યો, 'હે દુષ્ટો ! તમે બન્ને પાપી છો, મૂઢ છો, મારી આજ્ઞાનો ભંગ કર્યો છે, તેથી મનુષ્ય લોકમાં પિશાચયોનિમાં સ્ત્રી, પુરુષ થઈ કર્મ ફળ ભોગવો.'

આવા ઈન્દ્રના શાપથી હિમાલય પર્વત ઉપર પિશાચયોનિમાં અવતર્યા અને દુઃખ પામવા લાગ્યાં, તેઓના દેહમાં સતત દાહ થયા કરતો હતો, તેથી નિદ્રા પણ આવતી ન હતી અને પર્વતની ગુફામાં

ફરતાં હતાં.

એક વખત ટાઢથી પીડાતા પિશાચે પોતાની સ્ત્રી પિશાચણીને કહ્યું, અરે ! ! ! આપણે કયું પાપ કર્યું હશે. જેથી પિશાચનો દેહ મળ્યો, આ દેહમાં તો નરક જેવું દુઃખ છે.

એટલામાં કોઈ પુણ્યે માઘ સુદી એકાદશીનો દિવસ આવ્યો. તે દિવસે તેઓએ કોઈ જીવની હિંસા કરી નહીં. ફળ ખાધાં નહીં, પાણી પીધું નહીં, અને પીપળાના વૃક્ષ સમીપે પડ્યાં રહ્યાં. આવી રીતે સૂર્યાસ્ત થયો અને ઘોર રાત્રી પડી, શરીર સખત ઠંડીથી લાકડાં જેવાં થઈ ગયાં, નિદ્રા પણ આવી નહીં. આવી રીતે તેઓની રાત્રી જાગરણમાં નીકળી ગઈ. આમ અનાયાસે એકાદશીનું વ્રત થયું. અને બારસ આવી ત્યારે નારાયણના પ્રભાવથી તેઓનું પિશાચપણું ચાલ્યું ગયું, અને પ્રથમનાં જેવું અલૌકિકરૂપ થયું. પછી પુષ્પવતી ને માલ્યવાન બન્ને વિમાનમાં બેસી અપ્સરાઓની સાથે સ્વર્ગમાં ગયાં, ઈન્દ્ર પાસે જઈ પ્રણામ કર્યા. ઈન્દ્ર આશ્ચર્યથી બોલ્યો, કયા પુણ્યથી તમારું પિશાચપણું છૂટી ગયું ? તે વિગતવાર કહો.

માલ્યવાને કહ્યું, હે ઈન્દ્ર દેવ ! નારાયણની કૃપાથી જયા એકાદશીના વ્રતથી પિશાચપણાથી અમો મુક્ત થયાં છીએ. ત્યારે ઈન્દ્ર કહે, જે માણસ વિષ્ણુની ભક્તિમાં તત્પર હોય છે અને એકાદશીનું વ્રત કરે છે તે પૂજવા યોગ્ય અને વંદન કરવા યોગ્ય છે. માટે હે ગાંધર્વ ! સ્વર્ગમાં પુષ્પવતીની સાથે સુખેથી વિહાર કરો.

શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું, ‘‘હે યુધિષ્ઠિર ! એટલા માટે બ્રહ્મહત્યાને હરનાર જયા એકાદશીનું વ્રત કરવું. જે માણસ આ એકાદશી કરે છે તેને સર્વદાન, યજ્ઞ અને તીર્થમાં સ્નાન કરવાનું ફળ મળે છે, અને કરોડો કલ્પ સુધી ધામને વિષે આનંદ પામે છે.’’



હે રાજન્ ! આ કથાનો પાઠ કરવાથી અને શ્રવણ કરવાથી અગ્નિષ્ટોમ નામના યજ્ઞનું ફળ મળે છે.

આવી રીતે ભવિષ્ય પુરાણમાં માઘ શુક્લ પક્ષની જયા એકાદશીનું માહાત્મ્ય કહેલું છે.

॥ ઈતિ શ્રી ભવિષ્યોત્તર પુરાણે માઘ શુક્લૈકાદશ્યાં જયા માહાત્મ્યં સંપૂર્ણમ્ ॥

## મહા વદી વિજયા એકાદશી. (૮)

યુધિષ્ઠિરે પૂછ્યું, ‘‘હે વાસુદેવ ! હે કૃપાસિંધો ! મહા વદી એકાદશીનું શું નામ છે તે કૃપા કરીને કહો.

શ્રીકૃષ્ણે કહ્યું, હે રાજેન્દ્ર ! માઘ વદી એકાદશીનું વ્રત કહું છું તે સાંભળો, આ એકાદશીનું નામ વિજયા છે. આ એકાદશીનું વ્રત કરનાર સદા જય પામે છે. તેના વ્રતનું માહાત્મ્ય સઘળાં પાપોને હરનાર અને ઉત્તમ છે.

નારદના કહેવાથી બ્રહ્મા બોલ્યા, પાપ હરનારી ઉત્તમ કથા સાંભળો, આ વિજયાવ્રત પ્રાચિન, પવિત્ર અને પાપનો નાશ કરનાર છે. આ વિજયાવ્રત કરવાથી મનુષ્યોને જય મળે છે. એમાં સંશય નથી.

રામ ચૌદવર્ષ વનવાસ ગાળવા માટે સીતાજી અને લક્ષ્મણની સાથે પંચવટીમાં જઈ વસ્યા, એક દિવસ રાવણ સીતાને હરી ગયો. આથી સુગ્રીવની મદદથી વાનર સૈન્ય એકઠું કરી રામ સીતાની શોધ કરવા નીકળ્યા, સીતાની શોધ માટે રામભક્ત હનુમાનજીએ મોટું કાર્ય કર્યું. પછી સમુદ્રપાર કરવા માટે રામે લક્ષ્મણને કહ્યું, હે લક્ષ્મણ ! આ સમુદ્રના અગાધ જળને કયા પુણ્યથી

તરી શકીશું ?

લક્ષ્મણે કહ્યું, 'હે મહારાજ ! હે પુરાણપૂરુષોત્તમ ! આપ જ આદિદેવ છો. આ દ્વીપમાં બે કોશને છેટે એક આશ્રમ છે. તેમાં બકદાલભ્ય મુનિ રહે છે, તેમણે ઘણા બ્રહ્માઓ દીઠા છે, માટે એ પુરાણા મુનિશ્રેષ્ઠને પૂછવાથી તેનો ખુલાસો મળશે.' પછી શ્રીરામે મોટામુનિ પાસે જઈ મસ્તક નમાવી નમસ્કાર કર્યા. ત્યારે પુરુષોત્તમ રામ આવ્યા છે એમ જાણી, આપ ક્યાંથી પધાર્યા ? એમ મુનિરાજે પૂછ્યું, ત્યારે શ્રીરામે કહ્યું, 'હે મહારાજ ! હું આપની કૃપાથી લંકાના રાક્ષસોને જીતવા માટે સૈન્ય સાથે સમુદ્ર કિનારા સુધી આવ્યો છું, હવે આ સમુદ્રપાર ઉતરી શકાય તેવો ઉપાય કૃપા કરી કહો.'

મુનિરાજે કહ્યું, હે રામ ! વિજયા નામથી જે પ્રસિધ્ધ છે, એવી મહા વદી એકાદશીનું વ્રત કરવાથી સમુદ્રપાર કરી અવશ્ય વિજય પ્રાપ્ત કરશો, તેમાં સંશય નથી. હવે ફળ આપનારી વિધિ સાંભળો.

દશમીને દિવસે સોના, રૂપા, તાંબા અથવા માટીનો એક ઘડો લેવો, પછી સ્થંડિલ કરી તે પર સાત ધાન્યને પાથરી, તેના ઉપર પંચ પલ્લવ (પાંદડાં) વાળા જવથી ભરેલા ઘડાને મૂકીને, તેના ઉપર જળથી ભરેલું ત્રભાણું મૂકવું, ત્રભાણાંની અંદર વિષ્ણુની મૂર્તિ પધરાવી, એકાદશીને દિવસે પ્રાતઃસ્નાન કરી, સ્થાપિત ઘડા ઉપર ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય વગેરે ઉપચારોથી નારાયણની પૂજા કરવી. આખો દિવસ દેવની પૂજામાં પસાર કરવો, અને આખી રાત્રી જાગરણ કરવું. બારસને દિવસે સૂર્યોદય સમયે પેલો ઘડો નદી, તળાવ અથવા કોઈ જળાશય પાસે રાખવો. ત્યાં વિધિથી તેની પૂજા કરવી. તે કુંભ અને નારાયણની મૂર્તિ ઉત્તમ બ્રાહ્મણને દાનમાં



આપી દેવી. હે રામ ! તમે સૈન્ય સાથે વિધિથી આ વ્રત કરો, મુનિરાજના કહેવા પ્રમાણે વ્રત કરવાથી તેમનો વિજય થયો. એટલા માટે હે નારદ ! વિજયા એકાદશીનું વ્રત કરવું. તેના પાઠ અને શ્રવણથી વાજપેય યજ્ઞનું ફળ થાય છે.

આવી રીતે સ્કંદપુરાણમાં મહા વદી વિજયા એકાદશીનું માહાત્મ્ય કહેલું છે.

॥ ઈતિ શ્રી સ્કંદપુરાણે માઘ માસે કૃષ્ણૈકાદશ્યાં વિજયાનામ્ન્યા માહાત્મ્યં સંપૂર્ણમ્ ॥

## ફાગણ સુદી આમલકી એકાદશી. (૯)

માન્ધાતાએ પૂછ્યું, "હે બ્રહ્મન્ ! હે વસિષ્ઠ ! જો મારા ઉપર આપની કૃપા હોય તો સર્વોત્તમ વ્રત તથા તેની કથા કહો."

વસિષ્ઠે કહ્યું, હે રાજન્ ! જે મહાપાપનો નાશ કરનાર છે, મોક્ષ આપનાર છે, હજાર ગૌદાનનું પુણ્ય આપનાર છે. તેવું આમલકી એકાદશીનું વ્રત તમને કહું છું. તેમજ પારાધીના મોક્ષનો ઈતિહાસ પણ કહું છું, તે તમે સાંભળો.

એક વૈદિશ નામનું મોટું સુંદર શહેર હતું, તેમાં ચારે વર્ણો સુખેથી રહેતા હતા, આ શહેરમાં કોઈ પણ નાસ્તિક કે પાપી ન હતો. તેમાં ચૈત્રરથ નામનો સોમવંશી રાજા રાજ્ય કરતો હતો. તે સત્ય પ્રતિજ્ઞાવાળો, શસ્ત્રવિદ્યા અને શાસ્ત્રાર્થમાં પ્રવીણ હતો. તેમાં દશહજાર હાથી જેટલું બળ હતું. આ નગરીમાં કોઈ લોભી કે નિર્ધન જોવામાં આવતો ન હતો. સર્વે પ્રજા નિરોગી હતી, દુષ્કાળ પડતો નહીં. વિશેષમાં સર્વપ્રજા વિષ્ણુની ભક્તિ કરનાર હતી.

શુક્લ અને કૃષ્ણ બન્ને પક્ષની એકાદશીને દિવસે કોઈ પણ

ભોજન કરતું ન હતું, સર્વપ્રજા સુખેથી હરિભક્તિ કરતી હતી. એમ કરતાં ફાગણ માસના શુક્લ પક્ષની આમલકી નામની એકાદશી આવી. આખા શહેરમાં બધાએ નિયમથી વ્રત તથા ઉપવાસ કર્યો. રાજા તથા પ્રજાએ નદીમાં સ્નાન કરી, દેવાલયમાં જઈ સુગંધી જળથી ભરેલો, જેમાં પંચરત્નો મૂકેલાં છે, એવા સુગંધી ચંદનવાળા ઘડાની સ્થાપના કરી, આમળા સહિત પૂજા કરી. પછી જમદગ્નિના પુત્ર પરશુરામની મૂર્તિને નમસ્કાર કર્યા. પછી આમળાના વૃક્ષને કહ્યું કે, હે આમળા ! તમે બ્રહ્માથી ઉત્પન્ન થયાં છો, તમને હું નમસ્કાર કરું છું અને પરશુરામ વડે પૂજીત છો, તેથી હું આપની પ્રદક્ષિણા કરું છું. પછી સઘળાએ યથાશક્તિ જાગરણ કર્યું, તે વખતે ત્યાં એક પારાધી આવ્યો તે ઘણો ભૂખ્યો હતો. પારાધી સઘળા ધર્મથી વિમુખ હતો. ત્યાં જાગરણ કરતા મનુષ્યો પાસે ઘણા દીવા જોયા, સ્થાપિત ઘડો, વિષ્ણુની મૂર્તિ, આમળાનું વૃક્ષ આ બધું જોયું, કથાનું માહાત્મ્ય વંચાતું હતું તે સાંભળ્યું, આમ કરતાં પારાધીની આખી રાત્રી જાગરણમાં પસાર થઈ ગઈ.

પ્રાતઃકાળ થયો ત્યારે સઘળાં મનુષ્યો શહેરમાં ગયાં એટલે પારાધીએ પણ ઘેર જઈ શાંતિથી ભોજન કર્યું. પછી ઘણા વર્ષે એ પારાધી મરણ પામ્યો અને એકાદશી વ્રતના પ્રભાવથી જયંતિ નગરીના વિદૂરથ રાજાને ત્યાં જન્મ્યો. પછી એ વસુરથ નામે આ નગરીનો મોટો રાજા થયો અને ત્યાં ધન ધાન્યાદિ બહુ સમૃધ્ધિ હતી.

આ રાજા સૂર્યના જેવો તેજસ્વી અને એક લાખ ગામનો ધણી હતો, ધર્મિષ્ઠ અને સત્યવાદી હતો, ધાર્મિક કર્મ અને વિષ્ણુભક્તિ કરતો. એક દિવસ મૃગયા કરવા જતાં ભૂલો પડ્યો અને રાત્રી પડતાં ઘોર વનમાં એકલો સૂઈ ગયો, ત્યાં પર્વતમાં રહેનારા



કેટલાક મ્લેચ્છો આવ્યા, જે તેના પૂર્વના વૈરી હતા. આથી તેઓ રાજાને હથિયાર વડે મારવા લાગ્યા, અત્યંત માર મારી થાકી ગયા પણ રાજાને કોઈ જાતની ઈજા થઈ નહીં. આથી મ્લેચ્છો બધા દીન જેવા બની ગયા.

આ વખતે રાજાના શરીરમાંથી ખૂબ સુંદર સ્ત્રી નીકળી, તેણે દિવ્ય ચંદન ચર્ચેલું હતું, દિવ્ય અલંકારો પહેર્યા હતા, હાથમાં ચક્ર હોવાથી કાલરાત્રી જેવી જણાતી હતી. તે સ્ત્રીએ બધા મ્લેચ્છોને મારી નાખ્યા. જ્યારે રાજા જાગ્યો ત્યારે બધા મ્લેચ્છોને પડેલા જોયા અને વિચાર્યું કે આ રક્ષણ કરનાર કોણ હશે ? એટલામાં આકાશવાણી થઈ કે, નારાયણ સિવાય બીજો કોઈ રક્ષણ કરનાર નથી. પછીથી તે રાજા ક્ષેમકુશળ શહેરમાં આવ્યો.

વસિષ્ઠે કહ્યું, હે રાજન્ ! એટલા માટે જે માણસો આમલકી એકાદશીનું વ્રત કરે છે તે વિષ્ણુલોકમાં જાય છે.

આવી રીતે બ્રહ્માંડ પુરાણમાં ફાગણ માસની શુક્લ પક્ષની આમલકી નામની એકાદશીનું માહાત્મ્ય કહેલું છે.

॥ ઈતિ શ્રી બ્રહ્માંડ પુરાણે ફાલ્ગુન શુક્લૈકાદશ્યાં આમલકીનામ્ન્યા માહાત્મ્યં સંપૂર્ણમ્ ॥

## ફાગણ વદી પાપમોચની એકાદશી. (૧૦)

યુધિષ્ઠિરે પૂછ્યું, ''હે કૃષ્ણ ! હવે ફાગણ વદી એકાદશીનું શું નામ છે ? તેનો કેવો પ્રકાર છે અને તેથી શું ફળ થાય છે ? તે સઘળી કથા મારી આગળ કહો.''

શ્રીકૃષ્ણે કહ્યું, હે રાજેન્દ્ર ! જે પાપમોચની એકાદશીનું વ્રત ચક્રવર્તી રાજા માંધાતાના પૂછવાથી લોમશ ઋષિએ કહ્યું હતું તે હું

કહું છું. તે તમે સાંભળો.

લોમશ ઋષિ બોલ્યા, ફાગણમાસના કૃષ્ણ પક્ષની એકાદશી પાપમોચની નામની છે, તે પિશાચપણાનો નાશ કરનારી છે, કામના પૂર્ણ કરનારી, સિધ્ધિ આપનારી, પાપનો નાશ કરનારી આવી એકાદશીની વિચિત્ર કથા કહું છું તે તમે સાંભળો.

ચૈત્રરથ નામનું કુબેરનું વન છે. ત્યાં અપ્સરાઓ રહેતી હતી, તે વનમાં મુનિઓ મોટું તપ કરે છે. ને ઇંદ્ર પણ દેવોની સાથે વસંત ઋતુમાં ક્રીડા કરવા જાય છે. તે વનમાં મેધાવી નામના મુનિ શ્રેષ્ઠ તપશ્ચર્યા કરતા હતા, તેને મોહ પમાડવા માટે 'મંજુઘોષા' અપ્સરાએ નૃત્યનો આરંભ કર્યો. તે વીણા વગાડતી મધુર રાગથી ગાવા લાગી. જેણે પુષ્પની માળા પહેરી છે. ચંદન ચર્ચેલું છે એવી મંજુઘોષાને ગાતી જોઈ, શિવભક્ત મુનિને જીતવા માટે કામદેવ પણ તૈયાર થયો. કામવશ થયેલી અપ્સરા મુનિ સામું જોઈ ગાવા અને નાચવા લાગી, આમ અપ્સરાથી કામદેવે મુનિરાજને વશ કરી લીધા. મુનિરાજ શિવતત્ત્વને ભૂલી જઇ કામ તત્ત્વને વશ થયા. આથી મુનિના નિયમનો જેનાથી નાશ થયેલ છે. એવો કેટલોક કાળ નીકળી ગયો ત્યારે મંજુઘોષાએ મુનિ પાસે સ્વર્ગમાં જવા માટે રજા માગી, કે હે મહારાજ ! હવે મને સ્વર્ગમાં જવા માટેની રજા આપો.

મેધાવી મુનિએ કહ્યું, હે સુંદર મુખવાળી ! સવાર થાય ત્યાં સુધી મારી પાસે રહે, તેથી શાપના ડરથી અપ્સરા ત્યાં રહી, આમ કરતાં સતાવન વર્ષ નીકળી ગયાં. ફરી અપ્સરાએ રજા માગી, હે બ્રહ્મન્ ! મને રજા આપો.

મેધાવી મુનિએ કહ્યું, હે મંજુઘોષે ! મારું વચન સાંભળ, હું જ્યાં સુધી સંધ્યા કરી લઉં ત્યાં સુધી તું મારી પાસે રહે. પછી તે



અપ્સરા ભય તથા આનંદથી હસીને આશ્ચર્યથી કહેવા લાગી.

અપ્સરાએ કહ્યું, હે મહારાજ ! આપની કેટલીએ સંધ્યાઓ નીકળી ગઇ, ક્રીડા કરતાં કેટલાંય વર્ષો નીકળી ગયાં. પછી મુનિરાજે ધ્યાન ધરી જોયું તો અપ્સરા સાથે સત્તાવન વર્ષ નીકળી ગયાં. એમ તેના જાણવામાં આવ્યું. આથી વ્યાકુળ થયેલા મુનિરાજે અપ્સરાથી થયેલા તપોભંગથી તેના તરફ જોઈ, હે પાપીણી ! હે દુરાચારવાળી ! હે કુલટે ! તું પિશાચણી થઈ જા. એવો શાપ આપ્યો, તેથી અપ્સરાએ મુનિને પ્રસન્ન કરવા માટે નમ્રતાથી કહ્યું, હે મહારાજ ! કૃપા કરી આ પાપની શાંતિ કરો. સત્પુરુષોના સંગથી શાંતિ થાય છે, ત્યારે હું તો આપની સાથે ઘણાં વર્ષો રહી છું. માટે હે નાથ ! કૃપા કરો.

મુનિએ કહ્યું, હે પાપીણી ! તારા થકી મારું મોટું તપ નષ્ટ થયું છે. હવે શાપની શાંતિ થાય તેવો ઉપાય કહું છું તે સાંભળ. ફાગણ વદી એકાદશી સર્વ પાપનો નાશ કરનારી પાપમોચની નામની છે. તેનું વ્રત કરવાથી તારા શાપની શાંતિ થશે, ને પિશાચપણું છૂટી જશે. એટલું કહી મેધાવી મુનિ પિતા ચ્યવન ઋષિના આશ્રમમાં ગયા. તેને જોઈ પિતા બોલ્યા કે, હે પુત્ર ! આ તેં શું કર્યું ? કે જેથી તારું તપ નષ્ટ થયું ?

મેધાવીએ કહ્યું, હે તાત ! મેં અપ્સરાની સાથે ક્રીડા કરી મોટું પાપ કર્યું છે, હવે પ્રાયશ્ચિત કહો, જેથી મારા પાપનો ક્ષય થાય.

ચ્યવન ઋષિ બોલ્યા, હે પુત્ર ! ફાગણ માસના કૃષ્ણપક્ષની પાપમોચની એકાદશીનું વ્રત કરવાથી ઘણાં પાપોનો નાશ થાય છે. તેથી તે વ્રત તું કર. પિતાનાં આવાં વચન સાંભળી મેધાવીએ ઉત્તમ વ્રત કર્યું. જેથી પાપ નષ્ટ થયું, ને પવિત્ર થયા. પેલી મંજુઘોષા અપ્સરાએ પણ પાપમોચનીનું વ્રત કર્યું. જેથી તેનું પિશાચપણું છૂટી

ગયું. અને તે અલૌકિક રૂપ ધરી સ્વર્ગમાં ગઈ.

લોમશ ઋષિએ કહ્યું, હે રાજન્ ! આલોકમાં જે પાપમોચની એકાદશીનું વ્રત કરે છે, તેનાં સઘળાં પાપ નષ્ટ થાય છે. આ કથાનો પાઠ અથવા શ્રવણ કરવાથી હજાર ગૌદાનનું પુણ્ય થાય છે. આ વ્રત કરવાથી સર્વ પાપથી રહીત થાય છે.

આ પ્રમાણે ભવિષ્યપુરાણમાં ફાગણ કૃષ્ણ પક્ષની પાપમોચની નામની એકાદશીની કથા કહેલી છે.

॥ ઈતિ શ્રી ભવિષ્યોત્તર પુરાણે ફાગણકૃષ્ણૈકાદશ્યા પાપમોચની નામ્ન્યા માહાત્મ્યં સંપૂર્ણમ્ ॥

## ચૈત્ર સુદી કામદા એકાદશી. (૧૧)

યુધિષ્ઠિરે પૂછ્યું, ''હે વાસુદેવ ! આપને નમસ્કાર કરું છું. ચૈત્રસુદી એકાદશીનું શું નામ છે તે મને કહો.''

શ્રીકૃષ્ણે કહ્યું, ''હે રાજન્ ! પૂર્વે દિલીપ રાજાના પૂછવાથી વસિષ્ઠ ઋષિએ જે કથા કહેલી છે. તે એક ચિત્ત થઈ સાંભળો.''

દિલીપ રાજાએ પૂછ્યું, હે ભગવન્ ! ચૈત્ર સુદી એકાદશીનું શું નામ છે ? કયા દેવ છે ? વગેરે સાંભળવાની ઈચ્છા કરૂં છું. કૃપા કરી કહો.

વસિષ્ઠ ઋષિ બોલ્યા, હે રાજન્ ! ચૈત્રમાસના શુક્લ પક્ષની એકાદશીનું નામ કામદા છે, પાપનો નાશ કરનારી અને પુત્ર આપનારી આ એકાદશીની કથા સાંભળો.

પૂર્વે રત્નો, સુવર્ણ વડે સુશોભિત એવી ભોગાવતી પુરીમાં પુંડરિક નામના નાગરાજા રાજ્ય કરતા હતા. ગંધર્વ, કિન્નર અને અપ્સરાઓ તેની સેવા કરતી હતી, તેમાં લલિત અને લલિતા નામના



ગંધર્વ દંપતી રહેતું હતું. અને પરસ્પર પ્રીતિવાળાં તેમજ કામાસક્ત હતાં. એક વખત પુંડરિક સર્વ નાગો સાથે સભામાં બેઠા હતા. તેમાં લલિત ગંધર્વ ગાયન કરવા લાગ્યો, પણ પોતાની પ્રિયા લલિતાનું સ્મરણ થતાં ગાયનમાં ભૂલ પડવા માંડી, આ થયેલ ભૂલ કર્કોટક નાગે પુંડરિક રાજાને કહી દીધી. તેથી પુંડરિકે કોપાયમાન થઈ કામાતુર લલિત ગંધર્વને શાપ આપ્યો. હે દુષ્ટ ! તું રાક્ષસ છે. કારણ કે ગાતાં ગાતાં પણ તું સ્ત્રીને વશ થઈ ગયો છે.

આ રીતે લલિત ગંધર્વ રાક્ષસરૂપ થયો. તે ભયંકર અને લાંબા હાથવાળો હતો. ગુફા જેવું મુખ હતું. ચંદ્ર અને સૂર્યના જેવાં નેત્રો હતાં, પર્વત જેવી ડોક હતી, શરીર આઠ જોજન લાંબું હતું. પોતાના પતિને રાક્ષસ થયેલો જોઈ લલિતા ઘણી દુઃખી થઈ. અને પતિ સાથે ઘોર વનમાં ગઈ. કદરૂપો અને મનુષ્યને ખાનારો રાક્ષસ ઘોર વનમાં ભમ્યા કરતો હતો. તેની પત્ની લલિતા પણ ઘોર વનમાં ભટકતી હતી અને રોતી હતી. એવી રીતે ફરતાં ફરતાં બન્ને વિંધ્ય પર્વતના શિખર ઉપર ગયાં. તે શિખર ઉપર ઋષ્યશૃંગ નામના મુનિનો આશ્રમ હતો. ત્યાં જઈ લલિતા મુનિને પ્રણામ કરી હાથ જોડી ઊભી રહી. ઋષિ બોલ્યા, હે ભદ્ર ! તું કોણ છો ? કોની પુત્રી છો ? અને અહીં શા માટે આવી છો ? મારી પાસે સાચી વાત કહે.

લલિતા બોલી, હે મહારાજ ! હું મહાત્મા વીરધન્વા ગંધર્વની પુત્રી છું, મારું નામ લલિતા છે અને આપની પાસે પતિના દુઃખ માટે આવી છું. મારો પતિ શાપના દોષથી દુરાચારી રાક્ષસ થયો છે. કોઈ ઉપાય બતાવો કે જેથી મારો પતિ રાક્ષસપણાથી મુક્ત થાય.

ઋષિ બોલ્યા, હે સ્ત્રી ! હે ભદ્રે ! આજ ચૈત્ર માસના શુક્લ પક્ષની કામદા નામની એકાદશી છે. અને સર્વ કામના પૂર્ણ કરનારી

છે. મારા કહેવા પ્રમાણે તે વ્રત તું કર, અને તેનું પુણ્ય તારા પતિને આપ. આથી ઘણી પ્રસન્ન થયેલી લલિતાએ એકાદશીનો ઉપવાસ કર્યો. બારસને દિવસ મુનિના સાનિધ્યમાં ભગવાન વાસુદેવની પાસે પતિના ઉધ્ધાર માટે કહ્યું, કે મેં જે કામદા એકાદશીનું વ્રત કરેલું છે. તે પુણ્યના પ્રભાવથી પિશાચપણું, રાક્ષસપણું છૂટી જાઓ. આમ લલિતાના કહેવાથી લલિતનું રાક્ષસપણું છૂટી ગયું.

અને તે નિષ્પાપ બની અલૌકિક શરીરવાળો થઈ, રત્નો વડે શોભતો ગંધર્વ થઈને ઊભો રહ્યો. તે જોઈ પતિ પત્ની બન્ને પ્રસન્ન થયાં, પછી એકાદશી વ્રતના પ્રભાવથી એ બન્ને વિમાનમાં બેસી વિહાર કરવા લાગ્યાં.

હે રાજન્ ! લોકોના કલ્યાણ માટે બ્રહ્મહત્યાદિ દોષોને દૂર કરનારી ને પિશાચપણાને નાશ કરનારી આ કામદા એકાદશીની કથા તમારી આગળ કહી. આ કથા સાંભળવાથી વાજપેય યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે.

એવી રીતે વારાહ પુરાણમાં ચૈત્ર શુકલ પક્ષની કામદા એકાદશીનું માહાત્મ્ય કહેલું છે.

॥ ઈતિ શ્રી વારાહ પુરાણે કામદા નામ ચૈત્રશુકલૈકાદશ્યાઃ માહાત્મ્યં સંપૂર્ણમ્ ॥

## ચૈત્ર વદી વરૂથિની એકાદશી. (૧૨)

યુધિષ્ઠિરે પૂછ્યું, ''હે વાસુદેવ ! આપને નમસ્કાર કરું છું. આપ હવે મને ચૈત્રવદી એકાદશીનું નામ અને માહાત્મ્ય કહો.''

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, હે રાજન્ ! ચૈત્રવદી એકાદશી વરૂથિની નામની છે, તે આલોકમાં તથા પરલોકમાં સુખ સૌભાગ્ય



આપનારી અને પાપ નષ્ટ કરનારી છે. આ એકાદશીનું વ્રત કરવાથી દુર્ભાગ્ય પણ સુભાગ્ય થાય છે. જન્મ મરણના દુઃખને દૂર કરનારી છે. આ વ્રતથી ધુંધુમાર, માંધતા વગેરે રાજાઓ સ્વર્ગમાં ગયા છે. દશહજાર વર્ષ સુધી તપ કરવાથી જે ફળ થાય છે તે એકાદશીના વ્રતમાત્રથી થાય છે. શ્રધ્ધાથી વ્રત કરનાર આલોક તથા પરલોકમાં વાંછિત ફળ પ્રાપ્ત કરે છે. આ વ્રતથી ભોગ અને મોક્ષ બન્ને મળે છે. હે રાજન્ ! ઘોડાના દાનથી હાથીનું દાન અધિક, તેથી પૃથ્વીનું દાન અધિક, તેથી સુવર્ણનું દાન અધિક, તેથી પણ અન્નદાન અધિક છે. કારણ કે અન્નવડે પિતૃ, દેવો તથા મનુષ્યોની તૃપ્તિ થાય છે, અન્નદાન સમાન કન્યાદાન છે, એમ ભગવાન પોતે કહે છે. ઉપર કહેલા સઘળા દાનથી વિદ્યાદાન શ્રેષ્ઠ છે. આમ વિદ્યાદાનથી જેટલું પુણ્ય થાય છે, તેટલું પુણ્ય વરૂથિની એકાદશીથી થાય છે. વરૂથિનીનું વ્રત કરવાથી સો કન્યાદાનોના જેટલું પુણ્ય થાય છે. વરૂથિની એકાદશીનું વ્રત કરનાર વૈષ્ણવે કાંસના પાત્રમાં ભોજન, અડદ, મસુર, ચણા, કોદરા, શાક, મધ, પારકું અન્ન એ વસ્તુઓ દશમીને દિવસે તજવી. જુગાર, નિદ્રા, તાંબુલ, દાતણ, પરનિંદા, ચાડીયાપણું, પતિતોની સાથે ભાષણ, ક્રોધ, અસત્યનો એકાદશીને દિવસે ત્યજવાં. ઉપરાંત કાંસાનું પાત્ર, અડદ, મસુર, મધ, કસરત, મહેનત, અસત્ય ભાષણ, બીજી વખત ભોજન, ક્ષૌર કર્મ (હજામત) તૈલમર્દન, પારકું અન્ન આટલી વસ્તુ બારસના દિવસે ત્યજવી. હે રાજન્ ! જે માણસો આવી રીતે વરૂથિની વ્રત કરે છે તેનાં સઘળાં પાપનો ક્ષય થાય છે. એકાદશીની રાત્રે જાગરણ કરી વિષ્ણુનું પૂજન કરે છે તે સઘળાં પાપોથી મુક્ત થઈ પરમ પદને પામે છે.

જે મનુષ્યો આ કથાનો પાઠ કરે છે અથવા સાંભળે છે તે

આલોકના પાપથી મુક્ત થઈ ભગવાનના ધામને પામે છે.

આવી રીતે ભવિષ્ય પુરાણમાં ચૈત્રકૃષ્ણ પક્ષની વરૂથિની એકાદશીનું માહાત્મ્ય કહેલું છે.

॥ ઈતિ શ્રી ભવિષ્યોત્તર પુરાણે ચૈત્રકૃષ્ણૈકાદશ્યાં વરૂથિનીનામ્ન્યા માહાત્મ્યં સંપૂર્ણમ્ ॥

## વૈશાખ સુદી મોહિની એકાદશી. (૧૩)

યુધિષ્ઠિરે પૂછ્યું, "હે કૃષ્ણ ! વૈશાખ સુદી એકાદશીનું શું નામ છે ? તેનું કેવું ફળ છે ? તેનો કેવો પ્રકાર છે ? તે કહો."

શ્રીકૃષ્ણે કહ્યું, હે યુધિષ્ઠિર ! રામચંદ્રના પૂછવાથી વસિષ્ઠ ઋષિએ જે કથા કહી હતી, તે કથા તમે સાંભળો.

શ્રીરામચંદ્રે પૂછ્યું, હે ભગવન્ ! હે મહામુને ! મેં સીતા વિયોગનાં ઘણાં દુઃખો ભોગવ્યાં, માટે આપને પૂછું છું કે, સર્વ વ્રતોમાં ઉત્તમ, સર્વ પાપોનો ક્ષય કરનાર અને સર્વ દુઃખોનો નાશ કરનાર, કયું વ્રત છે ? તે મને સંભળાવવા કૃપા કરો.

વસિષ્ઠ બોલ્યા, હે રામ ! તમારી સ્થિર બુધ્ધિ છે અને તમે બહુ ઉત્તમ પ્રશ્ન પૂછેલો છે. હે રામચંદ્ર ! તમારું નામ લેવાથી જ મનુષ્ય પવિત્ર થાય છે. તથાપિ લોકોના કલ્યાણ માટે સઘળાં વ્રતોમાં ઉત્તમ અને અતિ પવિત્ર વ્રતની કથા કહું છું.

હે રામ ! વૈશાખ સુદી એકાદશી જે મોહિની નામની એકાદશી કહેવાય છે. તે સર્વે પાપોને હરનારી છે. માટે એકચિત્ત થઈને સાંભળો.

સરસ્વતીના મનોહર કિનારા પર ભદ્રાવતી નામની નગરી છે. તેમાં દ્યુતિમાન નામના રાજા રાજ્ય કરતા હતા, રાજા ધૈર્યવાન



અને સત્ય પ્રતિજ્ઞાવાળા હતા. આ નગરીમાં ધનપાલ નામે વાણિયો રહેતો હતો. તે પુણ્ય કર્મમાં તત્પર, વિષ્ણુભક્તિ પરાયણ અને શાંત હતો. તેણે ધર્મશાળા, અન્નક્ષેત્ર, પરબ, તળાવ અને બગીચા વગેરેનું નિર્માણ કરી ધર્મનાં કાર્યો કર્યાં હતાં. તેને સુમના, દ્યુતિમાન, મેધાવી, સુકૃતિ અને ધૃષ્ટબુધ્ધિ એ નામના પાંચ પુત્રો હતા. તેમાંથી ધૃષ્ટબુધ્ધિ મહાપાપી અને વ્યભિચારી હતો. દેવ, અતિથિ, વૃધ્ધ, પિતૃ, બ્રાહ્મણ આદિ કોઈને માનતો ન હતો. સદા મદિરાપાન કરતો અને વેશ્યાલયમાં ફરતો. આથી તેના પિતાએ ઘરમાંથી કાઢી મૂક્યો. ત્યાર પછી તે ધૃષ્ટબુધ્ધિનું તમામ ધન, ઘરેણાં ખાલી થઈ જતાં વેશ્યાઓએ પણ તિરસ્કારપૂર્વક તેણે કાઢી મૂક્યો.

હવે ધૃષ્ટબુધ્ધિ વિચાર કરવા લાગ્યો કે, હવે હું કયા ઉપાયથી જીવી શકીશ. આવી ચિંતાથી શહેરમાં ચોરી કરવા લાગ્યો, પરંતુ રાજાના માણસોના હાથમાં તે સપડાઈ ગયો, પણ તેના પિતાની મોટાઈથી તેને છોડી દીધો. આવી રીતે આ દુરાચારી ઘણીવાર સપડાયો અને છોડી પણ દેવાયો. પણ અંતે તેનો ઉપદ્રવ વધવાથી પકડીને બેડી પહેરાવી દીધી, અને શારીરિક દંડ આપી રાજાએ દેશપાર કાઢી મૂક્યો. તેથી ઘોર જંગલમાં હરણ, ડુક્કર વિગેરેને મારી નિર્વાહ કરવા લાગ્યો. પશુઓ અને પક્ષીઓનો પણ શિકાર કરતો હતો. આમ પૂર્વ જન્મોનાં પાપોથી પીડાવા લાગ્યો.

એક દિવસે કોઈ પુણ્યોદયથી કૌંડિન્ય ઋષિના આશ્રમમાં જઈ ચડ્યો, અને ગંગામાં વૈશાખ સ્નાન કરી ઊભેલા ઋષિરાજની પાસે ગયો. ઋષિના વસ્ત્રોના છાંટા તેના પર પડવાથી તેના સઘળાં પાપો નષ્ટ થયાં. તેથી તે હાથ જોડી ઋષિને કહેવા લાગ્યો, હે મહારાજ ! મેં જન્મથી પાપો જ કર્યાં છે. મારી પાસે ધન ન હોવાને કારણે

ખરચ વિનાનું પાપોનું પ્રાયશ્ચિત કહો.

ઋષિએ કહ્યું, તારાં પાપોનો ક્ષય થાય તેનો ઉપાય ધ્યાન દઈને સાંભળ, વૈશાખ શુક્લ પક્ષની મોહિની નામની એકાદશીને દિવસે વ્રત કરી, ઉપવાસ કરવાથી મેરુપર્વત જેવડાં મોટાં પાપો પણ નષ્ટ થાય છે. આવી રીતે કૌંડિન્ય ઋષિનાં વચનો સાંભળી, ધૃષ્ટબુધ્ધિએ વિધિ પૂર્વક વ્રત કર્યું. તેથી પાપોનો નાશ થવાથી અલૌકિક શરીર ધારણ કરી, ગરુડ પર બેસી વૈકુંઠધામમાં ગયો.

હે રામચંદ્રજી ! આવી રીતે અજ્ઞાન અને મોહનો નાશ કરનારું મોહિનીવ્રત છે. ત્રણે લોકમાં આ વ્રતથી ઉત્તમ બીજું કોઈ પણ વ્રત નથી. યજ્ઞાદિ કર્મો, તીર્થ સ્નાન કે દાન કોઈ પણ મોહિની વ્રતના સોળમા ભાગની તુલના કરી શકે તેમ નથી.

હે રાજન્ ! આ કથાનો પાઠ કરવાથી અથવા શ્રવણ કરવાથી હજાર ગૌદાનનું પુણ્ય થાય છે.

આવી રીતે કૂર્મપુરાણમાં વૈશાખ શુક્લ પક્ષની મોહિની એકાદશીનું માહાત્મ્ય કહેલું છે.

॥ ઈતિ શ્રી કૂર્મપુરાણે વૈશાખશુક્લૈકાદશ્યાં મોહિનીનામ્ન્યા માહાત્મ્યં સંપૂર્ણમ્ ॥

## વૈશાખ વદી અપરા એકાદશી. (૧૪)

યુધિષ્ઠિરે પૂછ્યું, ''હે જનાર્દન ! વૈશાખ વદ એકાદશીનું નામ શું છે ? અને તેનો મહિમા કેવો છે ? તે મને વિસ્તારથી કહી સંભળાવો.''

શ્રીકૃષ્ણે કહ્યું, હે રાજન્ ! તમે ઉત્તમ પ્રશ્ન કર્યો. વૈશાખ વદ એકાદશીનું નામ અપરા છે. તે અનંત ફળને આપનારી અને



પાપનો નાશ કરનારી છે. જે પુરુષ અપરા એકાદશીને દિવસે ઉપવાસ કરે છે. તે જગતમાં પ્રખ્યાત થાય છે. બ્રહ્મહત્યા કરનાર, ગોત્રનો નાશ કરનાર, ગર્ભ હણનાર, પરનિંદા કરનાર, પરસ્ત્રીગમન કરનાર પણ અપરાનું વ્રત કરવાથી અવશ્ય શુદ્ધ થાય છે. જે માણસ ખોટી સાક્ષી પુરે છે, ત્રાજવામાં કપટ કરે છે, શાસ્ત્રમાં કપટ કરે છે તે સર્વે નરકના અધિકારી થાય છે. પણ અપરા એકાદશીનું વ્રત કરવાથી પાપ મુક્ત થાય છે. જે ક્ષત્રિય યુધ્ધ મેદાન છોડી પલાયન કરે તે નરકમાં પડે છે. પણ અપરા એકાદશીનું વ્રત કરવાથી સ્વર્ગમાં જાય છે. જે શિષ્ય ગુરુની નિંદા કરે છે તે પણ અપરા એકાદશી કરી સ્વર્ગને પામે છે.

કાર્તિકમાસની પૂર્ણીમાને દિવસે પુષ્કરતીર્થમાં સ્નાન કરવાથી, મકરસંક્રાન્તિ અને માઘમાસમાં પ્રયાગમાં સ્નાન કરવાથી, શિવરાત્રીને દિવસે કાશીમાં ઉપવાસ કરવાથી, ગયામાં પીંડદાન કરવાથી, સિંહ રાશીમાં ગુરુ હોય ત્યારે ગોદાવરીમાં સ્નાન કરવાથી, કુંભરાશીનો ગુરુ હોય ત્યારે કેદારનાથનાં દર્શન કરવાથી, સૂર્યગ્રહણને દિવસે કુરુક્ષેત્રમાં સ્નાન, દાન કરવાથી વગેરે ઉપર વર્ણવેલાં કાર્યોથી જે જે ફળ પ્રાપ્ત થાય છે તે ફળ મનુષ્ય અપરા એકાદશીના વ્રતથી મેળવે છે.

આ એકાદશીનું વ્રત પાપરૂપી વૃક્ષ કાપવામાં કુહાડાની સમાન છે. પાપરૂપી કાષ્ટ બાળવામાં અગ્નિ સમાન છે. પાપરૂપી અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન છે.

હે રાજન્ ! પાપથી ડરતા પુરુષે અપરા એકાદશીનું વ્રત કરવું. જે માણસ અપરા એકાદશીનું વ્રત કરી વિષ્ણુનું પૂજન કરે છે. તે સઘળાં પાપોથી મુક્ત થઈ વૈકુંઠમાં જાય છે.

હે રાજન્ ! લોકના ભલા માટે મેં આ વ્રત તમારી આગળ કહ્યું, આ કથાના પાઠથી અથવા શ્રવણથી સર્વ પાપોથી મુક્ત થવાય છે.

એવી રીતે બ્રહ્માંડપુરાણમાં વૈશાખકૃષ્ણ પક્ષની અપરા નામની એકાદશીનું માહાત્મ્ય કહેલું છે.

॥ ઇતિ શ્રી બ્રહ્માંડ પુરાણે વૈશાખકૃષ્ણૈકાદશ્યાં અપરાનામ્ન્યા માહાત્મ્યં સંપૂર્ણમ્ ॥

## જ્યેષ્ઠ સુદી નિર્જલા એકાદશી. (૧૫)

ભીમસેન પૂછ્યું, ''હે પિતામહ ! હે વ્યાસજી ! આ મારા ચારે ભાઈઓ, માતા કુંતાજી અને દ્રૌપદીજી ક્યારેય એકાદશીને દિવસે ભોજન કરતા નથી, પણ મારાથી ભૂખ વેઠી શકાતી નથી. તેથી વગર ઉપવાસે એકાદશીનું ફળ મળે તેવો ઉપાય બતાવો.''

એવું ભીમસેનનું વચન સાંભળી વ્યાસજી બોલ્યા કે, જો તને સ્વર્ગ વ્હાલું અને નરક અનિષ્ટ હોય તો બન્ને પક્ષની એકાદશીઓએ ભોજન કરવું નહીં.

ભીમસેને કહ્યું, હે પિતામહ ! દિવસમાં એક વખત ભોજન પર રહેવા હું અસમર્થ છું. તો પછી બન્ને વખત ઉપવાસ કેમ કરી શકું ? કારણ કે મારા પેટમાં વૃક નામનો અગ્નિ છે, જેથી ખાધા વગર રહી શકાય તેમ નથી. જેથી કોઇ એવો ઉપવાસ કહો કે મારું કલ્યાણ થાય.

વ્યાસજીએ કહ્યું, હે ભીમ ! મનુસ્મૃતિ અને વેદમાં કહેલા ધર્મો તેં સાંભળ્યા, તે સઘળા આ કળીયુગમાં પાળી શકાય તેવા નથી. તેથી ઓછા ખર્ચમાં સુખેથી થઈ શકે તેવું વ્રત સાંભળ.



બેય પક્ષની એકાદશીઓને દિવસે નિરાહાર રહે છે તેને નરક ભોગવવું પડતું નથી, આવાં વચનો સાંભળી ભીમ ભયથી કહેવા લાગ્યો, હે પિતામહ ! ઉપવાસ કર્યા વગર ઘણું ફળ થતું હોય તેવું વ્રત મને કહો.

વ્યાસજીએ કહ્યું, જ્યેષ્ઠ સુદ એકાદશીનું પ્રયત્ન પૂર્વક વ્રત કરવું. તેમાં સ્નાન અને આચમન સિવાય જળનો સંબંધ રાખવો નહીં. જે માણસ એકાદશીના સૂર્યોદયથી બારસના સૂર્યોદય સુધી જલપાન પણ કરતો નથી તેને પ્રયત્ન વિના સઘળી એકાદશીનું ફળ મળે છે. બારસને દિવસે પ્રાતઃકાળે સ્નાન કરી બ્રાહ્મણને વિધિથી જળ અને સુવર્ણ આપી ભોજન કરાવ્યા પછી નિયમથી પોતે ભોજન કરવું.

હે ભીમસેન ! વિધિથી એકાદશીનું વ્રત કરવાથી આખા વર્ષની સઘળી એકાદશીનું ફળ પ્રાપ્ત થાય છે. આ વાત સાક્ષાત્ નારાયણે મને કહેલી છે. જ્યેષ્ઠ સુદી એકાદશીએ નિર્જળ વ્રત કરવાથી સઘળાં તીર્થની યાત્રા, દાનથી પણ અધિક ફળ મળે છે. ધન, ધાન્ય, પુત્ર એ બધાને આપનારી છે. એકાદશીને દિવસે નિર્જળ ઉપવાસ કરવાથી કાળા, યમદૂતોનાં દર્શન થતાં નથી, પણ પીળાં વસ્ત્ર પહેરનારા, ચક્રને ધારણ કરનારા વિષ્ણુદૂતો આવે છે.

હે જનમેજય ! એવાં વ્યાસજીનાં વચનો સાંભળી એકાદશીને દિવસે પાંડવો સહિત ભીમસેને પણ નિર્જળવ્રત કર્યું. તેથી આ એકાદશી ભીમ અગિયારસ નામથી પ્રસિધ્ધ થયેલી છે.

હે દેવેશ ! સ્ત્રી અથવા પુરૂષ જે કોઇ આ એકાદશીનું વ્રત કરે તેનાં મેરુ પર્વત જેવડાં મોટાં મોટાં પાપો પણ બળીને ભસ્મ થઈ જાય છે. પોતાની શક્તિ પ્રમાણે વસ્ત્ર વડે વીંટેલા અને તેમાં થોડું

સુવર્ણ નાખી, જળકુંભનું સુપાત્ર બ્રાહ્મણને દાન કરવું, આ દિવસે કરેલું દાન, જપ, હોમ બધું જ અક્ષય થાય છે. 'એમ શ્રીકૃષ્ણે કહ્યું છે.'

હે રાજન્ ! જે માણસ એકાદશીને દિવસે અન્ન ખાય છે તે આલોકમાં ચંડાલ થાય છે. અંતે નરકમાં પડે છે. નિર્જલા એકાદશીનું વ્રત કરવાથી બ્રહ્મહત્યા કરનાર, મદ્યપાન કરનાર, ચોરી કરનાર, બ્રાહ્મણનો દ્રોહ કરનાર પણ સર્વ પાપોથી મુક્ત થાય છે.

હે રાજન્ ! નિર્જલા એકાદશીને દિવસે શ્રધ્ધા રાખવી, નારાયણનું પૂજન કરવું, બ્રાહ્મણોને વિવિધ પ્રકારનું ભોજન કરાવવું, ઉત્તમ દક્ષિણા આપી પ્રસન્ન કરવા. જો બ્રાહ્મણો પ્રસન્ન થાય તો સાક્ષાત્ નારાયણ પણ પ્રસન્ન થાય છે. જે માણસો આ એકાદશીને દિવસે ઉપવાસ કરે છે. નારાયણનું પૂજન કરે છે. દાન આપે છે. રાત્રે જાગરણ કરે છે. તેના સેંકડો વંશજો વૈકુંઠ ધામમાં જાય છે. એકાદશીને દિવસે સુપાત્ર બ્રાહ્મણને અન્ન, વસ્ત્ર, શૈય્યા, ગાય, આસન અને કમંડલનું દાન કરનાર અવશ્ય વિમાનમાં બેસીને સ્વર્ગમાં જાય છે. જે આ કથા ભાવથી સાંભળે, સંભળાવે તે સ્વર્ગને પામે છે. જે માણસ સર્વપાપોનો નાશ કરનારી એકાદશીનું વ્રત કરે છે, તે સર્વ પાપોથી મુક્ત થઈ મોક્ષપદને પામે છે.

આવી રીતે મહાભારતમાં અને પદ્મપુરાણમાં જ્યેષ્ઠ શુક્લ પક્ષની નિર્જલા એકાદશીનું માહાત્મ્ય કહેલું છે.

॥ ઈતિ શ્રી પદ્મપુરાણે જ્યેષ્ઠ શુક્લ નિર્જલા એકાદશી માહાત્મ્યં સંપૂર્ણમ્ ॥



## જ્યેષ્ઠ વદી યોગિની એકાદશી. (૧૬)

યુધિષ્ઠિરે પૂછ્યું, હે શ્રીકૃષ્ણ ! જ્યેષ્ઠ વદી એકાદશીનું શું નામ છે ? અને તેનું માહાત્મ્ય પણ કૃપા કરી સંભળાવો.

શ્રીકૃષ્ણે કહ્યું, હે રાજન્ ! ભોગ તથા મોક્ષ આપનાર વ્રતની કથા સાંભળો. જ્યેષ્ઠ માસના કૃષ્ણપક્ષની એકાદશીનું નામ 'યોગિની' છે. સંસારરૂપ સમુદ્રમાં ડૂબેલાનો ઉદ્ધાર કરનારી છે. ત્રણે જગતમાં સારરૂપ છે.

શિવજીની પૂજા કરનાર (દેવ) કુબેર, અલકાનગરીનો અધિપતિ હતો. તેનો હેમમાલી નામનો પુષ્પ લાવનારો નોકર હતો. તેને વિશાલક્ષી નામની સુંદર સ્ત્રી હતી. બન્ને પતિ-પત્નીને ખૂબજ પ્રેમભાવ હતો.એક દિવસ હેમમાલી માનસ સરોવરમાંથી પુષ્પો પોતાને ઘેર લાવ્યો. અને પત્નીના પ્રેમમાં ત્યાંજ રોકાઈ ગયો. પણ કુબેરના આવાસે પુષ્પો આપવા ગયો નહીં. આ બાજુ કુબેર શિવપૂજન કરતો હતો. મધ્યાહ્ન સુધી પણ પુષ્પો આવ્યાં નહીં. આ બાજુ પુષ્પો આપવાનાં ભૂલી જઈને હેમમાલી પોતાની પ્રિયા સાથે વિહાર કરતો હતો. આથી કોપાયમાન થઈને કુબેરે યક્ષોને તપાસ કરવા મોકલ્યા.

યક્ષોએ કહ્યું, 'હે મહારાજ ! એ તો ઘરમાં રહી પોતાની સ્ત્રી સાથે યથેચ્છા વિહાર કરે છે.' આ સાંભળી કોપાયમાન થયેલા કુબેરે હેમમાલીને પાસે બોલાવ્યો. આથી તે ડરતો ડરતો આવ્યો.

કુબેરે કહ્યું :-'હે દુષ્ટ ! દુરાચારી ! પુષ્પ ન પહોંચાડી તેં દેવોનો અપરાધ કર્યો છે, માટે તું કોઢિયો થા, સ્ત્રીથી છૂટો થા અને અધમ સ્થાનમાં જઈને પડ.' એવી રીતે શાપ આપ્યો. આથી હેમમાલી મહાભંયકર વનમાં પડ્યો, અને કોઢ ફૂટી નીકળવાથી

પીડા પામતો હતો. અને અન્ન જળ વિના નિદ્રા પણ આવતી ન હતી. આમ પોતાના પૂર્વકર્મને સંભાળતો, ભમતો ભમતો હિમાલય પર્વત ઉપર ગયો. ત્યાં મુનિશ્રેષ્ઠ મહાતપસ્વી એવા માર્કંડેયમુનિ તેના જોવામાં આવ્યા, પછી હેમમાલી તેના આશ્રમમાં ગયો, અને મુનિરાજના ચરણમાં નમસ્કાર કર્યા. તેને કોઢિયો જોઇ મુનિ બોલ્યા, તને કોઢ શાથી નીકળ્યો ? તારી આવી દશા શાથી થઇ ? તે વિગતવાર કહે.

હેમમાલીએ કહ્યું, હું યક્ષરાજ કુબેરનો નોકર છું, મારું નામ હેમમાલી છે. કુબેરના શિવપૂજન માટે દરરોજ સમયસર પુષ્પ લાવી આપતો હતો. એક દિવસ કામાતુર એવો હું સ્ત્રીસુખમાં મગ્ન થઇ જવાથી પુષ્પ પહોંચાડી શક્યો નહીં. અને કોપાયમાન કુબેર દ્વારા શાપ થવાથી મારી આ દશા થઇ છે. માટે હે પરોપકારી મુનિરાજ ! મને પાપીને પ્રાયશ્ચિત બતાવો.

માર્કંડેયમુનિએ કહ્યું, હું તને શુભ કરનારું વ્રત કહું છું, જ્યેષ્ઠ વદ યોગિની નામની એકાદશીનું તું વ્રત કર. તે વ્રતના પુણ્યથી તારો કોઢ અવશ્ય દૂર થશે. પછી તેણે ઋષિના કહેવા પ્રમાણે યોગિની એકાદશીનું ઉત્તમ વ્રત કર્યું. તે વ્રતના પ્રભાવથી તેનું સ્વરૂપ દેવના જેવું થયું. અને તેનો પોતાની સ્ત્રી સાથે મેળાપ થયો અને ઉત્તમ સુખ મળ્યું.

હે રાજન્ ! એવી રીતે મેં તમને યોગિની એકાદશીનું વ્રત કહી સંભળાવ્યું. જે માણસ યોગિની એકાદશીનું વ્રત કરે છે. તેને અઠ્યાસી હજાર બ્રાહ્મણો જમાડ્યાનું પુણ્ય થાય છે. આ એકાદશી મહાપાપનો નાશ કરનારી છે, અને પુણ્યને આપનારી છે.

એવી રીતે બ્રહ્મવૈવર્ત પુરાણમાં જ્યેષ્ઠ વદી યોગિની



એકાદશીનું માહાત્મ્ય કહેલું છે.

॥ ઈતિ શ્રી બ્રહ્મવૈવર્ત પુરાણે જ્યેષ્ઠકૃષ્ણૈકાદશ્યાં યોગિનીનામ્ન્યા માહાત્મ્યં સંપૂર્ણમ્ ॥

## અષાઢ સુદી પદ્મા એકાદશી. (૧૭)

યુધિષ્ઠિરે પૂછ્યું, ''હે કેશવ ! અષાઢ સુદી એકાદશીનું શું નામ છે ? તેના કયા દેવ છે ? તેના વ્રતનો કેવો પ્રકાર છે ? તે કહો. આ આશ્ચર્ય કારિણી કથા બ્રહ્માએ નારદને કહેલી છે.''

બ્રહ્માજીએ કહ્યું, હે મુનિશ્રેષ્ઠ નારદ ! આ એકાદશીથી બીજું કોઇ વધારે પવિત્ર નથી. કષ્ઠ વેઠીને પણ અષાઢ સુદી એકાદશીનું વ્રત પ્રયત્ન પૂર્વક કરવું જોઇએ. અષાઢ સુદી એકાદશી 'પદ્મા' એ નામથી પ્રસિધ્ધ છે. તેનું વ્રત નારાયણ ભગવાનની પ્રાપ્તિ માટે કરવું.

માંધાતા નામે સૂર્યવંશી રાજા હતા. તે સત્ય પ્રતિજ્ઞાવાળે અને પ્રતાપી હતે. તે ધર્મથી પ્રજાનું પાલન કરતે હતે. તેની પ્રજા ધન ધાન્યથી સમૃધ્ધ હતી. પછી કોઇ એક વખત પાપકર્મફળ ભોગવવાનો વખત આવ્યો. ત્યારે રાજ્યમાં પણ વરસો સુધી વૃષ્ટિ થઇ નહીં. તેથી પ્રજા ભૂખે મરવા લાગી. પ્રજા સાથે મળી રાજા પાસે આવી કહેવા લાગી. મેઘરૂપી નારાયણ જ વૃષ્ટિ કરે છે. માટે સઘળાને સુખ થાય તેવો ઉપાય કરો.

રાજા બોલ્યો, તમારી વાત સત્ય છે, અન્ન બ્રહ્મમય છે, સઘળાં પ્રાણીઓ અન્નથી તૃપ્ત થાય છે. આમ પ્રજાના હિત માટે માંધાતા રાજા ઘોર વનમાં જઇ મુનિઓના આશ્રમમાં ફરવા લાગ્યો. ત્યાં બ્રહ્માના પુત્ર અંગિરાઋષિનાં દૂરથી દર્શન થવાથી રાજા ઘોડા પરથી ઉતરી હાથ જોડી વિનયથી ઊભો રહ્યો.

તેને જોઈ મુનિએ આશીર્વાદ આપ્યા, અને રાજાને કુશળ સમાચાર પૂછ્યા, ત્યારે રાજા પણ પોતાને આવવાનું કારણ મુનિરાજને કહેવા લાગ્યો.

રાજાએ કહ્યું હે ભગવન્ ! હું ધર્મથી પૃથ્વીનું પાલન કરું છું. છતાં પણ મારા દેશમાં વૃષ્ટિ થતી નથી તો પ્રજાના યોગ ક્ષેમનો ઉપાય બતાવો. ઋષિએ કહ્યું, હે રાજન્ ! આ સત્યુગમાં ધર્મ ચારપગવાળો છે, આ યુગમાં બ્રાહ્મણને તપ કરવાનો અધિકાર છે, છતાં અન્ય કોઈ તપ કરે છે. માટે વૃષ્ટિ થતી નથી. રાજા કહે, તો પણ વ્રત કહો જે કરવાથી ઉપદ્રવ શાંત થાય.

ઋષિએ કહ્યું, હે રાજન્ ! અષાઢ માસના શુક્લ પક્ષની પદ્મા એકાદશીનું વ્રત કરો. આ એકાદશી સર્વ સિધ્ધિ આપનારી છે, અને સર્વે ઉપદ્રવોનો નાશ કરનારી છે, માટે તમારી સઘળી પ્રજા સહિત વ્રત કરો. પછી જ્યારે અષાઢ માસ આવ્યો ત્યારે રાજાએ સઘળી પ્રજાની સાથે આ પદ્મા એકાદશીનું વ્રત કર્યું. તેથી તેના દેશમાં વૃષ્ટિ થઈ અને પૃથ્વી જળમય થઈ, સારી રીતે અનાજ પાક્યું, એવી રીતે વિષ્ણુની કૃપાથી સઘળી પ્રજા સુખી થઈ. આ કથાના પાઠથી અથવા સાંભળવાથી સઘળાં પાપો દૂર થાય છે.

એવી રીતે બ્રહ્માંડપુરાણમાં અષાઢ માસના શુક્લપક્ષની પદ્મા નામની એકાદશીનું માહાત્મ્ય કહેલું છે.

## ચાતુર્માસના વિશેષ વ્રત નિયમો.

અષાઢ સુદ એકાદશી જે 'પદ્મા' એકાદશી નામથી ઓળખાય છે. આ એકાદશી દેવશયનીના નામથી પણ ઓળખાય છે કે જેમાં ચાતુર્માસના વિશેષ વ્રત નિયમો લેવાના હોય છે. આમ



ભવિષ્યપુરાણમાં કહેલું છે.

યુધિષ્ઠિરે પૂછ્યું, ''હે શ્રીકૃષ્ણ ! આ ચાતુર્માસનાં વ્રતો કેવી રીતે કરવાં તે કહો.''

શ્રીકૃષ્ણે કહ્યું, ''હે યુધિષ્ઠિર ! હવે ચાર માસના સમય દરમ્યાન પાળવાના નિયમો વિગતવાર કહું છું, તે ધ્યાન દઈ સાંભળો.''

કર્ક સંક્રાંતિમાં અષાઢ સુદ એકાદશીના દિવસથી જગતના નાથ નારાયણને પોઢાડવા. અને તુલા રાશીના સૂર્ય થાય એટલે કાર્તિક સુદ એકાદશી (દેવઊઠી) ના દિવસે નારાયણને જગાડવા. અષાઢ સુદ એકાદશીને દિવસે ઉપવાસ કરી નિયમ લેવો અને નારાયણની સ્થાપના કરવી. તેને સફેદ વસ્ત્રવાળા પલંગ ઉપર પીતાંબર પહેરાવી, પંચામૃતથી સ્નાન કરાવી, ધૂપ, દીપ કરી જગતના નાથને શયન કરાવવું, (અથવા શયન કરવાની ભાવના કરવી) અને પ્રાર્થના કરવી, આપ શયન કરશો ત્યારે ચરાચર જગત શયન કરશે, અને આપ જાગશો ત્યારે ચરાચર જગત જાગશે. એમ પ્રાર્થના કરી ઉત્તમ પુષ્પો વડે પૂજા કરવી.

## ચાતુર્માસનું વ્રત ધારણ કરવાના નિયમો અને તેમનું ફળ.

હે યુધિષ્ઠિર ! જે માણસ ચારમાસ સુધી હમેશાં દેવમંદિરમાં વાળવું, જળ છાંટવું, લીંપવું, રંગોળી પુરવી વિગેરે સેવા નિષ્ઠાથી શ્રધ્ધા પૂર્વક કરે છે. તેને ચાર માસ પુરા થયા બાદ સાત જન્મો સુધી ઉત્તમ બ્રાહ્મણને ઘેર જન્મ થાય છે. જે માણસ ચાર માસ પર્યંત વિષ્ણુને સુવર્ણ કમળ ચડાવે છે, નૈવેદ્ય ધરે છે,

તેમજ ચંદન, પુષ્પ, અક્ષતથી દેવ અને બ્રાહ્મણનું પૂજન કરે છે. તે અંતે સ્વર્ગમાં જાય છે. ચારમાસ સુધી દરરોજ તુલસી વડે શ્રીહરિનું પૂજન કરે છે અને વ્રતની સમાપ્તિ વખતે સુવર્ણ, તુલસીપત્ર, સુપાત્ર બ્રાહ્મણને દાનમાં આપે છે, તે સુવર્ણના વિમાનમાં બેસી વૈકુંઠમાં જાય છે. ચાર માસ સુધી પીપળાને પાણી રેડવું, સંધ્યા વખતે મંદિરમાં દીવો મૂકવો, પુરાણ અને ધર્મશાસ્ત્ર સાંભળવાં, વિષ્ણુના નામનો જાપ કરવો, દરરોજ સૂર્યને અર્ઘ્ય આપવો, સુવર્ણ, લાલવસ્ત્ર તથા ગાયનું દાન કરે છે તેને આરોગ્ય પૂર્ણ આયુષ્ય, લક્ષ્મી અને કીર્તિ પ્રાપ્ત થાય છે. ચાર માસ સુધી જે માણસ વિષ્ણુને પ્રીતિ કરનારી પવિત્ર તુલસીની માળા ધારણ કરે છે, તુલસી પૂજન કરી ત્રાંબાના પાત્રથી તુલસીને પાણી રેડે છે અને બ્રાહ્મણને જમાડે છે તે સર્વ પાપોથી મુક્ત થઈ વૈકુંઠમાં જાય છે. જે માણસ ચાર માસ સુધી સૂર્યને, ગણેશને નમસ્કાર કરે છે તે ચારમાસને અંતે પોતાના ઈષ્ટદેવની સોનાની મૂર્તિ બ્રાહ્મણને આપે છે તેના સઘળા મનોરથો પૂર્ણ થાય છે, આયુષ્ય વધે છે, સર્વે જગ્યાએ વિજય પામે છે. જે માણસ ચારમાસ સુધી મંદિરમાં પુષ્પની સેવા કરે છે અને અંતે વ્રત સમાપ્ત થાય ત્યારે બ્રાહ્મણને સુવર્ણ પુષ્પનું દાન કરે છે તે મોટું સૌભાગ્ય પામી ગાંધર્વલોકમાં જાય છે.

જે માણસ ચારમાસ સુધી શાક, ફળ ખાઈને રહે છે અને અંતે ગૌદાન કરે છે તે વિષ્ણુલોકમાં જાય છે. જે માણસ ચારમાસ સુધી દૂધ પીને રહે છે અને સમાપ્તિ વખતે સુપાત્ર બ્રાહ્મણને અથવા મંદિરમાં દૂઝણી ગાયનું દાન કરે છે તે દિવ્ય ધામને પામે છે. જે માણસ ચારમાસ સુધી નક્ત ભોજન કરે અને પૂર્ણાહૂતિ સમયે બ્રાહ્મણને જમાડે છે તે કૈલાસમાં પૂજાય છે. જે માણસ ચારમાસ



સુધી એક વખત ભોજન કરે અને નારાયયણનું પૂજન કરે છે અને વ્રતની સમાપ્તિ થાય, ત્યારે શક્તિ પ્રમાણે બ્રાહ્મણને જમાડીને દક્ષિણા આપી તૃપ્ત કરે છે તે સ્વર્ગમાં જાય છે. જે માણસ ચારમાસ સુધી ચોખા ખાઈને રહે છે તે પોતાના પુત્રો અને પૌત્રોની સાથે કૈલાસમાં પૂજાય છે.

### ચાતુર્માસ દરમ્યાન ત્યાગ કરવાના પદાર્થો.

શ્રાવણ માસમાં શાકનો ત્યાગ કરવો.

ભાદરવા માસમાં દહીંનો ત્યાગ કરવો.

આસો માસમાં દૂધનો ત્યાગ કરવો.

કાર્તિક માસમાં દ્વિદળનો ત્યાગ કરવો.

આવી રીતે ચારે વસ્તુનો ચારે માસમાં ક્રમે કરી અવશ્ય ત્યાગ કરવો જોઈએ.

કોળું, ચોળા, મૂળા, ગાજર, કરમદાં ને શેરડી એટલી વસ્તુઓનો ચાતુર્માસ પર્યંત ત્યાગ કરવો. તેમજ મસુર, ઘણાં બીજવાળાં ફળો અને રીંગણાં એમનો પણ ત્યાગ કરવો. વિશેષમાં બોર, આમળાં, દૂધી, આમલી, મોગરી, સરગવો, તરબુચ, ઉદંબરાનાં ફળો, દાઝેલું અનાજ વિગેરે જે માણસ ચાતુર્માસ દરમ્યાન ખાય છે તેનાથી નારાયણ અત્યંત દૂર રહે છે. ગોળ, મધ, તેલ તેનો ત્યાગ કરવો. રાત્રિ ભોજન તેમજ પારકા અન્નનો પણ ત્યાગ કરવો. આવાં નિયમો લઈ શકાય છે.

ચાતુર્માસ દરમ્યાન ભક્તિવાળા સ્ત્રી પુરુષે પલંગપર સૂવું નહીં. જે અસક્ત માણસ નક્ત ભોજન (સંધ્યા સમયે, રાત્રીએ નહીં.) અથવા પોતાથી જે બને તે કરે છે, અને સાયંકાળે તથા પ્રાતઃકાળે સ્નાન પૂજા કરે છે, તે વૈકુંઠધામને પામે છે. જે ખટરસ

(તીખો, કડવો, ખારો, ખાટો, મીઠો અને તુરો) નો ત્યાગ કરે છે. તેના શરીરમાં કોઈ વખતે બગાડ થતો નથી. જે યોગાભ્યાસ કરે છે તે બ્રહ્મપદને પામે છે.

જે માણસ ચાર માસ અન્નનો ત્યાગ કરી ફલાહાર કરે છે તેને ફરીથી જન્મ લેવો પડતો નથી. તથા ચાર માસ દૂધ પીને રહેનારનો વંશ અખંડ રહે છે.

હે યુધિષ્ઠિર ! એવી રીતે વ્રત કરવાથી નારાયણ ભગવાન પ્રસન્ન થાય છે. જે દિવસે વિષ્ણુ ભગવાન ક્ષીરસાગરમાં પોઢે છે તેવી પદ્મા (નિયમની) એકાદશીએ અને પાછા જે દિવસે જાગે છે તેવી પ્રબોધિની એકાદશીએ ઉપવાસ કરે છે. તે પરમગતિને પામે છે.

ઉપર કહ્યા પ્રમાણે પોતાની શક્તિ અને અવસ્થા મુજબ નિયમો અવશ્ય લેવાં અને સુપાત્ર બ્રાહ્મણને અવશ્ય દાન કરવું. અથવા દેવ મંદિરમાં પોતાની શક્તિ પ્રમાણે સેવા કરવી.

આમ બ્રહ્માંડ પુરાણ તથા ભવિષ્ય પુરાણમાં પદ્મા નામની એકાદશીનું માહાત્મ્ય વર્ણવેલું છે.

॥ ઇતિ શ્રી બ્રહ્માંડપુરાણે કૃષ્ણ યુધિષ્ઠિર સંવાદે આષાઢ શુક્લૈકાદશ્યાં પદ્માનામ્ન્યા ચ ભવિષ્યપુરાણે કૃષ્ણ યુધિષ્ઠિર સંવાદે આષાઢ શુક્લૈકાદશ્યાં વિષ્ણોશયન્યેકાદશી ચ ચાતુર્માસવ્રત નિર્ણય માહાત્મ્યં સંપૂર્ણમ્ ॥

## અષાઢ વદી કામિકા એકાદશી. (૧૮)

યુધિષ્ઠિરે પૂછ્યું, ''હે વાસુદેવ ! હવે મને અષાઢ વદ એકાદશીનું શું નામ છે ? અને તેનો પ્રકાર કહો.''

શ્રીકૃષ્ણે કહ્યું, હે રાજન્ ! પૂર્વે નારદના પૂછવાથી જે વ્રત



બ્રહ્માએ કહેલું છે અને જે પાપનો નાશ કરનારું છે તે ઉત્તમ વ્રત હું તમને કહું છું. તે સાંભળો.

બ્રહ્માએ કહ્યું, હે નારદ ! અષાઢ વદ એકાદશીનું નામ 'કામિકા' છે, તેની કથા સાંભળવાથી વાજપેય યજ્ઞનું ફળ થાય છે. તે દિવસે લક્ષ્મીપતિ નારાયણ ભગવાનનું પૂજન, ધ્યાન અને યજ્ઞ કરે છે. તેને જેટલું ફળ પ્રાપ્ત થાય છે, તેટલું એકાદશીના દિવસે વિષ્ણુના પૂજનથી ફળ પ્રાપ્ત થાય છે. હે નારદ ! કામિકા એકાદશીથી ઉત્તમ, પવિત્ર અને પાપનો નાશ કરનારું બીજું કોઈ વ્રત નથી. એકાદશીના દિવસે રાત્રીમાં જાગરણ કરવું. આ વ્રત કરવાથી ભયંકર યમ જોવા પડતા નથી, તેની દુર્ગતિ થતી નથી, અને નીચ યોનિમાં જન્મ લેવો પડતો નથી.

કામિકા એકાદશીના વ્રતથી જ યોગીઓને મોક્ષ મળ્યો છે. એટલા માટે એ વ્રત શ્રમ લઈને પણ નિયમથી કરવું જોઈએ. જે માણસ તુલસીપત્રથી શ્રીહરિનું પૂજન કરે છે તે માણસ પાપથી લેપાતો નથી. એકભાર સોનું અને ચારભાર રૂપું આપવાથી જે ફળ થાય છે તે ફળ તુલસીપત્રવડે શ્રીહરિનું પૂજન કરવાથી થાય છે. જે માણસ તુલસીના માંજરથી વિષ્ણુની પૂજા કરે છે. તેનાં સઘળાં પાપો નષ્ટ થાય છે. તુલસીનાં દર્શન, સ્પર્શ કે વંદન કરવાથી સર્વે રોગોનો નાશ થાય છે. વિષ્ણુના ચરણમાં તુલસી ચડાવવાથી મોક્ષ થાય છે તેવાં તુલસીને હું નમસ્કાર કરું છું.

જે માણસ એકાદશીના દિવસે શ્રીકૃષ્ણની પાસે દીવો રાખે છે તેના સ્વર્ગમાં રહેલા પિતૃદેવો અમૃતથી તૃપ્ત થાય છે અને તે સૂર્યલોકમાં જાય છે.

હે યુધિષ્ઠિર ! મેં તમારી પાસે આ કામિકા એકાદશીનો મહિમા કહી સંભળાવ્યો, આ એકાદશીનું વ્રત અવશ્ય કરવું, કારણ કે આ એકાદશી વ્રત બ્રહ્મહત્યાનો નાશ કરનારી, સર્વપાપોને હરનારી, ગર્ભહત્યાને મટાડનારી, મોટા પુણ્યને આપનારી છે અને સ્વર્ગમાં પહોંચાડનારી છે.

જે માણસ આ એકાદશીનું માહાત્મ્ય શ્રદ્ધાથી સાંભળે છે અથવા પાઠ કરે છે. તે સર્વ પાપોથી મુક્ત થઈ વૈકુંઠ ધામને પામે છે. એવી રીતે બ્રહ્મવૈવર્ત પુરાણમાં કહેલું છે.

॥ ઈતિ શ્રી બ્રહ્મવૈવર્તપુરાણે શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર સંવાદે
આષાઢકૃષ્ણૈકાદશ્યાઃ કામિકાનામ્ન્યા માહાત્મ્યં સંપૂર્ણમ્ ॥

## શ્રાવણ સુદી પુત્રદા એકાદશી. (૧૯)

યુધિષ્ઠિરે પૂછ્યું, ''હે શ્રીકૃષ્ણ ! શ્રાવણ સુદ એકાદશીનું નામ તથા પ્રકાર મને કહો.''

શ્રીકૃષ્ણે કહ્યું, હે રાજન્ ! જે સાંભળવાથી વાજપેય યજ્ઞનું ફળ થાય છે અને સર્વપાપનો નાશ કરનારી ઉત્તમ કથા કહું છું. તે તમે સાંભળો.

પૂર્વે દ્વાપરયુગના પ્રારંભમાં માહિષ્મતિ નગરીમાં મહીજીત નામનો રાજા રાજ્ય કરતો હતો. તે પુત્ર રહિત હોવાથી રાજ કાજમાં મન લાગતું ન હતું. ઘણા ઉપાયો કર્યા છતાં પુત્ર પ્રાપ્તિ ન થતાં અને હવે ગઢપણ આવેલું જોઈ ચિંતા થવા લાગી. રાજાએ સભામાં જઈ પ્રજાની વચ્ચે કહ્યું કે, ''મેં આ જન્મમાં કંઈ પાપ કર્યું નથી, બ્રાહ્મણ કે દેવનું દ્રવ્ય લીધું નથી, પ્રજાનું પુત્રવત્ પાલન કર્યું છે, શિષ્ટ લોકોનો સત્કાર કર્યો છે, તો હે બ્રાહ્મણો એવી રીતે હું ધર્મથી ચાલું છું. છતાં



કયા કારણથી પુત્ર પ્રાપ્તિ થતી નથી ? તેનો આપ વિચાર કરો.''

રાજાનાં વચનો સાંભળી બ્રાહ્મણો, રાજાના પુરોહિત અને પ્રજા મળી ઘોર વનમાં ગયાં, ઋષિઓના આશ્રમો જોવા લાગ્યા. ત્યાં ઘોર વનમાં લોમશઋષિ તપ કરતા જોવામાં આવ્યા. ઋષિ નિરાહાર હતા, ધર્મના તત્ત્વને જાણનારા હતા, શાસ્ત્રોમાં પ્રવીણ અને બ્રહ્મજ્ઞાની હતા. વળી એ ઋષિ ભૂત, ભવિષ્ય ને વર્તમાન જાણનારા હતા.

સઘળા આવેલા જનોએ મુનિરાજને યથા યોગ્ય પ્રણામ કર્યા, ઋષિ બોલ્યા, તમે શા કારણે અહિ આવ્યા છો ? અને તમે મને કેમ વખાણો છો ? તે કહો. તમારું જેમ કલ્યાણ થશે તેમ હું કરીશ. અમારો જન્મ પરોપકાર માટે છે એમાં સંશય નથી.

બધા જનોએ કહ્યું, અમારા આવવાનું કારણ સાંભળો. એક સંશય દૂર કરવા માટે અમે આપની પાસે આવ્યા છીએ. બ્રહ્માથી અને આપથી ઉત્તમ કોઈ નથી, માટે કાર્યવશાત્ અમે આપની પાસે આવ્યા છીએ.

હે મહારાજ ! હાલ મહીજીત નામના અમારા રાજા છે પણ તેમને પુત્ર નથી. તેથી ચિંતામાં રહે છે, તેથી જ અમને ઘણો ખેદ થાય છે. હે મુને ! મહાત્માઓનાં દર્શનથી જ કાર્ય સિધ્ધ થાય છે. જેથી રાજાને પુત્ર થાય તેવો ઉપાય બતાવો. મુનિરાજે ક્ષણવાર ધ્યાન ધર્યું અને રાજાની પૂર્વ જન્મની હકીકત કહેવા લાગ્યા.

લોમશ ઋષિએ કહ્યું, આ રાજા પૂર્વ જન્મમાં વૈશ્ય વર્ણનો હતો. નિર્ધન હતો ને નીચ કર્મ કરતો હતો. એક સમયે જ્યેષ્ઠ સુદ એકાદશીને દિવસે મધ્યાહ્ન વખતે વાણિયો ગામના સીમાડામાં આવ્યો તે વખતે તે તૃષાથી વ્યાકુળ થયો હતો. તેથી જળ પીવા જળાશય પાસે આવ્યો, તે વખતે તરત વીહાયેલી અને વાછરડાં

સાથેની ગાય તૃષાથી વ્યાકુળ થતી તે જ જળાશયમાં પાણી પીવા આવી. પાણી પીવા લાગી પણ ગાયને તૃપ્તિ થયા પહેલાં ત્યાંથી હાંકીકાઢી, પોતે પાણી પીવા લાગ્યો. તે પાપના કારણે રાજાને અત્યારે પુત્ર થતો નથી. પણ પૂર્વના પુણ્યથી રાજ્ય મળ્યું છે તે ભોગવે છે.

લોકોએ કહ્યું, હે મુને ! પુણ્યથી પાપનો નાશ થાય છે, માટે રાજાનું પાપ નષ્ટ થાય ને રાજાને પુત્ર થાય તેવો ઉપાય બતાવો.

લોમશ ઋષિએ કહ્યું, હે રાજન્ ! શ્રાવણસુદી એકાદશી જે પુત્રદા એવા નામથી પ્રસિધ્ધ છે, તેનું વિધિથી વ્રત કરી, તે રાત્રીએ જાગરણ કરો, પછી તેનું પુણ્ય રાજાને આપો. આમ કરવાથી રાજાને અવશ્ય પુત્ર પ્રાપ્તિ થશે. ઋષિરાજનાં આવાં વચન સાંભળી, હર્ષભેર લોકો નગરમાં આવ્યા, પછી જ્યારે શ્રાવણ માસની સુદ એકાદશી આવી ત્યારે ઋષિના કહેવા પ્રમાણે રાજા સહિત સઘળી પ્રજાએ આ વ્રત કર્યું, અને દ્વાદશીને દિવસે રાજાને પુણ્ય આપ્યું. તેના પ્રભાવથી રાણીને નવ માસ પુરા થયે સુંદર બળવાન પુત્રનો જન્મ થયો. માટે આલોકમાં પુત્રની ઈચ્છાવાળા પુરુષે તે દિવસે વ્રત કરવું, જે માણસ આ એકાદશીનું માહાત્મ્ય સાંભળે છે તે સર્વપાપોથી મુક્ત થાય છે. આલોકમાં પુત્ર સુખ મેળવે છે અને મૃત્યુ પછી સ્વર્ગમાં જાય છે. આવી રીતે ભવિષ્યપુરાણમાં પુત્રદા એકાદશીનું માહાત્મ્ય કહેલું છે.

॥ ઈતિ શ્રી ભવિષ્યોત્તર પુરાણે શ્રાવણ શુક્લૈકાદશ્યાં પુત્રદાનામ્ન્યા માહાત્મ્યં સંપૂર્ણમ્ ॥

## શ્રાવણ વદી અજા એકાદશી. (૨૦)

યુધિષ્ઠિરે પૂછ્યું, ''હે શ્રીકૃષ્ણ ! શ્રાવણ વદી એકાદશીનું શું નામ છે ? કૃપા કરી તે એકાદશીનું માહાત્મ્ય પણ સંભળાવો.''



શ્રીકૃષ્ણે કહ્યું, હે રાજન્ ! શ્રાવણ વદી એકાદશી 'અજા' નામથી પ્રસિધ્ધ છે. જે માનવ નારાયણનું પૂજન કરી આ એકાદશીનું વ્રત કરી, કથા સાંભળે છે તેનાં સઘળાં પાપો નષ્ટ થાય છે. આલોક અને પરલોકમાં કલ્યાણકારી આ વ્રત છે.

પૂર્વે હરિશ્ચંદ્ર નામના ચક્રવર્તી અને સત્ય પ્રતિજ્ઞાવાળા, જે આખી પૃથ્વીના અધિપતિ રાજા હતા. કોઈ કમનસીબને લીધે સ્ત્રી તથા પુત્રને વહેંચી પોતે પણ ચાંડાલને ઘેર વહેંચાઈ તેનો દાસ થઈને રહ્યા. પણ સત્યપાલન ચૂક્યા નહીં, આવી રીતે ચાંડાલને ત્યાં સ્મશાનમાં રહેતાં કેટલાંક વર્ષો નીકળી ગયાં. મારો છૂટકો કઈ રીતે થાય તેની સતત ચિંતા કરવા લાગ્યા, આ દુઃખી રાજાની પાસે બ્રહ્માએ જેને પરોપકાર માટે ઉત્પન્ન કરેલા છે એવા ગૌતમ મુનિ આવ્યા. રાજાએ હાથ જોડી પોતાના દુઃખની સઘળી હકીકત કહી સંભળાવી.

રાજાનાં વચન સાંભળી ગૌતમ ઋષિએ રાજાને વ્રતનો ઉપદેશ કર્યો. અને કહ્યું કે, હે રાજન્ ! શ્રાવણ માસના કૃષ્ણપક્ષની અજા નામની એકાદશી છે, તે ઉત્તમ પુણ્ય આપનારી છે, તેનું વ્રત તમે કરો. તેથી તમારાં પાપનો નાશ થશે. હે રાજન્ ! તમારાં પુણ્યના પ્રભાવથી જ હું તમારી પાસે આવ્યો છું. આટલું કહી, મુનિરાજ અંતર્ધાન થઈ ગયા. પછી મુનિના કહેવા પ્રમાણે રાજાએ વ્રત તેમજ જાગરણ કર્યું તેથી સઘળાં પાપો નષ્ટ થયાં, તેથી હરિશ્ચંદ્ર રાજા, પત્ની તારામતી ભેળા થયા અને પુત્ર રોહિત પણ જીવીત થયો. તે વખતે સ્વર્ગમાં નગારાં વાગ્યાં, પુષ્પવૃષ્ટિ થઈ. એકાદશીના પ્રભાવથી દુશ્મન રહિત પોતાનું રાજ્ય પાછું મળ્યું. અંતે રાજા પરિવારની સાથે વૈકુંઠમાં ગયા.

હે રાજન્ ! જે માણસ આ અજા નામની એકાદશીનું વ્રત

કરે છે, તે સઘળાં પાપોથી મુક્ત થઈ પરમપદને પામે છે.

આ કથાના શ્રવણથી અથવા પાઠથી અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે.

એવી રીતે બ્રહ્માંડપુરાણમાં શ્રાવણકૃષ્ણપક્ષની અજા નામની એકાદશીનું માહાત્મ્ય કહેલું છે.

॥ ઈતિ શ્રી બ્રહ્માંડપુરાણે શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર સંવાદે શ્રાવણકૃષ્ણૈકાદશ્યાં અજાનામ્ન્યા માહાત્મ્યં સંપૂર્ણમ્ ॥

## ભાદરવા સુદી પરિવર્તિની એકાદશી. (૨૧)

યુધિષ્ઠિરે પૂછ્યું, હે ભગવન્ ! ભાદરવા સુદ એકાદશીનું શું નામ છે ? તેમાં કયા દેવનું પૂજન કરવું ? તેનો કેવો પ્રકાર છે ? અને આ વ્રતનું પુણ્ય કહો.

શ્રીકૃષ્ણે કહ્યું, હે યુધિષ્ઠિર ! ભાદરવા સુદ એકાદશી 'પરિવર્તિની' અથવા વામન એકાદશી કહેવાય છે. સઘળાં પાપોને હરનારી, મહાપુણ્યકારક અને સ્વર્ગ તથા મોક્ષને આપનારી છે.

### વામન જયંતી.

આ ઉત્તમ વામન જયંતિનું વ્રત પાપોનો નાશ કરનાર છે, શુભગતિની ઈચ્છાવાળા પુરુષે આ એકાદશીનું વ્રત કરવું. જે મારા ભક્તો ભાદરવા સુદ એકાદશીને દિવસે વામનજીની પૂજા કરે છે, તે નારાયણની સમીપમાં જાય છે. અષાઢ સુદ એકાદશીને દિવસે પોઢેલા ભગવાન આ એકાદશીને દિવસે પડખું ફેરવે છે. તેથી તે પરિવર્તિની એકાદશી તરીકે ઓળખાય છે.

યુધિષ્ઠિરે કહ્યું, હે મહારાજ ! હે કૃષ્ણ ! આપ કેમ પોઢો છો ? કેમ શરીર ફેરવો છો ? તમે બલિરાજાને કેમ બાંધ્યો ? ચાતુર્માસમાં



ધર્મ કરવાની ઈચ્છાવાળા પુરુષોએ કયું વ્રત કરવું ? આપ પોઢો છો ત્યારે મનુષ્યો શું કરે છે ? આ મારા સંશયનો વિસ્તારથી ઉત્તર આપો.

### બલિરાજાની કથા.

શ્રીકૃષ્ણે કહ્યું, હે નૃપોત્તમ ! પાપને હરનારી એક ઉત્તમ કથા સાંભળો.

પૂર્વે ત્રેતાયુગમાં બલિ નામનો દૈત્ય હતો. તે મારો પરમ ભક્ત હોવાને કારણે નિત્ય મારી તેમજ બ્રાહ્મણોની પૂજા કરતો, અને યજ્ઞો કરવામાં નિરંતર તત્પર રહેતો હતો. બલિ આવો મહાત્મા હતો છતાં ઈંદ્રની સાથે દ્વેષ કરી મેં આપેલું સ્વર્ગ જીતી લીધું, અને આલોક પણ જીતી લીધો, તેથી સઘળા દેવો એકઠા થઈ ઋષિઓની સાથે મારી પાસે આવ્યા અને મારી પૂજા કરી. તેથી મેં પાંચમો વામન અવતાર ધારણ કર્યો, પછી મેં ઉગ્રરૂપ ધારણ કરી બલિરાજાને જીતી લીધો.

યુધિષ્ઠિરે પૂછ્યું, હે દેવેશ ! આપ વિસ્તારથી કહો કે, આપે નાનકડાં સ્વરૂપથી તે દૈત્યને કેમ જીતી લીધો ?

શ્રીકૃષ્ણે કહ્યું, મેં પ્રથમ યુક્તિ પૂર્વક બટુકનું રૂપ ધારણ કરીને બલિની પાસે માગ્યું કે, હે રાજન્ ! તું મને ત્રણ પગલાં જેટલી પૃથ્વી આપ. તેથી તને ત્રણ જગત આપવાનું પુણ્ય થશે, એમાં સંદેહ નથી. તેણે તે વાત કબૂલ કરી. તત્કાલ મારું શરીર વધવા લાગ્યું, મારા પગ પાતાળમાં રહ્યા, પૃથ્વી ઉપર ઘુંટણ રહ્યા, સ્વર્ગમાં કેડ રહી, મહર્લોકમાં પેટ રહ્યું, જનલોકમાં હૃદય રહ્યું, તપલોકમાં કંઠ રહ્યો, સત્યલોકમાં મુખ રહ્યું, તેથી સૌથી ઉપલા ભાગમાં મારું માથું રહ્યું. આમ મારું શરીર વધી ગયું. પછી મેં બલિનો હાથ પકડીને કહ્યું, હે અનઘ ! મેં એક પગલાંથી આખી પૃથ્વી માપી લીધી, અને

બીજા પગલાંથી સ્વર્ગ વગેરે માપી લીધાં, અને હવે મને ત્રીજું પગલું રાખવાનું સ્થાન આપ. ત્યારે ત્રીજું પગલું મૂકવા માટે તેણે પોતાનું મસ્તક ધર્યું, એટલે તેની ઉપર પગ મૂકી મારા ભક્ત બલિને મેં પાતાળમાં ઉતારી દીધો, છતાં તેણે પોતાની મર્યાદા લોપી નહીં. આથી હું પ્રસન્ન થયો. પછી મેં મહાભાગ્યશાળી બલિને કહ્યું, હે માનદ્ ! હે બલીરાજા ! હું નિરંતર તારી પાસે રહીશ.

ભાદરવા માસની શુક્લ પક્ષની પરિવર્તિની એકાદશીને દિવસે મારું એક સ્વરૂપ બલિની પાસે રહે છે. અને બીજું સ્વરૂપ સમુદ્રમાં ઉત્તમ એવા ક્ષીરસાગરને વિષે શેષનાગ ઉપર સૂવે છે. હે રાજન્ ! આ એકાદશી પવિત્ર, મહાપુણ્યકારક અને પાપનો નાશ કરનારી છે. માટે તે દિવસે પ્રયત્ન પૂર્વક અવશ્ય વ્રત કરવું જોઈએ. આ એકાદશીને દિવસે ત્રણ લોકના પિતામહ નારાયણ પોતાનું શરીર ફેરવે છે. માટે તે દિવસે તેમનું પૂજન કરવું. આ એકાદશીને દિવસે દહીંમાં ચોખા નાખીને તેનું દાન આપવાથી અને રાતે જાગરણ કરવાથી મોક્ષ મળે છે.

જે માણસ પાપને હરનારી આ ઉત્તમ કથાનો પાઠ કરે છે અથવા કથા સાંભળે છે, તેને હજાર અશ્વમેઘ યજ્ઞોનું ફળ મળે છે.

આવી રીતે સ્કંદપુરાણમાં ભાદ્રપદમાસની શુક્લપક્ષની પરિવર્તિની એકાદશીનું માહાત્મ્ય કહેલું છે.

॥ ઈતિ શ્રી સ્કંદપુરાણે શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર સંવાદે
ભાદ્રપદશુક્લૈકાદશ્યાં પરિવર્તિનીનામ્ન્યા માહાત્મ્યં સંપૂર્ણમ્ ॥



## ભાદરવા વદી ઈન્દિરા એકાદશી. (૨૨)

યુધિષ્ઠિરે પૂછ્યું, ‘‘હે શ્રીકૃષ્ણ ! તમે પ્રસન્ન હો તો ભાદરવા વદ એકાદશીનું શું નામ છે અને તે વ્રત કેવી રીતે કરવું. ? તે કૃપા કરીને કહો.’’

શ્રીકૃષ્ણે કહ્યું, ભાદરવા વદ એકાદશીનું નામ ‘ઈન્દિરા’ છે. તે દિવસે વ્રત કરવાથી મહાપાપ નષ્ટ થાય છે, ને અધોગતિ પામેલા પિતૃઓનો ઉધ્ધાર થાય છે. તેનું મહાત્મ્ય સાંભળવાથી વાજપેય યજ્ઞનું ફળ મળે છે. હવે આ કથા સાવધાન થઈ સાંભળો.

પૂર્વે સત્યયુગમાં માહિષ્મતિ નગરીમાં ઈન્દ્રસેન નામનો રાજા રાજ્ય કરતો હતો. તે શત્રુનો નાશ કરનાર યશસ્વી હતો. તે પુત્ર, પૌત્રના પરિવારવાળો, ધન ધાન્યની સમૃધ્ધિવાળો, વિષ્ણુભક્તિ પરાયણ અને ધર્મથી પ્રજાનું પાલન કરનારો હતો. તે સતત અધ્યાત્મજ્ઞાનના વિચારમાં ને નારાયણના ધ્યાનમાં સમય પસાર કરતો હતો.

એક દિવસ તે રાજા સભામાં સુખેથી બેઠો હતો. તે વખતે બુધ્ધિમાન નારદમુનિ ત્યાં પધાર્યા. ત્યારે રાજાએ સામે જઈ હાથ જોડી અર્ધ્ય વિગેરેથી વિધિપૂર્વક પૂજા કરી, આસન ઉપર બેસાડ્યા.

પછી મુનિરાજ નારદજી રાજાને પૂછવા લાગ્યા કે, હે રાજેન્દ્ર ! તમારું રાજ્ય બધી રીતે કુશળ છે ને ? તમારી બુધ્ધિ ધર્મમાં રહે છે ને ? અને વિષ્ણુભક્તિમાં પ્રીતિ કરે છે ને ? એવાં ઋષિનાં વચનો સાંભળી રાજા કહેવા લાગ્યા, હે મુનિરાજ ! આપની કૃપાથી મારું સઘળું કુશળ છે. આપનાં દર્શનથી મારા સઘળા યજ્ઞો સફળ થયા. હે મહારાજ ! કૃપા કરી કહો આપનું પધારવું શા કારણથી છે ? એવાં રાજાનાં વચનો સાંભળી દેવર્ષિ નારદ બોલ્યા, હે રાજશાર્દુલ !

આ આશ્ચર્ય કારક મારું વચન સાંભળો. એક દિવસે હું બ્રહ્મલોકમાંથી યમલોકમાં ગયો હતો. ત્યાં યમરાજાએ મારી ભક્તિથી પૂજા કરી. મને ઉત્તમ આસન ઉપર બેસાડ્યો. પછી ધર્મિષ્ટ, સત્યવાદી અને ઘણાં ઉત્તમ પુણ્ય કરનાર તમારા પિતા, કોઈ વ્રતના ભંગથી યમરાજાની સભામાં તેમની સેવા કરતા મારા જોવામાં આવ્યા.

તેમણે મારી સાથે સંદેશો કહાવ્યો છે, તે સાંભળો. તેમણે મને કહ્યું છે કે, હે મુનિરાજ ! માહિષ્મતિ નગરીનો રાજા ઈન્દ્રસેન નામથી પ્રસિધ્ધ છે. તેને જઈને કહો કે, તમારા પિતાશ્રીનો કોઈપણ પાપથી યમલોકમાં નિવાસ થયો છે. માટે ઈન્દિરા એકાદશીના વ્રતનું પુણ્ય આપી મારો ઉદ્ધાર કરે. હે રાજન્ ! એટલું તમારા પિતાએ મને કહેલ છે. તે કહેવાને હું તમારી પાસે આવ્યો છું, માટે હે રાજન્ ! ઈન્દિરા એકાદશીનું વ્રત કરો. તેના પ્રભાવથી તમારા પિતા બ્રહ્મધામમાં જશે.

રાજાએ પૂછ્યું, હે ભગવન્ ! ઈન્દિરા એકાદશીનું વ્રત કયા પક્ષમાં, કયા દિવસે, કેવી રીતે કરવું, તે સઘળું આપ મને કૃપા કરી કહો.

નારદે કહ્યું, હે રાજન્ ! ભાદરવા વદી દશમીને દિવસે પ્રાતઃકાળમાં શ્રધ્ધાથી સ્નાન કરવું, પછી મધ્યાહ્ને ફરીથી નદી વગેરે કોઈ જળાશયમાં સ્નાન કરી, પિતૃદેવને પ્રસન્ન કરવા શ્રધ્ધાથી શ્રાધ્ધ કરવું. પછી એક વખત ભોજન કરી, રાત્રે ભૂમિપર સૂવું. પછી એકાદશીને દિવસે પ્રાતઃકાળે દાતણ કરી મુખ ધોવું, પછી મનમાં નારાયણનું સ્મરણ કરી, હે કેશવ ! હે અચ્યુત ! હું આજ કાંઈપણ ભોજન કરીશ નહીં. અને કોઈપણ પ્રકારના ભોગ ભોગવીશ નહીં તમે મારું રક્ષણ કરો. એટલું કહી ભક્તિથી ઉપવાસનો નિયમ લેવો.



પછી મધ્યાહ્ન થાય ત્યારે શાલિગ્રામની પાસે વિધિથી શ્રાધ્ધ કરી, પિતૃદેવનું નૈવેદ્ય પોતે સૂંઘી ગાયને આપી દેવું. પછી ચંદન, ધૂપ વિગેરેથી નારાયણની પૂજા કરી, રાત્રે તેમની પાસે જાગરણ કરવું. બારસને દિવસે પ્રાતઃકાળે સ્નાન કર્યા બાદ ભક્તિથી હરિપૂજન કરી બ્રાહ્મણોને જમાડી, પોતે પરિવાર સગાં સંબંધી સહિત પારણાં કરવાં.

હે રાજન્ ! આ પ્રમાણે સાવધાન થઈ વ્રત કરવાથી તમારા પિતા વૈકુંઠમાં જશે. પછી રાજાએ પોતાના પરિવાર, નોકર, ચાકર સહિત નારદના કહેવા પ્રમાણે ઈન્દિરા એકાદશીનું વ્રત કર્યું. અને સંકલ્પ કરી હાથમાં જળ લઈ પુણ્ય આપ્યા બાદ પુષ્પવૃષ્ટિ થઈ, અને રાજાના પિતા ગરૂડ પર બેસી વૈકુંઠમાં ગયા.

હે યુધિષ્ઠિર ! મેં ઈન્દિરા એકાદશીનું માહાત્મ્ય તમારી પાસે કહી સંભળાવ્યું, જે આ કથા સાંભળે છે, અને પાઠ કરે છે તે વૈકુંઠ ધામને પામે છે.

આવી રીતે બ્રહ્મવૈવર્ત પુરાણમાં ભાદરવા વદ ઈન્દિરા એકાદશીનું માહાત્મ્ય કહેલું છે.

॥ ઈતિ શ્રી બ્રહ્મવૈવર્ત પુરાણે શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર સંવાદે
ભાદ્રપદકૃષ્ણૈકાદશ્યાં ઈન્દિરાનામ્ન્યા માહાત્મ્યં સંપૂર્ણમ્ ॥

## આસો સુદી પાશાંકુશા એકાદશી. (૨૩)

યુધિષ્ઠિરે પૂછ્યું, ‘‘હે શ્રીકૃષ્ણ ! આસો સુદ એકાદશીનું શું નામ છે ? તે કૃપા કરીને કહો.’’

શ્રીકૃષ્ણે કહ્યું, હે રાજેંદ્ર ! આસો સુદ એકાદશી ‘પાશાંકુશા’ એ નામથી પ્રસિધ્ધ છે. આ એકાદશી સર્વપાપોનો નાશ કરનારી

અને ઉત્તમ છે, તે દિવસે પદ્મનાભ નામના નારાયણની પૂજા કરવી. જેના પ્રતાપે સઘળી મનોકામના પૂર્ણ થાય છે. જે માણસ મોહથી ઘણાં પાપો કરે છે, તે માણસ જો નારાયણને નમસ્કાર કરે તો તેને નરકમાં જવું પડતું નથી. પૃથ્વી પર જેટલાં તીર્થો ને પવિત્ર સ્થળો છે, તે સઘળાનું પુણ્ય વિષ્ણુ ભગવાનનાં નામ લેવાથી થાય છે. તેઓને કોઈ દિવસ યમલોક જોવો પડતો નથી. જે માણસ એકાદશીને દિવસે કોઈ પણ પ્રસંગથી ઉપવાસ કરે છે. તેમને યમની યાતના ભોગવવી પડતી નથી. હજારો અશ્વમેઘ યજ્ઞો અને સેંકડો રાજસૂય યજ્ઞ પણ, આ એકાદશીના સોળમાં ભાગની પણ તુલના કરી શકે તેમ નથી.

આ એકાદશી સર્વશ્રેષ્ઠ સુખ આપનારી, મોક્ષ આપનારી, આરોગ્ય આપનારી અને ધનધાન્યની વૃધ્ધિ કરનારી છે. એકાદશીને દિવસે ઉપવાસ કરી, જાગરણ કરવાથી શ્રમ વિના વૈકુંઠ પ્રાપ્ત થાય છે. હે રાજેન્દ્ર ! જે પુરુષ આ એકાદશીનું વ્રત કરે છે, તે માતાના કુળના દશ અને પિતાના કુળના દશ અને સ્ત્રીના કુળના દશ પુરુષોનો ઉધ્ધાર કરે છે. જે માણસ આ એકાદશીનું વ્રત કરે છે. તે ચાર હાથ વાળું, દિવ્ય સ્વરૂપ વાળું, પીળાં વસ્ત્ર પહેરેલું સ્વરૂપ ધારણ કરી, ગરૂડ ઉપર બેસી વૈકુંઠમાં જાય છે. પાપી પુરુષ પણ આ એકાદશીનું વ્રત કરવાથી નરકમાં પડતો નથી. દરિદ્ર પુરુષે પણ શક્તિ પ્રમાણે હમેશાં સ્નાન કરી, દાન વગેરે કર્મો કરવાં. જે પુરુષ તળાવ ખોદાવે છે, બગીચા બંધાવે છે, ધર્મશાળા બંધાવે છે, અને બીજાં સત્કર્મ કરે છે, તેને યમયાતના ભોગવવી પડતી નથી.

પાપ કરવાથી નરકપાત થાય છે, ધર્મ કરવાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. એમાં સંશય નથી.

હે રાજા યુધિષ્ઠિર ! તમે જે પાશાંકુશા એકાદશીનું માહાત્મ્ય



પૂછ્યું હતું, તે મેં કહી સંભળાવ્યું.

આવી રીતે બ્રહ્માંડ પુરાણમાં આસો માસના શુક્લ પક્ષની પાશાંકુશા એકાદશીનું માહાત્મ્ય કહેલું છે.

॥ ઈતિ શ્રી બ્રહ્માંડ પુરાણે શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર સંવાદે
આશ્વિનશુકલૈકાદશ્યાં પાશાંકુશા નામ્ન્યા માહાત્મ્યં સંપૂર્ણમ્ ॥

## આસો વદી રમા એકાદશી. (૨૪)

યુધિષ્ઠિરે પૂછ્યું, “હે શ્રીકૃષ્ણ ! હું આપને પૂછું છું કે, આસો વદ એકાદશીનું શું નામ છે ? તે કૃપા કરી કહો.”

શ્રીકૃષ્ણે કહ્યું, હે રાજન્ ! આસો વદ એકાદશીનું શુભ નામ ‘રમા’ છે. આ એકાદશી મહાપાપને હરનારી ને ઉત્તમ છે. એના માહાત્મ્યનો પ્રસંગ સાંભળો.

પૂર્વે મુચુકુંદ નામનો રાજા હતો. એ રાજાને ઈંદ્ર, યમ, વરૂણ, કુબેર અને વિભીષણ એ બધાની સાથે મૈત્રી હતી. એ રાજા સત્ય પ્રતિજ્ઞાવાળો ને વિષ્ણુભક્ત હતો. તેને ઘેર ચંદ્રભાગા પુત્રીરૂપે થઈ હતી. જે ઉત્તમ નદી કહેવાય છે, તે કન્યા ચંદ્રસેનના પુત્ર શોભનને પરણાવી હતી. એક વખત શોભન પોતાના સસરાને ઘેર ગયો હતો. તે દિવસ એકાદશીનો હતો. ત્યારે તેની પત્ની ચંદ્રભાગાને વિચાર થયો કે, મારા પતિ અશક્ત હોવાને કારણે ભૂખ્યા રહી શકે તેમ નથી. ને મારા પતિનો સખત હુકમ છે તેથી ઉપવાસ કર્યા વિના પણ છૂટકો નથી. હવે શું કરવું ? શોભને પોતાની પ્રિયાને કહ્યું કે, હવે મારે કેમ કરવું તે કહે. મારો સારી રીતે બચાવ થાય, તેવો ઉપાય બતાવ.

ચંદ્રભાગાએ કહ્યું, હે નાથ ! એકાદશીને દિવસે મારા

પિતાના ઘરમાં હાથી, ઘોડા, ઊંટ કે અન્ય પ્રાણીઓ ઘાસ કે અનાજ ખાઈ શકતા નથી, જળ પણ પી શક્તાં નથી, ત્યારે મનુષ્યો ખાઈ કે પી કેમ જ શકે ? હે નાથ ! જો તમે ભોજન કરશો તો ઘરમાંથી નીકળી જવું પડશે. માટે મનમાં વિચાર કરી નિશ્ચય દ્રઢ કરો.

શોભને કહ્યું, હે પ્રિયે ! તેં સત્ય કહ્યું, માટે હું ઉપવાસ કરીશ, પછી જે નસીબમાં હશે તે થશે. પણ ઘણી ભૂખ તથા તૃષા લાગવાથી તે અતિ પીડા પામવા લાગ્યો. આવી રીતે પીડામાં ને પીડામાં સૂર્યાસ્ત થયો. અન્ય લોકો હર્ષથી વિષ્ણુભક્તિ કરી રાત્રી જાગરણ કરતા હતા. પણ શોભનને જાગરણની રાત્રી મહાદુઃખદાયક થઈ પડી, અને સૂર્યોદય થયો ત્યાં સુધી તો તે મરણ પામ્યો. ત્યારે રાજાને યોગ્ય એવા કાષ્ટથી અગ્નિદાહ કરાવ્યો, ચંદ્રભાગા પતિની ઉત્તર ક્રિયા કરી પિતાને ઘેર રહી.

હવે શોભને રમા એકાદશીનું વ્રત કર્યું હતું. તેથી તેને મંદર પર્વતના શિખર ઉપર દેવના જેવા સુંદર પુરની પ્રાપ્તિ થઈ. આ પુર અનેક સમૃધ્ધિવાળું હતું. સોનાના થાંભલાવાળા રત્નોથી શોભતા સ્ફટીક મણીઓના મહેલોથી ઘણું શોભતું હતું. તે શહેરમાં મુકુટ, કુંડલ, હાર અને બાજુબંધ વગેરેથી શોભાયમાન શોભનરાજ સિંહાસન પર બેસતો હતો. ગાંધર્વો તેની સ્તુતિ કરતા હતા ને અપ્સરાઓ તેની સેવા કરતી હતી, આવી રીતે ઇંદ્રની પેઠે સુખ ભોગવતો હતો.

એક દિવસ મુચુકુન્દના નગરમાં વસનારો સોમશર્મા નામનો બ્રાહ્મણ યાત્રાના પ્રસંગથી ફરતો ફરતો તે શહેરમાં જઈ ચડ્યો, તેમાં શોભન નજરે પડ્યો. અને આ રાજાનો જમાઈ છે એમ જાણી, તે બ્રાહ્મણ તેની પાસે ગયો. ત્યારે આસન ઉપરથી ઊઠી શોભને તે



બ્રાહ્મણને પ્રણામ કર્યા. પછી પોતાના સસરા રાજા મુચુકુન્દના કુશળ સમાચાર પૂછી, પોતાની સ્ત્રી ચંદ્રભાગાના અને શહેરના પણ કુશળ સમાચાર પૂછ્યા.

સોમશર્માએ કહ્યું, હે રાજન્ ! તમારા સસરાના ઘરમાં સર્વ કુશળ છે. અને શહેરમાં પણ સર્વ કુશળ છે. હવે તમે તમારી વાત કહો. ક્યાંય ન જોએલું આ સુંદર શહેર જોઈ મને આશ્ચર્ય થાય છે. માટે મને કહો કે, તમોને આ કેમ પ્રાપ્ત થયું ?

શોભને કહ્યું, હે મહારાજ ! આસોમાસના કૃષ્ણ પક્ષની રમા એકાદશીને દિવસે મેં ઉપવાસ કર્યો હતો તેથી મને આ શહેર મળ્યું છે. પણ તે અસ્થિર છે. સ્થાયી થાય તેવો ઉપાય કહો.

બ્રાહ્મણે કહ્યું, હે રાજન્ ! આ શહેર કેમ અસ્થિર છે અને કયા ઉપાયથી સ્થિર થશે તે કહો ? એટલે હું તે પ્રમાણે કરીશ.

શોભને કહ્યું, હે મહારાજ ! મેં રમા એકાદશીનું ઉત્તમ વ્રત કર્યું હતું, પણ શ્રધ્ધા હતી નહીં. તેથી અસ્થિર છે. હવે તે સ્થિર થાય તેવો ઉપાય બતાવું છું. મુચુકુન્દ રાજાની પુત્રી ચંદ્રભાગા ઘણી ઉત્તમ છે. તેને જઈ આ હકીકત કહો. તેથી આ શહેર સ્થિર થશે. તે બ્રાહ્મણ એવી રીતનો સંદેશો લઈ ચંદ્રભાગાની પાસે આવ્યો, ને તે સંદેશો કહી સંભળાવ્યો. ચંદ્રભાગાને મોટું આશ્ચર્ય થયું. તેણે પૂછ્યું, હે મહારાજ ! આપે જે વાત કહી તે નજરે જોએલી છે કે સ્વપ્નામાં જોયેલી છે ? સોમશર્માએ કહ્યું હે પુત્રી ! તારા પતિને સ્વર્ગ સરખું અને પરાભવ ન પામનારું તેનું શહેર મેં નજરે જોયેલું છે. તે અસ્થિર છે, એમ તારા પતિએ કહેલું છે. માટે તે સ્થિર થાય તેવો ઉપાય કર.

ચંદ્રભાગાએ કહ્યું, હે મહારાજ ! પતિના દર્શનની ઈચ્છાવાળી મને આપ પતિ પાસે લઈ જાઓ. ત્યાં ગયા પછી મારા

વ્રતના પ્રભાવથી એ શહેર સ્થિર થશે, તેવો ઉપાય હું કરીશ. પણ હાલ તો અમે બન્ને મળીએ તેવો ઉપાય કરો. એવાં વચનો સાંભળી તે બ્રાહ્મણ ચંદ્રભાગાને લઇ મંદરાચળના પાસે વામદેવ ઋષિના આશ્રમમાં ગયો. અને તે મુનિને સઘળી હકીકત કહી સંભળાવી, ત્યારે વામદેવ ઋષિએ વેદમંત્ર ભણી ચંદ્રભાગાની ઉપર અભિષેક કર્યો, ઋષિના મંત્રભાવથી ને એકાદશીના વ્રતના પ્રભાવથી તેણીનું શરીર અલૌકિક થઇ ગયું, તેથી તે દિવ્ય ગતિને પામી. અને ઘણા હર્ષથી પતિની પાસે ગઇ. તેણીને આવેલી જોઇ શોભન ઘણો પ્રસન્ન થયો.

ચંદ્રભાગાએ પતિને હર્ષથી કહ્યું, હે નાથ ! હું જ્યારથી આઠ વર્ષની થઈ છું, ત્યારથી મારા પિતાને ઘેર રહી શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે શ્રધ્ધાથી એકાદશીનું વ્રત કરું છું. તેના પ્રભાવથી આ શહેર પ્રલયકાળ સુધી સ્થિર થશે. ને સઘળી સમૃધ્ધિવાળું થશે.

હે રાજન્ ! આ રમા એકાદશી ચિંતામણી અને કામધેનું જેવી છે. તેની કથા મેં તમારી પાસે કહી સંભળાવી.

જે માણસ આ રમા એકાદશીનું વ્રત કરે છે, તેઓનાં બ્રહ્મહત્યા વગેરે પાપો નષ્ટ થાય છે. તેમાં સંશય નથી. જે માણસ આ રમા એકાદશીનું માહાત્મ્ય સાંભળે છે, તે સર્વે પાપોથી મુક્ત થાય છે. ને વૈકુંઠમાં પૂજાય છે.

આવી રીતે બ્રહ્મવૈવર્ત પુરાણમાં આસો માસના કૃષ્ણપક્ષની રમા એકાદશીનું માહાત્મ્ય કહેલું છે.

॥ ઈતિ શ્રી બ્રહ્મવૈવર્ત પુરાણે શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર સંવાદે
અશ્વિનકૃષ્ણૈકાદશ્યાં રમાનામ્ન્યા માહાત્મ્યં સંપૂર્ણમ્ ॥



## અધિકમાસના શુક્લપક્ષની પદ્મિની એકાદશી.

યુધિષ્ઠિરે કહ્યું, ''હે શ્રીકૃષ્ણ ! મલમાસ પુરૂષોત્તમ માસની એકાદશીનું શું નામ છે ? તેનો કેવો પ્રકાર છે ? તે વિગતે કહી સંભળાવો.''

શ્રીકૃષ્ણે કહ્યું, અધિક પુરૂષોત્તમ માસની એકાદશીનું નામ પદ્મિની છે. સાવધાન રહી આ વ્રત કરવાથી વૈકુંઠની પ્રાપ્તિ થાય છે. પાપોનો નાશ કરનારી, ભોગ અને મોક્ષ આપનારી ઉત્તમ પદ્મિની એકાદશીનું વ્રત પૂર્વે બ્રહ્માએ નારદજી પ્રતે કહેલું છે.

શ્રીકૃષ્ણ બોલ્યા, હે રાજન્ ! વ્રતનો ઉત્તમ પ્રકાર કહું તે સાંભળો, દશમીને દિવસે વ્રતનો આરંભ કરવો, કાંસાનું પાત્ર, મસુર, ચણા, અડદ, કોદરા, શાક, મધ અને પારકું અન્ન આટલું દશમીને દિવસે ત્યાગ કરવો. દશમીને દિવસે હવિષ્યાન્ન (જવ, તલ, ફળ, ભાત વગેરે હોમવાનાં પદાર્થો) જમવું. લવણ કે ખારી ચીજ ખાવી નહીં, જમીન પર સૂવું, બ્રહ્મચર્ય પાળવું, એકાદશીને દિવસે આદરથી પ્રાતઃકાળમાં ઊઠી, શુધ્ધ થઇ બાર કોગળા કરી, મુખ શુધ્ધ કરવું, પણ દાતણ કરવું નહીં.

સૂર્યોદય થાય ત્યારે છાંણ, માટી, તલ અથવા આમળાના ચૂર્ણવડે વિધિથી સ્નાન કરવું. દેવોનાં તથા નદીઓનાં નામ બોલી નારાયણના આવડતા શ્લોક બોલી અથવા બીજા વરૂણના મંત્ર વડે સ્નાન કરવું, તેમજ સ્નાન કરતી વખતે નદી અને તીર્થોનું સ્મરણ કરવું, પછી ધોયેલાં વસ્ત્રો પહેરી નારાયણની પૂજા કરવી, ધૂપ, દીપ, ચંદન ચર્ચવું, ઋતુઓ પ્રમાણે પુષ્પો ચડાવવાં, એકાદશીનો ઉપવાસ કરવો, રાત્રે કીર્તન સહિત જાગરણ કરવું, રાત્રિના પહેલા પહોરમાં અગ્નિષ્ટોમનું ફળ પ્રાપ્ત થાય છે. બીજા પહોરમાં વાજપેય યજ્ઞનું

ફળ પ્રાપ્ત થાય છે. ત્રીજા પહોરમાં અશ્વમેઘ યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે. અને ચોથા પહોરમાં રાજસૂય યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે. આવી રીતે સૂર્યોદય સુધી જાગરણ કરવું.

પછી વિધિથી બ્રાહ્મણની પૂજા કરવી, અને ભોજન જમાડવું. હે રાજન્ ! તમે જે પૂછ્યું હતું તે સઘળું મેં તમને કહી સંભળાવ્યું.

હે યુધિષ્ઠિર ! નારદને પુલસ્ત્યઋષિએ વિસ્તારથી કહેલી કથા સાંભળો, રાવણે ઈંદ્ર સહિત દેવોને પણ જીતી લીધા હતા તો રાવણને કાર્તવીર્ય કેમ જીતી શક્યો ?

પુલસ્ત્યે કહ્યું, હે વત્સ ! નારદ ! પૂર્વે ત્રેતાયુગમાં માહિષ્મતી નગરીનો કૃતવીર્ય નામે મોટો રાજા હતો. તે મહા પરાક્રમી હૈહયના કુળમાં ઉત્પન્ન થયો હતો. તેને હજાર સ્ત્રીઓ હતી તેમાંથી કોઈને પણ પુત્ર થયો ન હતો. રાજાએ પુત્ર માટે પિતૃની, સિધ્ધોની, માહાત્માની પૂજા કરી પણ સુખ થયું નહિ, પછી તપ કરવાનો નિશ્ચય કરી કૃતવીર્ય રાજા વલ્કલ પહેરી, રાજ્યનો કારભાર પ્રધાનને સોંપી તપ કરવા ગયો. તેની સાથે રાજાની પટરાણી પદ્મિની સઘળા અલંકાર વગેરેનો ત્યાગ કરી, એક વલ્કલ પહેરી ગંધમાર્દન પર્વત પર રાજાની પાછળ ગઈ. ત્યાં રાજાએ નારાયણનું ધ્યાન કરી, દશહજાર વર્ષ સુધી તપ કર્યું, પણ પુત્ર થયો નહીં.

પછી પતિને અતિ દુર્બલ થઈ ગયેલો જોઈ, પદ્મિનીએ વિનયથી મહાપતિવ્રતા અનસૂયાને પૂછયું, હે સાધ્વી ! મારા પતિને તપ કરતાં કરતાં દશહજાર વર્ષ નીકળી ગયાં, છતાં પણ નારાયણ પ્રસન્ન થયા નહીં. માટે નારાયણ પ્રસન્ન થાય અને મને મોટો ચક્રવર્તી પુત્ર થાય એવું ઉત્તમ વ્રત કહો. આવું વચન સાંભળી મહાપતિવ્રતા અનસૂયાએ કહ્યું, હે સુંદર નેત્રવાળી ! અધિક માસ જે બત્રીસ માસ



પછી આવે છે. અને બધા માસમાં ઉત્તમ છે. આ માસની શુક્લ પક્ષની પદ્મિની એકાદશી અતિ ઉત્તમ છે. તે દિવસે વિધિથી ઉપવાસ કરી, જાગરણ કરવાથી નારાયણ જલદી પ્રસન્ન થશે. આવી રીતે અનસૂયાએ કહેલો સઘળો વ્રત વિધિ સાંભળી, પુત્રની ઈચ્છાવાળી રાણીએ એકાદશીને દિવસે નિરાહાર રહી જળ પણ પીધું નહિ, રાત્રે કીર્તન ગાઈ જાગરણ કર્યું, આ પ્રમાણે વ્રત પુરું થયું ત્યારે વિષ્ણુ પોતે ગરૂડ પર બેસીને આવ્યા અને કહ્યું હે શોભને ! વરદાન માગો, એવું નારાયણનું વચન સાંભળી રાણી પદ્મિની હર્ષથી બોલી કે, હે પ્રભુ ! મારા પતિ જે માગે તે આપો. હું એ વર માગું છું. એવાં વચનો સાંભળી વિષ્ણુ બોલ્યા કે, હે શુભે ! જેવો અધિક માસ મને પ્રિય છે તેવો બીજો કોઈ નથી. તેની એકાદશી મને અત્યંત પ્રિય છે. એ દિવસે તેં વિધિથી ઉપવાસ કર્યો તેથી હું પ્રસન્ન થયો છું. માટે તારા પતિના મનમાં જે મનોરથ હશે તે હું પૂર્ણ કરીશ.

ભગવાન વિષ્ણુએ રાજાને કહ્યું, હે રાજન્ ! તારા મનમાં જે ઈચ્છા હોય તે માગી લે.

રાજાએ કહ્યું, હે વિષ્ણુ ! જેને સર્વલોક નમસ્કાર કરે, જેને આપ વિના બીજા કોઈ દેવ, દાનવ, મનુષ્ય, નાગ કે રાક્ષસ કોઈ પણ જીતી શકે નહીં, એવો મહા ભાગ્યશાળી પુત્ર આપો. ત્યારે તથાસ્તુ કહી, વિષ્ણુ અંતર્ધાન થઈ ગયા.

પછી રાજા પોતાની પ્રિયાની સાથે પોતાના વૈભવશાળી નગરમાં આવ્યો. પછી પદ્મિનીને કાર્તવીર્ય નામનો બળવાન પુત્ર થયો. ત્રણે લોકમાં કાર્તવીર્ય જેવો બળવાન કોઈ ન હતો. તેણે યુધ્ધમાં દશમાથાંવાળા રાવણને હરાવ્યો. નારાયણ સિવાય ત્રણે લોકમાં આ રાજાને જીતી શકે તેવો કોઈ રાજા ન હતો.

અધિકમાસની એકાદશીના પ્રભાવથી નારાયણે મહા બળવાન કાર્તવીર્યને આપ્યો હતો. એટલું કહી પુલસ્ત્ય ઋષિ ત્યાંથી પોતાના આશ્રમે ગયા.

હે યુધિષ્ઠિર ! તમારા પૂછવા પ્રમાણે અધિક માસની એકાદશીનું સઘળું માહાત્મ્ય કહી સંભળાવ્યું. જે મનુષ્ય આ ઉત્તમ વ્રત કરશે તેની મનોકામના પૂર્ણ થશે.

આવી રીતે જે મનુષ્ય અતિ સુખ આપનારી અધિક માસના શુક્લ પક્ષની એકાદશીનું વ્રત ભક્તિપૂર્વક કરે છે. તે માણસો આ પૃથ્વી ઉપર અતિ ધન્ય કહેવાય છે.

જે મનુષ્યો આ કથાનો પાઠ કરે છે અથવા સાંભળે છે. તેમનો વૈકુંઠ ધામમાં વાસ થાય છે.

આવી રીતે અધિક માસના શુક્લ પક્ષની પદ્મિની એકાદશીનું માહાત્મ્ય કહેલું છે.

॥ ઈતિ શ્રી શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર સંવાદે અથાધિકમાસ શુક્લૈકાદશ્યાં પદ્મિનીનામ્ન્યા માહાત્મ્યં સંપૂર્ણમ્ ॥

## અધિકમાસના કૃષ્ણપક્ષની પરમા એકાદશી.

યુધિષ્ઠિરે પૂછ્યું, "હે જગતપતે ! અધિકમાસના કૃષ્ણપક્ષની એકાદશીનું નામ, તેનો પ્રકાર તથા તેની પવિત્ર કથા કહો."

શ્રીકૃષ્ણે કહ્યું, હે યુધિષ્ઠિર ! અધિકમાસના કૃષ્ણ પક્ષની એકાદશીનું નામ પરમા છે. તે સ્ત્રીઓ તથા પુરુષોને ભોગ તથા મોક્ષ આપનારી છે. આ એકાદશીને દિવસે પદ્મિની એકાદશીમાં કહ્યા પ્રમાણે ઉપવાસ કરવો. ભક્તિથી વિષ્ણુનું પૂજન કરવું.

સુમેધા નામનો ધર્મિષ્ઠ બ્રાહ્મણ હતો, તેને પવિત્રા નામની



પતિવ્રતા સ્ત્રી હતી. કોઈ કમનસીબને લીધે બ્રાહ્મણ નિર્ધન હતો. અને પૂર્વ જન્મમાં કોઈ દાન પુણ્ય ન કર્યું હોવાને કારણે આ જન્મમાં ઉદ્યમ કરવાથી પણ ધન પ્રાપ્ત થાય તેમ ન હતું. જેથી પતિએ પવિત્રતાની સમજાવટથી ધન પ્રાપ્તિ માટે બહાર જવાનું માંડી વાળ્યું.

એક દિવસ કૌંડિન્યમુનિ બ્રાહ્મણને ઘેર પધાર્યા. બ્રાહ્મણ બોલ્યો, આજ મારાં મોટાં ભાગ્ય. જેથી આપનું દર્શન થયું, મારી ઉપર આપે મોટી કૃપા કરી, પછી સુંદર આસન ઉપર બેસાડી તેમની પૂજા કરી, સારી રીતે ભોજન કરાવ્યું. પછી સ્ત્રીએ પૂછ્યું, હે મહારાજ ! કયો ઉપાય કરવાથી અમારા દ્રારિદ્રપણાનો નાશ થાય ? મારાં સારાં નસીબે આજ આપનાં દર્શન થયાં, હે કૃપા સિન્ધો ! જેથી દરિદ્રપણું અવશ્ય નષ્ટ થાય તેવું તપ, તીર્થ અથવા વ્રત હોય તે કહો.

કૌંડિન્યમુનિએ કહ્યું કે, અધિકમાસના કૃષ્ણપક્ષની એકાદશી પરમા નામથી પ્રસિધ્ધ છે. તે ઉત્તમ ફળ, ભોગ તથા મોક્ષ આપનારી છે. તે દિવસે વિધિ પૂર્વક ઉપવાસ, વિષ્ણુની પૂજા, તથા રાત્રે જાગરણ, કીર્તન ગાવાથી ધન, ધાન્યની વૃધ્ધિ થાય છે. કુબેર ભંડારીએ આ ઉત્તમ વ્રત કર્યું, તેથી મહાદેવે તેને ભંડારીની પદ્વી આપી અને ગયેલું રાજ્ય પાછું મળ્યું, માટે આપ પણ આ ઉત્તમ વ્રત વિધિપૂર્વક કરી જાગરણ કરો.

એટલું કહી વ્રતનો સઘળો પ્રકાર તેમજ તે બ્રાહ્મણને ઉત્તમ પંચરાત્રિવ્રત કરવાનું કહ્યું.

પરમા એકાદશીને દિવસે કૌંડિન્યમુનિના કહેવા પ્રમાણે અધિક માસમાં સ્નાન કરી, પતિપત્ની સાથે વ્રત કર્યું, અને પંચરાત્રિ વ્રતના નિયમ લઈ પાંચ દિવસ સુધી સવારમાં સ્નાન કરી નિરાહાર

રહ્યાં, પાંચ દિવસ સુધી બ્રહ્મચર્ય પાળ્યું, આમ પંચરાત્રવ્રત પુરું થયું. ત્યારે તેઓની પાસે રાજદરબારમાંથી રાજકુમાર આવ્યો. આજીવિકા માટે ગામ આપ્યું અને તેમાં વિધિપૂર્વક વસાવી રાજકુમાર પોતાને ઘેર ગયો. આ પરમા એકાદશીના ઉપવાસથી ને પંચરાત્ર વ્રતના પ્રભાવથી તે બ્રાહ્મણ સર્વ પાપોથી મુક્ત થયો. અને આ લોકમાં ઘણું સુખ ભોગવી પોતાની સ્ત્રીની સાથે વૈકુંઠમાં ગયો.

શ્રીકૃષ્ણે કહ્યું, અધિક કૃષ્ણ પક્ષમાં એકાદશીથી પુનમ સુધી, આ પંચરાત્ર વ્રતથી નદીઓમાં, તીર્થોમાં નહાવાનું પુણ્ય, ગૌદાન વગેરે દાનોનું પુણ્ય, ગયામાં શ્રાધ્ધ કરવાનું પુણ્ય થાય છે. તેનાથી પણ અધિક પુણ્ય થાય છે. અશક્ત માણસે પણ આ એકાદશીનું વ્રત અવશ્ય કરવું, આપણને આ દુર્લભ મનુષ્ય દેહ મળ્યો છે. એટલા માટે શ્રમ લઈને પણ પરમા એકાદશીનું ઉત્તમ વ્રત કરવું. જે મનુષ્ય આ પ્રમાણે ભક્તિ રાખી શુભ વિધિથી અધિક માસની પરમા એકાદશીનું વ્રત કરે છે. તે સ્વર્ગમાં ઇંદ્રના જેવો વૈભવ ભોગવી વૈકુંઠ ધામને પામે છે.

આવી રીતે અધિક માસની કૃષ્ણપક્ષની પરમા એકાદશીનું માહાત્મ્ય કહેલું છે.

॥ ઇતિ શ્રી કૃષ્ણ યુધિષ્ઠિર સંવાદે અથાધિકમાસકૃષ્ણૈકાદશ્યાઃ પરમાનામ્ન્યા કથા માહાત્મ્યં સંપૂર્ણમ્ ॥



શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

ૐ

## શુક્લ અને કૃષ્ણ પક્ષની એકાદશીનું ઉદ્યાપન.

બ્રહ્મપુરાણોક્તમાં બન્ને પક્ષની એકાદશીઓના ઉદ્યાપનનો પ્રકાર કહેલો છે.

શ્રીકૃષ્ણ બોલ્યા, હે અર્જુન ! વ્રતનો પ્રકાર તથા વ્રત પૂર્ણ કઈ રીતે થાય છે, તે સઘળું કહું છું, તે તું સાંભળ. મોટાં કષ્ટથી કરેલાં સઘળાં વ્રતો ઉદ્યાપન વિના નિષ્ફળ થાય છે. હે પૃથાના પુત્ર અર્જુન ! ખાસ કરીને ઉદ્યાપન જણાવ્યા પ્રમાણેની એકાદશીએ કરવું, ઉદ્યાપનની ક્રિયા કાર્તિક સુદ એકાદશી, માર્ગશીર્ષ માસની કોઈ એકાદશી, વિશેષતઃ માઘ માસની અથવા જ્યેષ્ઠ સુદી ભીમ અગિયારસને દિવસે ઉદ્યાપન કરવું.

સમર્થ અથવા અશક્તે પોતાની શક્તિ પ્રમાણે ખર્ચ કરવું, બન્નેને ફળ સરખું મળે છે.

દશમીને દિવસે પવિત્ર બ્રાહ્મણને ઘેર જઈ પોતાને ત્યાં આવવાનું આમંત્રણ આપવું, પછી એકાદશીને દિવસે ગુરૂ બ્રાહ્મણનું પૂજન કરવું. તેમાં સંકલ્પ કરવો અને ગુરૂના ચરણે પ્રાર્થના કરવી કે, હે બ્રાહ્મણોત્તમ ! મેં કરેલું એકાદશીવ્રત સંપૂર્ણ થાય તેમ તમે કરો, અને એકાદશીને દિવસે ઉપવાસ કરી, બીજે દિવસ પારણું કરીશ એવો નિયમ લેવો.

આ પ્રમાણે પ્રાતઃકાળમાં પવિત્ર થઈ, સ્નાનાદિક ક્રિયા બાદ પિતૃતર્પણ અને દેવતર્પણ કરી, નારાયણની પૂજા કરવી, પવિત્ર સ્થળમાં ગાયના છાણથી લીંપવું, અને કાળા, ધોળા, પીળા અને લાલ રંગ વડે સર્વ ઉદ્યાપનમાં યોગ્ય એવું સર્વતોભદ્રમંડળ ચીતરવું, આઠ આંગળ ઊંચી અને બે વેંથ પહોળી, ચાર ખૂણા વાળી વેદી કરવી. તેમાં ચોખાનાં

અષ્ટદલ કમળ ઉપર જળથી ભરેલા તાંબાના ઘડાની સ્થાપના કરવી, નારાયણ અને લક્ષ્મીની પંચધાતુની અથવા એથી ઊંચા પ્રકારની મૂર્તિ કરાવી, સ્થાપના કરી, ષોડશોપચાર વડે પૂજા કરવી. અને ઉદ્યાપનને દિવસે વિવિધ પ્રકારની મિષ્ટ વાનગી ધરવી. દૂધપાક, ભાત, મગજ, સુવાળી, સાકર, કેળાં, પૂડલા, ઘેબર વિગેરે, પછી મંત્રથી મૂર્તિની સર્વાંગ પૂજા કરવી. મંત્ર વડે અક્ષત, જળ, ચંદન, નાળિયેર, બીજોરા વિગેરેથી અર્ઘ્ય આપવો, રાત્રે જાગરણ કરવું, કીર્તન કરવાં, કથા સાંભળવી જેથી વિષ્ણુલોકની પ્રાપ્તિ થાય છે. ચાલીને દર્શન કરવા જવાથી અશ્વમેઘનું ફળ મળે છે. બીજા દિવસે એકસોઆઠ આહૂતિઓ આપી હોમ કરવો. ભક્તિથી બ્રાહ્મણને ભોજન કરાવી વસ્ત્રાદિક, આભૂષણ, દાન, દક્ષિણાથી તૃપ્ત કરવા. પછી હાથ જોડી ગદ્‌ગદ્ કંઠે પ્રાર્થના કરવી, હે દેવ ! હે વિભો ! આ વ્રતમાં જે કાંઇ ન્યૂનતા રહી હોય તે આપની કૃપાથી પૂર્ણ થાઓ. પછી દંડવત્ પ્રણામ કરી મંડળ, મૂર્તિ અને બીજી સામગ્રી બ્રાહ્મણને આપવી અને દક્ષિણા આપી પ્રસન્ન કરવા.

હે અર્જુન ! આ પ્રમાણે પૂર્વે યૌવનાશ્વ રાજાએ એકાદશી વ્રત વિધિ પૂર્વક કરેલું હતું, જે પુરૂષ ભક્તિથી આ વ્રત કરે છે. તે વૈકુંઠમાં જાય છે. આ પ્રમાણે એકાદશીનું ઉદ્યાપન કહી સંભળાવ્યું. ત્રણે લોકમાં એકાદશી સમાન કોઇ વ્રત નથી, એમાં સંશય નથી. આ સાંભળી અર્જુનને ઘણો જ આનંદ થયો.

આવી રીતે બ્રહ્મપુરાણમાં બન્ને પક્ષની (શુદ અને વદ) એકાદશીવ્રતનું ઉદ્યાપન કહેલું છે.

શ્રીવિષ્ણુનારાયણ, નરનારાયણ, વાસુદેવનારાયણ ભગવાન પ્રસન્નોસ્તુ.



## જયંતીવ્રત વિશેષ.

આપણે આ અગાઉ એકાદશી વ્રત કથા વિધિ આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણની આજ્ઞા અનુસાર કરવાં. એ કહેવામાં આવ્યું. હવે શિક્ષાપત્રીના ૭૯ માં શ્લોક અનુસાર અમારા આશ્રિતોએ એકાદશીનું વ્રત જે તે આદર થકી કરવું, ઉપરાંત પાંચ જયંતિવ્રતો શિવરાત્રી, રામનવમી, નૃસિંહ જયંતિ, જન્માષ્ટમી, વામન જયંતિ જે તે આદર થકી કરવાં અને તે વ્રતના દિવસે ઉત્સવો કરવા. તમામ વ્રતનો રાજા એકાદશીનું વ્રત છે. ઉપરાંત પાંચ જયંતિ વ્રત કર્યાં પછી કોઈ વ્રત કરવાની જરૂર નથી. શાસ્ત્રવ્રત આટલાંજ છે. સત્સંગી, વૈષ્ણવોએ મનકલ્પિત વ્રતો નહિ કરતાં શાસ્ત્ર મુજબ ઉપરનાં વ્રતો જ કરવાં, બાકી કલ્પિત વ્રતોનો તો અંત જ નથી. આ ભગવાનની આજ્ઞા મુજબ બતાવેલ વ્રતો જેઓ કરે છે, તેમના જીવનમાં કોઈ પાપ રહેતું નથી. અને સર્વોપરી ઈષ્ટદેવ શ્રીનરનારાયણદેવનો સદાય રાજીપો રહે છે. અંતે અક્ષરધામના અધિકારી બને છે.

અહીં બન્ને પક્ષની એકાદશીનું ઉદ્યાપન લખવામાં આવ્યું છે, જેમાં બતાવવામાં આવેલ કોઈ પણ એકાદશીએ ઉદ્યાપન કરી શકાય, પોતાની શક્તિનો ખ્યાલ રાખી પવિત્ર વિદ્વાન બ્રાહ્મણ દ્વારા વિધિ કરાવવી પણ જેઓ ધન સંપન્ન હોય તેઓએ લોભ ન કરવો. વિશેષતઃ આપણા ઈષ્ટદેવના રાજીપા માટે ઈષ્ટદેવના સ્થાપનમાં વિશેષ દાન, પુણ્ય ઉદ્યાપન નિમિત્તે ભક્તોએ જરૂર કરવું.

ઉપરાંત અહીં જયંતિ વ્રતનાં ઉદ્યાપન પણ શાસ્ત્રાજ્ઞા અનુસાર કહેલાં છે, જેમાં થોડા ફેરફારને બાદ કરતાં લગભગ ઉદ્યાપન વિધિ સરખી જણાય છે, આ જયંતિ વ્રતોનું ઉદ્યાપન જેઓ એ આજ્ઞાનુસાર કરવું હોય, તેઓએ તે વ્રતનું ઉદ્યાપન દર વર્ષે ન કરતાં ત્રણ, પાંચ કે દશ વર્ષે પણ કરી શકાય. સામર્થી હોય તો દર વર્ષે કરવામાં બાદ્ નથી,

ઉદ્યાપનમાં વપરાતી સામગ્રી શુદ્ધ અને પવિત્ર હોય તેમજ દાનમાં અપાતી વસ્તુઓ પણ સુયોગ્ય હોય તેનો સુજ્ઞ હરિભક્તોએ ખ્યાલ રાખવો.

શ્રીસ્વામિનારાયણો પ્રસન્નોસ્તુ.

શિવરાત્રીની વ્રત કથા.

સૂતે કહ્યું, દેવના પણ દેવ મહાદેવ કૈલાસ પર્વત પર બેઠા હતા. જેનો શ્યામ કંઠ અતિ શોભતો હતો, શરીરમાં ભસ્મ લગાવી હતી, સર્પ અને રુંઢમાળાથી શોભતા હતા, એવા મહાદેવને પાર્વતી વિનયથી નમ્ર બની પૂછવા લાગ્યાં, હે મહારાજ ! જે ગુપ્ત અને ઉત્તમ વ્રત હોય તે કૃપા કરી મને કહો, હું મોક્ષ આપનાર ઉત્તમ વ્રત સાંભળવા ઈચ્છું છું.

મહાદેવે કહ્યું, હે દેવી ! મોક્ષ આપનાર ઉત્તમ વ્રત હું કહું છું તે સાંભળો. માઘમાસના કૃષ્ણ પક્ષમાં (વદપક્ષ) અમાવાસ્યાના યોગવાળી ચતુર્દશી શીવરાત્રી કહેવાય છે. આ વ્રત અજાણતાં થયું હોય તો પણ મોક્ષની પ્રાપ્તિ થાય છે. જે આ વ્રત કરે છે તે કૈલાસમાં જાય છે.

પાર્વતીએ પૂછયું, હે શંકર ! મનુષ્ય યમલોકનો ત્યાગ કરી શિવલોકમાં કેમ જઈ શકે ? આ વાતને તમે વિસ્તારથી સમજાવો.

મહાદેવે કહ્યું કે, હે દેવી ! પુરાણની પવિત્ર વાર્તા પૂર્વે જે પ્રમાણે થઈ છે, તે સાંભળો. પર્વતની તળેટીમાં એક શરીરે પુષ્ટ, ધનુષ્યને ધારણ કરનાર, સદા શિકાર કરવામાં તત્પર ભીલ રહેતો હતો. એક દિવસ તે શિકારની લાલસાથી આખા જંગલમાં ખૂબ ભટક્યો, સૂર્યાસ્ત થવા આવ્યો, છતાં પણ એકે જાનવર મળ્યું નહિ. છેવટે પારાધી (શિકારી) તળાવ કિનારે જ્યાં પોતાની મેળે મહાદેવનું સ્વયંભૂ લીંગ હતું, તેના પર બિલીનાં પત્રવાળી જગ્યા સાફ કરી બધાં પાંદડાં લીંગ તરફ ફેંકી દીધાં, અને શિકારની રાહમાં રાત્રી પસાર કરવા લાગ્યો. ત્યાં બાજુના



જળાશયમાં ગર્ભિણી મૃગલી જળ પીવા આવી. બિલીવૃક્ષનાં તમામ પાંદડાં તોડી નીચે ઢગલો થવાથી મૃગલી બરાબર દેખાવા લાગી, પારાધીને બાણ ચઢાવી તૈયાર થયેલો જોઇ, દિવ્ય વાણીથી પારાધી પ્રત્યે બોલી.

હે મહા વ્યાધ ! "તું મને શા માટે મારે છે ? તે કહે, તું ધીરો થા, મને મારીશ નહિ."

મૃગલીનાં વચન સાંભળી પારાધી બોલ્યો, "મારા આખા કુટુંબના ભૂખની પીડા દૂર કરવા અને મારી પાસે ધન ન હોવાથી હું તને મારીશ."

સૂતે કહ્યું, "પારાધીએ તોડી નાખેલાં બિલીપત્રો શિવલીંગ ઉપર પડ્યાં તેથી, પહેલા પહોરની પૂજાના પ્રભાવથી, ઉપવાસ અને જાગરણથી પારાધીના ચોથા ભાગનાં પાપ તે વખતે છૂટી ગયાં." અને ધર્મ યુક્ત વચન કહેવા લાગ્યો.

પારાધીએ કહ્યું, "મેં આજ સુધી જાનવરની મનુષ્ય જેવી વાણી સાંભળી નથી. તેથી તારી બધી ઓળખ સાંભળવાની મારી ઈચ્છા છે."

મૃગલીએ કહ્યું, " હે પારાધી ! પૂર્વે હું સ્વર્ગમાં રંભા નામની ઈન્દ્રની અપ્સરા હતી, પણ પાપે કરીને ઈન્દ્રના શ્રાપથી મને મૃગલીનો અવતાર મળ્યો. આ શ્રાપનાં બાર વર્ષ પછી મહાદેવની પાસે કોઈ પારાધી બેઠો હશે ત્યારે તને પૂર્વ જન્મ યાદ આવશે. માટે હે પારાધી ! તારી પાસે મનુષ્ય વાણીથી બોલું છું. હું તદ્દન દુબળી હોવાથી તારા કુટુંબનું પોષણ થશે નહિ, માટે મને મારવી યોગ્ય નથી. તારી પાસે બીજાં પણ મૃગ અને મૃગલી આવશે. મારા જન્મેલાં બચ્ચાંને મારા સંબંધી પાસે રાખી હું પણ તારી પાસે આવીશ, આ સત્ય માનજે." આ પ્રકારનાં વચનો સાંભળી પારાધીએ મૃગલીને છોડી દીધી. આમ સમગ્ર રાત્રી દરમ્યાન બિલીનાં પત્ર નીચે શિવલીંગ ઉપર પારાધી ફેંકતો ગયો અને મૃગ અને મૃગલી આવતાં ગયાં, તેમની મનુષ્ય વાચા સાંભળી

જાગરણ અને ઉપવાસના પ્રભાવથી વિશ્વાસ પૂર્વક પાછા આવવાની શરતે મૃગોને મુક્ત કર્યાં, પછી પરોઢીયું થયું, કે બિલીપત્ર તોડી નીચે ફેંકતાં, 'શિવ - શિવ' એ પ્રકારનો શબ્દ બોલી પોતાને સ્થાને બેઠો, જાગરણ, ઉપવાસ અને શિવપૂજનના પ્રભાવથી ભોજન પ્રત્યે નીરાશ થઈ ચારે તરફ જોવા લાગ્યો. ત્યાં સત્ય વચનને અનુસરવા મૃગ અને મૃગલીઓ પારાધી તરફ આવવા લાગ્યાં, અને કહેવા લાગ્યાં, ''અમને બધાને મારી તમે તમારા પરિવારની ભૂખ શાન્ત કરો.''

મૃગોનાં આ વચન સાંભળી પારાધીને પોતાના જીવન પ્રત્યે ધિક્કાર થયો. અને પશ્ચાતાપ કરી કહેવા લાગ્યો, હે મૃગ ! 'તમો સહુ સુખેથી તમારે ઘેર જાઓ' આમ કહી પારાધીએ ધનુષ અને બાણ ભાંગી નાખ્યાં, પછી મૃગની પ્રદક્ષિણા કરી, ક્ષમા માગી. એ વખતે સ્વર્ગમાં દેવોનાં નગારાં વાગ્યાં, સુંદર પુષ્પ વૃષ્ટિ થઈ અને દેવદૂત મનોહર વિમાન લઈ હાજર થયો, અને કહેવા લાગ્યો, હે પારાધી ! સર્વ પ્રાણીઓને ક્ષમા કરનાર, આ વિમાનમાં બેસી મનુષ્ય દેહથી જ સ્વર્ગમાં જા. તેં અજ્ઞાનથી પણ શિવરાત્રીને દિવસે ઉપવાસ કર્યો, રાત્રે જાગરણ કર્યું, અને દરેક પહોરે બિલિપત્રથી શિવપૂજન કર્યું છે. તેના પ્રભાવથી તારૂં સઘળું પાપ નષ્ટ થયું છે. માટે વિમાનમાં બેસી તું શિવની પાસે જા. હે મૃગ ! તું પણ તારી ત્રણે સ્ત્રીઓની તથા પુત્રી પુત્રોની સાથે નક્ષત્ર લોકમાં જા. એ સ્થાન તારાં ''મૃગશિર્ષ'' નામથી નક્ષત્રરૂપે જગતમાં પ્રસિધ્ધ થશે. એવાં વચનો સાંભળી પારાધી તથા મૃગલાં, વિમાનમાં બેસી નક્ષત્ર લોકને પામ્યાં, આ ઉત્તમ મૃગશિર્ષ નક્ષત્રનાં પ્રભુ ભક્તોએ અવશ્ય દર્શન કરવાં, આ મોક્ષદાયક શિવરાત્રીનું વ્રત ઉત્તમ ગણાયું છે. આ વ્રત કરવાથી હજાર અશ્વમેઘ યજ્ઞોનું અને સો વાજપેય યજ્ઞોનું ફળ મળે છે.

આવી રીતે શિવલિંગ પુરાણમાં શંકર પાર્વતીના સંવાદમાં શિવરાત્રીની કથા કહેલી છે.



કાર્તિક સ્વામીના પૂછવાથી મહાદેવે કહ્યું, હે કાર્તિકેય ! લોકોના કલ્યાણ માટે શિવરાત્રીના વ્રતનું ઉદ્યાપન સાવધાન થઈ સાંભળો.

ત્રયોદશીને દિવસે એક વખત જમવું, અને ચૌદશને દિવસે ઉપવાસ કરવો. પછી મંડપ રચી, તેમાં સર્વતોભદ્રમંડલ પૂરવું, પછી પવિત્ર બ્રાહ્મણ દ્વારા મંત્ર ભણી પૂજાનો આરંભ કરવો. કોઈપણ ધાતુના અથવા માટીના સુંદર ઘડાની સ્થાપના કરવી, અને પોતાની શક્તિ પ્રમાણે કોઈપણ ધાતુની બળદ પર બેઠેલા શિવ પાર્વતીની મૂર્તિ કળશ પર સ્થાપન કરી, સુંદર અલંકાર ધરાવી પૂજા કરવી. પછી પુરાણ સાંભળી મહિમ્ન સ્તોત્રનો પાઠ કરી રાત્રે જાગરણ કરવું.

પ્રાતઃકાળે સ્નાનાદિક ક્રિયા વડે પવિત્ર થઈ, પવિત્ર બ્રાહ્મણ દ્વારા શંકર પાર્વતીની પ્રિત્યર્થે મંત્ર દ્વારા જવ, તલ, ચોખાથી હોમ કરવો. અજૈત્યાત, અહીર્બુધ્ન્ય, ભવ, શર્વ, ઉમાપતી, રૂદ્ર, પશુપતિ, શંભુ, વરદ, શિવ, ઈશ્વર, મહાદેવ, હર અને ભીમ એ ચૌદ નામો વડે બિલીપત્રથી હોમ કરવો. અને એજ ચૌદ નામો વડે કુંભદાન કરવું, પછી વસ્ત્રાદિક વડે બ્રાહ્મણની પૂજા કરવી, પૂજામાં રાખેલી મૂર્તિ મંત્ર બોલી દાન કરવી, અને શક્તિ પ્રમાણે દાન આપી, યજ્ઞ કરાવનાર બ્રાહ્મણને જમાડી તૃપ્ત કરી, યોગ્ય દક્ષિણા આપવી, શિવ ચૌદશ નિમિત્તે જો યજમાને પોતાની શક્તિ પ્રાબલ્યે કરીને ચૌદ બ્રાહ્મણોને ઉદ્યાપન નિમિત્તે આમંત્રિત કર્યા હોય તો તેમને જળથી ભરેલા ચૌદ ત્રાંબાંના ઘડા, જનોઈ, વસ્ત્રાદિકનું દાન કરવું, યોગ્ય દક્ષીણા આપી, જમાડી, તૃપ્ત કરવા. પછી દરેક ભૂદેવોને પ્રણામ કરી વિદાય આપવી. ત્યાર પછી સગા સંબંધી સાથે ભોજન કરવું.

આવી રીતે સ્કંદ પુરાણમાં કાલોત્તરમાં શિવરાત્રી વ્રતનું ઉદ્યાપન કહેલું છે.

## રામનવમી વ્રત કથા.

અગસ્ત્યે કહ્યું, હે મુનિશ્રેષ્ઠ સુતીક્ષ્ણ ! એક રહસ્ય કથા સાંભળો, ચૈત્ર સુદ નવમી દિને પરમાત્મા રામ પૂર્ણકલા સાથે પુનર્વસુ નક્ષત્ર યોગે, પાંચગ્રહો ઉચ્ચ સ્થાને હતા, મેષનો સૂર્ય હતો, કર્ક લગ્ન હતું, તે સમયે કૌશલ્યા માતાની કુક્ષીએ મધ્યાહ્ને મર્યાદા પુરૂષોત્તમ શ્રીરામ પ્રગટ થયા. તે દિવસે ઉપવાસ કરી વ્રત કરવું, મોક્ષ અપાવનાર આ વ્રત કરનાર ગમે તેવો પાપી પણ પાપથી મુક્ત થાય છે. આ દિવસે ભોજન કરનાર કુંભીપાક નરકમાં પડે છે. આ વ્રત ન કરનારને અન્ય કોઇ વ્રતનું ફળ મળતું નથી, આ દિવસે વિધિ સહિત વ્રત ઉપવાસ કરનાર પાપથી મુક્ત થાય છે.

આ પવિત્ર દિવસે શ્રી રામચંદ્રનું સ્મરણ કરતાં સંકલ્પ કરવો કે, હું આઠ પહોર સુધી ઉપવાસ, યથાવિધિ પૂજા, સુવર્ણ, રૂપું અથવા પંચધાતુની નાની (અષ્ટાંગુલ) એવી શ્રીરામ ભગવાનની મૂર્તિ ભગવાનની પ્રસન્નતા માટે હું રામ ભક્તને આપીશ. પછી વેદી ઉપર સર્વતોભદ્ર મંડળ ચીતરી શુધ્ધ જળ ભરેલ તામ્રઘડો મુકવો, પછી શ્રીરામની ચિત્રપ્રતિમા અથવા ધાતુની મૂર્તિ પણ મુકવી અને પંચામૃત, અક્ષત, ચંદન, કુંકુમ, પુષ્પાદિક ઉપચારોથી વિધિ પૂર્વક પૂજા કરવી, પછી યજ્ઞકુંડમાં ઘી, ખીર, જવ, તલ, ચંદન, પુષ્પ, અક્ષત, ફળ વગેરે હોમાત્મક ઉપચારો વડે આહુતિ આપવી, અને શ્રીરામનું સ્મરણ કરી, બોલાવેલ પવિત્ર બ્રાહ્મણને પૂજામાં સ્થાપિત કરેલી મૂર્તિ આપવી, ઉપરાંત દાન દક્ષિણા આપી, શક્તિ પ્રમાણે વસ્ત્રાદિકથી પવિત્ર બ્રાહ્મણની પૂજા કરવી.

સુતીક્ષ્ણના પૂછવાથી ગુરૂ અગસ્ત્ય મુનિ બોલ્યા કે, હે મહાભાગ ! દરિદ્ર લોકોએ પણ પોતાની શક્તિ પ્રમાણે ઉપર બતાવેલ વિધિના ચોથા ભાગની વિધિથી પણ લોભ રહિત આ રામનવમીનું



અતિ પવિત્ર વ્રત આદર થકી કરવું, જે પુરૂષ ભક્તિથી વ્રત કરે છે તે સર્વ પાપથી મુક્ત થાય છે.

સુતીક્ષ્ણના પૂછવાથી મહામુનિ અગસ્ત્ય બોલ્યા, જે ઉત્તમ રામમંત્ર છે તે સ્કંદપુરાણના મોક્ષકાંડમાં આવેલી રૂદ્રગીતામાં શ્રીરામ પ્રત્યે રૂદ્રનું આ વાક્ય છે કે, મણિકર્ણિકાની પાસે અર્ધોદકમાં રહેતા મરવાની ઈચ્છા વાળા પુરૂષને હું આપના કહેવાથી તારક મંત્રનો ઉપદેશ કરૂં છું. '' શ્રીરામ રામ રામ '' આ તારક મંત્ર કહેવાય છે, માટે શ્રીરામની પૂજા મૂળમંત્ર એટલે કે તારક મંત્ર વડે જ અવશ્ય કરવી.

આવી રીતે મૌન ધારણ કરી રામનવમીનું વ્રત કરવાથી બાર વર્ષનું પાપ નષ્ટ થાય છે, અને સંસારમાં ફરી આવવું પડતું નથી, જે પુરૂષ રામમંત્ર ન જાણતો હોય તેણે સાવધાનીથી રામનું સ્મરણ કરી ઉપવાસ કરવો. જેને મોક્ષની ઈચ્છા હોય તેમણે નિરંતર આ વ્રત કરવું. જેથી સર્વ પાપ દૂર થઈ સનાતન બ્રહ્મધામની પ્રાપ્તિ થાય છે.

આવી રીતે સ્કંદપુરાણમાં અગસ્ત્ય સંહિતામાં રામનવમી વ્રત કથા કહેલી છે.

શ્રીરામ રામેતિ રામેતિ રમે રામે મનોરમે ।
સહસ્રનામ તત્ તુલ્યમ્ રામ નામ વરાનને ॥

## નૃસિંહ ચતુર્દશી વ્રત કથા.

સૂત પુરાણી કહે છે, હિરણ્યકશિપુને હણ્યા પછી કોપ શાન્ત થયો છે જેનો એવા, નૃસિંહજીની પાસે જ્ઞાનીમાં શ્રેષ્ઠ એવા પ્રહ્લાદજી જઈને પ્રિય વચન કહેવા લાગ્યા.

પ્રહ્લાદે પૂછયું, હે ભગવન્ ! નૃસિંહરૂપ ધરનાર આપને હું પ્રણામ કરૂં છું. હું આપને શા કારણથી પ્રિય થયો એ કહેવા આપ કૃપા કરો.

નૃસિંહ ભગવાને કહ્યું, હે વત્સ ! પ્રીતિ થવાનું કારણ તું એક ધ્યાને સાંભળ, પૂર્વે તું બ્રાહ્મણ હતો, કંઇ ભણ્યો ન હતો, તું વેશ્યામાં આસક્ત હતો તેથી તારાથી પુણ્ય કર્મ થઇ શક્યું નહિ. તેં મદ્યપાન કર્યું, સુવર્ણ ચોરી કરી, આમ ઘણાંક એવાં પાપ કર્મ કરેલ હતાં, એક દિવસ અજાણતાં ઘરમાં કંકાસ થવાથી તું જમ્યો પણ નહીં, અને નિદ્રા નહિ આવવાથી જાગરણ થયું, આ દિવસ વ્રતનો હોવાથી તને આ જન્મમાં મારી ભક્તિ પ્રાપ્ત થઇ છે.

પૂર્વે સૃષ્ટિ ઉત્પન્ન કરવા બ્રહ્માએ મારૂં સર્વોત્તમ વ્રત કર્યું હતું, ત્રિપુરાસુરના વધ માટે મહાદેવે પણ આ વ્રત કરેલ હતું, હે પુત્ર ! આ પ્રકારનું મારૂં વ્રત ત્રણે લોકમાં પ્રસિધ્ધ છે. તારા આ વ્રતથી મારામાં તારી અત્યુત્તમ ભક્તિ થઇ, જે માણસો નિયમથી આ વ્રત કરશે, તેઓને સેંકડો કલ્પ પછી પણ જન્મ મરણના ફેરામાં આવવું પડશે નહીં. જે મારા ભક્તો આ વ્રત પુત્રની ઇચ્છાથી કરશે તેઓને તેજસ્વી પુત્રો થશે. ધનની ઇચ્છાથી કરશે તેને લક્ષ્મી પ્રાપ્ત થશે, રાજ્યની ઇચ્છાથી ઉત્તમ રાજ્ય મળશે, જે સ્ત્રીઓ આ વ્રત કરે છે તેમને પુત્ર થાય છે. તેમને અખંડ સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. રાણીના જેવું મોટું સુખ પ્રાપ્ત થાય છે. સ્ત્રીઓ અથવા પુરૂષો જે કોઇ આ ઉત્તમ વ્રત કરે છે તેઓને મોક્ષ તથા ભોગનું વિપુલ સુખ આપું છું. મારા વ્રતનો મહિમા વર્ણવા મહાદેવ પણ સમર્થ નથી.

પ્રહ્લાદ કહે છે, હે ભગવન્ ! આ વ્રતનો વિધિ આપ વિસ્તારથી કહો, જેથી પૂર્ણ ફળ મળે.

ભગવાન નૃસિંહ બોલ્યા, હે મહાભાગ ! તું હવે સાવધાન થઇ સાંભળ, આ વ્રત વૈશાખ સુદ ચૌદશને દિવસે સ્વાતિ નક્ષત્રનો યોગ, શનિવારનો યોગ, સિધ્ધિયોગ અને વણિજકરણનો યોગ બહુ ભાગ્યે જ આવે છે. જો આ સઘળો યોગ હોય તો બ્રહ્મહત્યાના પાપને દૂર કરે છે, જો કોઇપણ એક યોગ હોય તોપણ ઉત્તમ છે. આ વ્રતના પ્રભાવથી



દુષ્ટ પુરૂષોને પણ મારામાં ભક્તિ થાય છે.

આ વ્રતને દિવસે સ્નાનાદિક ક્રિયા કરી, પવિત્ર થઇ, પૂર્ણ ફળની જેને ઇચ્છા હોય તેણે પાપીનો સહવાસ કરવો નહીં, ખોટું બોલવું નહીં, આ દિવસે મારા રૂપનું સ્મરણ કરવું, આ વ્રતના દિવસે મધ્યાહ્ન વખતે વિધિપૂર્વક તલ અને છાણ મિશ્રિત જળ વડે સ્નાન કરવું, પવિત્ર વસ્ત્ર પહેરી નિત્ય કર્મ કરવું, પછી પવિત્ર બ્રાહ્મણને બોલાવી, પોતાની શક્તિ પ્રમાણે મૂર્તિ બનાવી ષોડશોપચારે પૂજન કરવું, પૂજા સામગ્રી અગાઉની વ્રત વિધિમાં બતાવ્યા પ્રમાણે પોતાની શક્તિ સામર્થ્યે કરીને હાજર રાખવી, પૂજા વિધિ બાદ બે હાથ જોડી પ્રાર્થના કરવી, હે નૃસિંહ ! હે મહાબાહો ! આપને તેજોમય દીવો આપું છું, મારા અજ્ઞાનનો નાશ કરો. મારાં સર્વ પાપોનો ક્ષય કરો. હે અચ્યુત ! હે દેવેશ ! હે નૃસિંહ ! આ અર્ઘ્ય આપવાથી મારા મનોરથ સફળ થાઓ. હે પ્રહ્લાદના ભયને દૂર કરનાર ! મારો ભય દૂર કરો. આ પ્રમાણે પ્રાર્થના કરવી, રાત્રે જાગરણ કરવું, કથા સાંભળવી, કીર્તન ગાવવાં.

બીજે દિવસે પ્રાતઃકાળમાં સ્નાનાદિકથી પરવારી પવિત્ર બ્રાહ્મણ દ્વારા ઉત્થાપન વિધિ કરાવી, યથાયોગ્ય વસ્ત્રાદિક આદિ દક્ષિણા આપી, ભોજનથી તૃપ્ત કરી પ્રણામ કરવા, ત્યારબાદ સગાસંબંધીએ ભોજન કરવું. પાપનો નાશ કરનાર આ વ્રતને ભક્તિથી સાંભળે છે, પાઠ કરે છે, તેની સર્વ કામના પૂર્ણ થાય છે. અને આ વ્રતનું ફળ મળે છે.

આ પ્રમાણે હેમાદ્રિમાં નૃસિંહપુરાણમાંથી નૃસિંહચતુર્દશીનું વ્રત તથા કથા કહેવામાં આવી છે.

નૃસિંહ ભગવાન પ્રસન્નોઽસ્તુ.

## જન્માષ્ટમી વ્રત કથા.

મહાભારતનું યુધ્ધ પૂર્ણ થયા પછી, યુધિષ્ઠિરે જન્માષ્ટમી વ્રત કથા સાંભળવા ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે ઇચ્છા વ્યક્ત કરી.

શ્રીકૃષ્ણે કહ્યું, હે યુધિષ્ઠિર ! આ વ્રતની ઉત્પત્તિ તથા પ્રકાર હવે ધ્યાનથી સાંભળો, એક વખત દૈત્યોના ભારથી પીડાતી પૃથ્વી બ્રહ્માને શરણે ગઇ, બ્રહ્મા સઘળા દેવો સાથે શ્વેતદ્વીપમાં આવી મારી સ્તુતિ કરવા લાગ્યા, ત્યારે સ્તુતિ ભક્તિથી પ્રસન્ન થઇ મેં બ્રહ્માને કહ્યું, કે- પૂર્વે વસુદેવ અને દેવકીજી મોટું તપ કરી મારી ભક્તિ કરતાં હતાં, મારી પ્રસન્નતાથી તેમણે મારા જેવો પુત્ર થાય તેવું વરદાન માગ્યું, અને મેં પ્રસન્ન ચિત્તથી તથાસ્તુ એમ કહ્યું, તેમની કામના પૂર્ણ કરવા માટે તેઓને ત્યાં જન્મ લઇશ. સઘળી દેવાંગનાઓ પોતપોતાના અંશથી વ્રજમાં જન્મ લેવો, યોગમાયાએ નંદજીને ઘેર જન્મ લેવો. એ જ યોગમાયાએ દેવકીજીના ઉદરમાંથી શેષરૂપી રહેલા ગર્ભને ખેંચી રોહિણીના ઉદરમાં લઇ જવો. આમ મારા અંતર્ધાન થયા પછી દેવો તથા બ્રહ્મા પૃથ્વીને આશ્વાસન આપી પોતાના સ્થાને ગયા.

પછી હે યુધિષ્ઠિર ! કંસે વસુદેવની સાથે કેદખાનામાં રહેલાં દેવકીના છ પુત્રોને મારી નાખ્યા, ત્યારે પોતાના તેજથી દેવકીના ગર્ભમાં પ્રવેશ કર્યો. અને શ્રાવણવદિ આઠમના રોહિણી નક્ષત્રમાં સઘળા ગ્રહોના શુભ સ્થાનમાં મેં અવતાર ધારણ કર્યો. અને મારા માતા પિતાને તેજોમય એવું ચતુર્ભુજરૂપે દર્શન આપ્યું, પછી મારા પિતા વસુદેવની પ્રાર્થનાથી મેં બાળકરૂપ ધારણ કર્યું, મને ગોકુળમાં લઇ જાઓ, એમ મેં વસુદેવજીને કહ્યું, વસુદેવ સત્વરે નંદબાવાને ત્યાં લઇ જવા ગોકુળ તરફ ચાલ્યા, કેદખાનાના બંધ દરવાજા મારા પ્રભાવથી આપોઆપ ઉઘડી ગયા, અને યમુના પાર કરી ગોકુળમાં જઇ યશોદાના બીછાનામાં મને મૂકી અને તેમાં રહેલી કન્યાને લઇ પાછા મથુરામાં પોતાને સ્થાને આવ્યા, અને કન્યાને દેવકીની શય્યામાં મૂકી. દરવાજા આપો આપ



બંધ થયા, ત્યાર પછી કન્યાના રડવાથી ચોકીદારોએ કંસને સમાચાર આપ્યા, કંસે આવી રૂદન કરતી બહેનનો અનાદર કરી, કન્યાને પકડી શિલા પર પછાડી, તે વખતે કન્યા (યોગમાયા) હાથમાંથી છટકી આકાશમાર્ગે જઇને બોલી, “હે મૂઢ ! રે કંસ ! તારો શત્રુ તો અન્ય સ્થળે જન્મી ચૂક્યો છે.” આ સાંભળી ક્રોધે ભરાયેલા કંસે આસપાસના ગામોમાં જન્મ પામેલાં બાળકોને મરાવી નાખ્યાં, પૂતના ગોકુળમાં આવી પણ મેં તેના પ્રાણ ચૂસી લીધા, ત્યારબાદ બકાસુર, ધેનુકાસુર, કેશી વિગેરે અનેક દૈત્યો આવ્યા, મથુરામાં કુવલ્યાપીડ હાથી, ચાણુર આદિક મલ્લો અને અંતે કંસને મારીને મેં મારા સગા સંબંધીને પ્રસન્ન કર્યા. અને સઘળા લોકોએ મારી સ્તુતિ કરી, તે લોકોએ જે વ્રત કર્યું તે સાંભળો.

જન્માષ્ટમીને દિવસે પવિત્ર જળમાં સ્નાન કરી નિત્ય કર્મ કરવું, પૂજા સામગ્રી તૈયાર કરી ફળ, પુષ્પ સહિત દ્વાદશાક્ષર મંત્ર ભણી ચંદન સહિત મારી મૂર્તિની પૂજા કરવી, કોઇ પ્રકારની મૂર્તિ ચાલે. ચિત્ર પ્રતિમા પણ ચાલે. રાત્રીમાં જાગરણ કરવું, કીર્તન ગાવવાં, સ્તોત્રનો પાઠ કરવો, કથા સાંભળવી, બીજે દિવસે બ્રાહ્મણને જમાડી પારણું કરવું.

હે યુધિષ્ઠિર ! આવી રીતે ઉત્તમ વ્રત કરવાથી સર્વ કામના પુરી થાય છે અને અંતે ઉત્તમ લોકની પ્રાપ્તિ થાય છે. તત્ત્વજ્ઞાની મુનિઓએ પણ આ વ્રત વિધિપૂર્વક કરવું. હે રાજન્ ! જે વ્રત સર્વ વ્રતોમાં ઉત્તમ છે, અને મારી પ્રસન્નતા આપનાર છે. આવી રીતે ભવિષ્ય પુરાણમાં જન્માષ્ટમીની કથા કહેલી છે.

વામે યસ્ય સ્થિતા રાધા, શ્રીશ્ચ યસ્યાસ્તિ વક્ષસિ ।
વૃંદાવનવિહારં તં, શ્રીકૃષ્ણં હૃદિ ચિન્તયે ॥
શ્રીબાલકૃષ્ણ પ્રસન્નોસ્તુ.

## વામન જયંતી વ્રત કથા.

શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર પ્રત્યે બોલ્યા, ત્રણે લોકમાં કાંટાની પેઠે ખટકતા બલિરાજાને હું જાણું છું. તેના ગુણોનું વર્ણન કરી શકે તેવો કોઇ પૃથ્વીતલમાં નથી, પણ જ્યારે તેના તપનો અંત આવશે ત્યારે સ્વર્ગનું રાજ્ય તેની પાસેથી લઇ હું દેવોને આપીશ, પૂર્વે પુત્રની ઇચ્છાથી અદિતિએ મોટું તપ કર્યું હતું. માટે તેનો મનોરથ પૂર્ણ કરવા તેમના ઉદરથી પ્રકટ થઇ તમારૂં કાર્ય સિધ્ધ કરીશ.

કેટલાક સમય પછી અદિતિને ત્યાં નારાયણ વામનરૂપે પ્રગટ થયા, પગ તથા શરીર નાનાં હતાં, પીંડી અને ડોક પણ નાની હતી, માથું મોટું, હાથ, પગ, પેટ પાતળા હતા, જાતકર્મ વગેરે સંસ્કારો કશ્યપઋષિએ બ્રહ્માને સાથે રાખી કર્યા. પછી જેણે મેખલા બાંધી હતી, દંડ ધારણ કરેલો હતો, જટા, યજ્ઞોપવિત, દર્ભ અને મૃગચર્મ ધારણ કરેલ હતાં, હાથમાં કમંડલ ધારણ કરી વામન પ્રભુ બલિરાજાના મહાયજ્ઞમાં પધાર્યા, બલિરાજા પ્રત્યે વામન બોલ્યા, 'હે યજમાન ! હું વિદ્યાર્થી છું, તમારી પાસે યાચના કરૂં છું મને ત્રણ પગલાં પૃથ્વી આપો.' બલિએ સંકલ્પ કરતાં વામને વિરાટ સ્વરૂપ ધારણ કર્યું, અને ત્રણ પગલાંમાં સર્વ લોક માપી ને વામન ભગવાને બલિને કહ્યું, હે દૈત્યરાજ ! તું પરિવાર સહિત પાતાળમાં જા, હું તારી રક્ષા કરીશ.

હાલમાં ઇંદ્રનો સમય જ્યારે પુરો થશે ત્યારે તું જ ઈન્દ્ર થઈશ ! પછી પ્રણામ કરી બલિરાજા પાતાળમાં ગયા. અને દેવો પણ વામનની પૂજા કરી પોતપોતાને સ્થાને ગયા.

શ્રવણ નક્ષત્રના યોગવાળી દ્વાદશીને દિવસે વામન અવતાર કહેલો છે. આવો જો શ્રવણ નક્ષત્રનો યોગ એકાદશીનો હોય તો તેજ દિવસે વામન દ્વાદશી લેવી, પણ શ્રવણ યોગ જો બારસને દિવસે જ હોય તો તે દિવસે મધ્યાહ્ને દ્વાદશી લઇ શકાય, આમ નિર્ણય સિંધુમાં કહેલું છે.



હે યુધિષ્ઠિર ! આ તિથિ નારાયણને સર્વ પ્રકારે પ્રિય છે. તેથી વામન જયંતિને દિવસે ઉપવાસ કરવો, પોતાની શક્તિ પ્રમાણે પાત્ર કરાવવું અને વામનની મૂર્તિ કરાવવી, અને કરાવેલ પાત્રમાં તલ ભરવા અને તે પાત્ર નવા વસ્ત્રથી ઢાંકી દેવું. અને પુષ્પો વડે વામનની પૂજા કરવી, લાડુ, ગોળ, ચોખા વિગેરે નૈવેદ્ય તૈયાર કરવાં અને મંત્ર ભણી શ્રધ્ધાથી પૂજા કરાવવી.

બારસને દિવસે ભક્તિથી પવિત્ર બ્રાહ્મણની પૂજા કરવી. પછી દેવતર્પણ, પિતૃતર્પણ કરી વિધિથી વામન ભગવાનની પૂજા કરવી, રાત્રે જાગરણ કરવું, તલ, ભાત, ફળ અને સમિધોથી એકસોઆઠ આહૂતિથી હોમ કરવો. ત્યારપછી બ્રાહ્મણને જમાડી યોગ્ય દક્ષિણા આપી પછી પોતે જમવું.

જે માણસ આ વ્રત કરે છે, તે હાથી, ઘોડા, રથ સહિત સમૃધ્ધિ મેળવે છે. પાપ રહિત અને નીતિવાળો થાય છે. તેના પુત્ર પૌત્રનો પરિવાર વૃધ્ધિ પામે છે. પૂર્વે ઇન્દ્ર, અગ્નિ અને વાયુદેવે તેમજ સગર, કકુસ્થ, ગાધિ વગેરે કેટલાક રાજાઓએ આ વ્રત કરેલ છે. માટે આવું દ્વાદશીનું ઉત્તમ વ્રત તમને કહી સંભળાવ્યું.

આવી રીતે હેમાદ્રિમાં તથા ભવિષ્યોત્તર પુરાણમાં વામન દ્વાદશીની કથા કહેલી છે.

### વામન ભગવાન પ્રસન્નોડસ્તુ ॥

એકાદશીની ઉત્પત્તિ અને મહાત્મ્ય

શ્રીસ્વામિનારાયણાય નમઃ

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

વચનામૃત મધ્ય પ્ર. ના ૮ મા માં શ્રીજીમહારાજ કહે છે જે, અમારા આશ્રિત ત્યાગી સંતો, ગૃહસ્થ ભક્તો ભાઈયો બહેનોએ સર્વે તેમણે એકાદશીનું વ્રત અવશ્ય કરવું. તે દિવસે દશે ઈન્દ્રિયો અને અગિયારમું મન એમ અગિયારે ઈન્દ્રિયોના આહાર વ્રતને દિવસે કરવા નહિ કારણ કે, સર્વે પાપે અન્નને આસરીને રહે છે. એકાદશીને દિવસે જો કોઈ અન્નનો આહાર કરે ? તો તે અન્નને આસરીને રહેલાં સર્વે પાપ અન્ન ખાનારમાં પ્રવેશ કરે છે.